


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 04 SEPTEMBER 2026 Vol. 24, No. 35 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# યુદ્ધનો વ્યાપ : હોર્મુઝમાં અમેરિકાએ ૮૬ જહાજ રોક્યા

## હોર્મુઝસ્ટ્રેટમાં ઈરાન સામેની નાકાબંધીને સખત રીતે લાગુ કરવા યુએસ નેવીની કવાયત



**વોશિંગ્ટન**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે વધુ ભયાનક રૂપ ધારણ કરી રહ્યો છે. એક તરફ હોર્મુઝ સ્ટ્રેટ માં અમેરિકન સેનાએ ઈરાન સામે કડક નાકેબંધી શરૂ કરી દીધી છે, તો બીજી તરફ યમનમાં ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ ૧૦ બેલિસ્ટિક મિસાઈલો છોડીને ખળભળાટ મચાવી દીધો છે. આ ઘટનાક્રમથી હોમુંઝથી લઈને યમન સુધી યુદ્ધનો ભય ચરમસીમાએ પહોંચ્યો છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ ના જણાવ્યા અનુસાર, યુએસ નેવી હોર્મુઝસ્ટ્રેટમાં ઈરાન સામેની નાકાબંધીને અત્યંત સખત રીતે લાગુ કરી રહી છે. ૨ સપ્ટ-`મ્બર સુધીમાં કાયદા અને નિયમોનું પાલન કરાવવા માટે અમેરિકન સેનાએ ૮૬ કમર્શિયલ જહાજોના માર્ગ બદલ્યા છે. આ સિવાય ૩ જહાજને નિષ્ક્રિય કરવામાં આવ્યા છે અને ૨ જહાજો પર સવાર થઈને તપાસ હાથ ધરવામાં આવી છે.અમેરિકાની કાર્યવાહી વચ્ચે યમનમાં ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ અચાનક ૧૦ બેલિસ્ટિક મિસાઈલો દાગીને તંગદિલી વધારી દીધી છે. યમનની સરકારી સેનાના જણાવ્યા અનુસાર, આ મિસાઈલો પશ્ચિમ યમનના વિસ્તારોને લક્ષ્ય બનાવીને લોન્ચ કરવામાં આવી હતી. મુખ્યત્વે તાઈઝ પ્રાંતના મોખા શહેર અને હોદેઈદાહ પ્રાંતના અલ-ખોખા જિલ્લા પર આ હુમલા કરાયા હતા.યમનના સ્થાનિક સૂત્રો અનુસાર, મોટ-વભાગની મિસાઈલો મોખા શહેર તરફ દાગવામાં આવી હતી, જ્યાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી હૂતીઓ દ્વારા સતત ડ્રોન હુમલા પણ થઈ રહ્યા છે. મિસાઈલ હુમલાની સાથે જ યમનમાં હૂતીઓ અને સરકારી દળો વચ્ચે જમીની લડાઈ પણ હિંસક બની છે. તાઈઝના અલ-કદહા-અલ-બરાહ વિસ્તારમાં હૂતી લડવૈયાઓએ જમીની આક્રમણ કર્યું હતું, પરંતુ સરકારી સેનાએ વળતો પ્રહાર કરીને તેમને ૫ છળ હટવા મજબૂર કર્યા હતા.એક તરફ હોમુંઝ સ્ટ્રેટમાં અમેરિકન નેવી જહાજોની અવરજવર પર ચાંપતી નજર રાખીને કાર્યવાહી કરી રહી છે, અને બીજી તરફ યમનમાં હૂતી બળવાખોરોના મિસાઈલ તથા જમીની હુમલા વધી રહ્યા છે. આ બંને ઘટનાક્રમોને કારણે સમગ્ર પશ્ચિમ એશિયામાં ગંભીર પરિસ્થિતિ નિર્માણ થઈ છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતામાં મોટો વધારો થયો છે.

# અમેરિકામાં ટ્રિપલ વાવાઝોડાનો ખતરો દરિયાકાંઠાના વિસ્તારોમાં હાઈ એલર્ટ

ન્યૂયોર્ક : દક્ષિણ અમેરિકા અને પેસિફિક મહાસાગરમાં હવામાનનું ચિત્ર અત્યંત ચિંતાજનક બન્યું છે, જ્યાં એકસાથે શક્તિશાળી વાવાઝોડા સક્રિય થઈને દરિયાકાંઠાના વિસ્તારો માટે ગંભીર ખતરો બની રહ્યા છે. મેક્સિકોના અખાતમાં સર્જાયેલું ઉષ્ણકટિબંધીય તોફાન 'એડુઅર્ડ' ટેક્સાસ અને લ્યુઈસિયાના તરફ અવિરતપણે આગળ વધી રહ્યું છે. સોમવારે રચાયેલા આ તોફાનની પવનની ગતિ આશરે ૬૪ કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ છે અને તે દરિયાકાંઠે ત્રાટકવાની તૈયારીમાં છે.

### દક્ષિણ પૂર્વમાં 112 કિ.મી.ની ઝડપી પવન ફૂંકાયો

બીજી બાજુ, પેસિફિક મહાસાગરમાં પણ ઉષ્ણકટિબંધીય ગતિવિધિઓ ખૂબ જ તીવ્ર બની છે. તોફાન 'લોવેલ' હવાઈથી દક્ષિણપૂર્વમાં સક્રિય છે અને ૧૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે તે વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. જ્યારે બીજી તરફ, તોફાન 'કરીના' પહેલાથી જ અત્યંત ખતરનાક કેટેગરી ૪ વાવાઝોડામાં પરિવર્તિત થઈ ચૂક્યું છે.

# નેપાળ જળતાંડવમાં મૃત્યુઆંકમાં વધારો

# અત્યાર સુધીમાં ૧૨૨૨ મૃતદેહ મળ્યાં

## બચાવ-રાહત કામગીરીને વધુ વેગ આપવા માટે ભારતીય ટનલ રેસ્ક્યુ ટીમ જોડાઈ

**કાઠમાડું**

નેપાળમાં આવેલા વિનાશક પૂર અને જળતાંડવથી સર્જાયેલી ભયાનક સ્થિતિમાં અત્યાર સુધીમાં ૧,૨૨૨થી વધુ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૪,૮૭૫ લોકો હજુ પણ લાપતા હોવાથી સમગ્ર વિસ્તારમાં શોક અને ચિંતાનું વાતાવરણ છવાઈ ગયું છે. આ કુદરતી આપત્તિમાં મૃત્યુઆંક દિવસેને દિવસે વધી રહ્યો છે અને શબગૃહો તથા અસ્થાયી કેન્દ્રો ભરાઈ જવાથી તંત્રએ ક્ષતિગ્રસ્ત અને સડેલા અજ્ઞાત મૃતદેહ દફનાવવાની ફરજ પડી છે.આ મુશ્કેલ સમયમાં ભારત સરકાર દ્વારા નેપાળને સતત માનવતાવાદી સહાય ૫ પૂરી પાડવામાં આવી રહી છે, અત્યાર સુધીમાં ભારતે આશરે ૭૪ ટન રાહત સામગ્રી મોકલી છે અને ૧૬૬ ભારતીય નાગરિકોને સુરક્ષિત બચાવી લીધા છે, જ્યારે તિબેટથી ૪૧૦ ભારતીય પ્રવાસીઓ પણ ચીન થઈને બહાર નીકળી ચૂક્યા છે.બચાવ-રાહત કામગીરીને વધુ વેગ આપવા માટે ભારતીય ટનલ રેસ્ક્યુ ટીમ દ્વારા પોતાનું બેઝ ત્રશૂલથી સ્યા બેસી શિફ્ટ કરવામાં આવ્યું છે, જેથી ચિલિમે ખાતે ચાલી રહેલા ઓપરેશનમાં સમય ઘટી શકે. ટનલની અંદર ભારે કીચડ અને અસંખ્ય અવરોધો હોવા છતાં બચાવ ટીમ નેપાળી સેનાના સહયોગથી અંદર ૧૦૦ મીટર સુધી આગળ વધવામાં સફળ રહી છે અને ભારે સાધનો માટે વૈકલ્પિક રસ્તાઓની પણ તલાશ કરવામાં આવી રહી છે.


## ગ્રેટર હ્યુસ્ટન વિસ્તારમાં વરસાદ

હવામાન વિભાગ દ્વારા ગ્રેટર હ્યુસ્ટન વિસ્તારમાં અંદાજે ૩ થી ૬ ઈંચ અને કેટલાક ઉપરવાસના વિસ્તારોમાં ૯ ઈંચ સુધી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ટૂંકા ગાળામાં થનારા આ ભારે વરસાદને કારણે નીચાણવાળા તેમજ શહેરી વિસ્તારોમાં અચાનક પૂર આવવાનું મોટું જોખમ ઉભું થયું છે. સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને ટેક્સાસના વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક રહેવાસીઓને સાવધ રહેવાની અપીલ કરાઈ છે.









# સેવા ભાવના ભારતીયોના ચરિત્રમાં વણાયેલી છે : મોહન ભાગવત

## હિન્દુ વિશ્વ બંધુ - એમ્બ્રેસ ધ વર્લ્ડ ઇન ફ્રેન્ડશિપ' શીર્ષક ટોરોન્ટોમાં કાર્યક્રમ યોજાયો : ભાગવતે ભારતીયોની વસુધૈવ કુટૂંબકમની ભાવના પર પ્રકાશ પાડ્યો

**ટોરોન્ટો**

ભારતનો ઉદય તે કેટલો શક્તિશાળી બને છે તેનાથી નહીં, પરંતુ તે એકતાપૂર્ણ માનવતામાં કેટલું યોગદાન આપે છે તેના પરથી માપવો જોઈએ. કેનેડાના ટોરોન્ટોમાં ભારતીય સમુદાયને સંબોધતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે સેવા, વિવિધતા અને વૈશ્વિક બંધુત્વના ભારતીય સંસ્કૃતિના વિચાર પર પ્રકાશ પાડ્યો હતો. ‘હિન્દુ વિશ્વ બંધુ - એમ્બ્રેસ ધ વર્લ્ડ ઈન ફ્રેન્ડશિપ’ શીર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે, ‘જો હિન્દુ જાગશે તો જ દુનિયા જાગશે.’ ભારતના ‘ડીએનએ’નો ઉલ્લેખ કરતા તેમણે અન્ય લોકો તરફ મદદનો હાથ લંબાવવાની ભારતની સનાતન પરંપરા પર ભાર મૂક્યો હતો.

ભાગવતે વધુમાં જણાવ્યું કે, ‘ભારતના અભ્યુદયનો અર્થ વધુ સંગઠિત અને મુક્ત માનવતા છે. ભારતને એક સમયે મહાસત્તા કહી શકાતું હતું, પરંતુ તેણે ક્યારેય તેવો દાવો કર્યો નથી. ભારતે હંમેશાં વિશ્વની સેવા કરી છે અને પોતાના ઉચ્ચ ચરિત્રને કારણે તે અગ્રેસર રહ્યું છે.



વિવિધતાને ભારતની એકતાનો અવિભાજ્ય અંગ ગણાવતા તેમણે કહ્યું કે, ‘ભારતમાં ભિન્નતાને અવરોધ તરીકે જોવામાં આવતી નથી. ભારતની પરંપરા લોકોને વિવિધતામાં એકતાના દર્શન શીખવે છે અને વિવિધતા પોતે જ એકતાનું એક સ્વરૂપ છે.’

આ વિચારને “વસુધૈવ કુટુંબકમ્” સાથે જોડતા RSSના વડા મોહન ભાગવતે કહ્યું કે, ‘આખું વિશ્વ એક પરિવાર છે. આ સિદ્ધાંત હેઠળ લોકોએ બાહ્ય ભેદભાવોથી પર થઈને સાર્વત્રિક માનવતાને ઓળખવી જોઈએ. સેવાની ભાવના ભારતીયોના ચરિત્રમાં ઊંડે સુધી વણાયેલી છે. ભારતે ક્યારેય વિશ્વમાં ક્યાંય પણ મદદ કરવાનો ઈનકાર કર્યો નથી અને વિનંતી વગર પણ સહાયનો હાથ લંબાવ્યો છે. ભારતના પૂર્વજોનો ઉદ્દેશ્ય રાજકીય નિયંત્રણ સ્થાપિત કરવાનો નહોતો, પરંતુ જ્ઞાન વહેંચવાનો હતો. આપણા પૂર્વજોએ મેક્સિકોથી સાઈબિરીયા સુધીના વિસ્તારોમાં પ્રવાસ કર્યો હતો. ચીન, સાઈબિરીયા અને મંગોલિયા પહોંચવા માટે પગપાળા હિમાલય ઓળંગ્યો હતો અને નાની હોડીઓમાં દક્ષિણ-પૂર્વ એશિયાની યાત્રા કરી હતી. તેમણે ક્યારેય કોઈ દેશ જીત્યો નથી કે કોઈનું ધર્માંતરણ કરાવ્યું નથી.’ ટોરોન્ટોમાં યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન ‘કેનેડિયન હિન્દુઝ ફોર આઉટરીચ, રિલેશન્સ એન્ડ ડાયલોગ’ (CHORD) દ્વારા કરવામાં આવ્યું હતું. કેનેડાના પૂર્વ સંરક્ષણ મંત્રી અને આલ્બર્ટાના પૂર્વ પ્રીમિયર જેસન કેનીએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે કેનેડા-ભારત સંબંધોમાં નવી ગતિશીલતાનું સ્વાગત કર્યું હતું.

# કેનેડામાં ભારતીય યુવાનોને મોટી રાહત વર્ક પરમિટ માટે હવે ૯૦ દિવસ મળશે

### ભૂતકાળમાં LMIA પ્રક્રિયામાં થતા વિલંબના કારણે વર્ક પરમિટ સમાપ્ત થવાનો અને યુવાનોને રોજગાર ગુમાવવાનો ભય સતત રહેતો હતો

**ટોરોન્ટો**

કેનેડામાં રોજગાર મેળવી રહેલા ભારતીય અને પંજાબી યુવાનો માટે રાહતના સમાચાર આવ્યા છે. કેનેડાના ઈમિગ્રેશન વિભાગે ‘ઈન-કેનેડા વર્ક પરમિટ’ વિસ્તારવાની પ્રક્રિયા હેઠળ મળતો સમયગાળો 60 દિવસથી વધારીને 90 દિવસ કરી દીધો છે. જે યુવાનોનો વર્ક પરમિટ પૂરો થવાના આરે છે અને તેમના એમ્પ્લોયરે તેમના માટે લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA)ની અરજી પહેલાથી જ જમા કરાવી દીધી છે, તેમને હવે વર્ક પરમિટ એક્સટેન્શનની પ્રક્રિયા પૂરી કરવા માટે 30 દિવસનો વધારાનો સમય મળશે.

કેનેડામાં ભણતર પૂરું કર્યા પછી મોટી સંખ્યામાં પંજાબ અને ભારતભરના યુવાનો અસ્થાયી વર્ક પરમિટ પર નોકરી કરી રહ્યા છે. આ ફેરફારથી તેમને સીધો ફાયદો થશે. અનેક યુવાનો પોતાના વર્તમાન માલિક સાથે નોકરી ચાલુ રાખવા માગે છે અને ભવિષ્યમાં સ્થાયી નિવાસ (PR) તરફ આગળ વધી રહ્યા છે. ભૂતકાળમાં LMIA પ્રક્રિયામાં થતા વિલંબના કારણે વર્ક પરમિટ સમાપ્ત થવાનો અને રોજગાર ગુમાવવાનો ભય સતત રહેતો હતો. નવી વ્યવસ્થાથી યુવાનોને મોટો ટેકો મળશે. યુવાનો માટે આ સમયગાળો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કારણ કે, તેમની નોકરીની સાથે ઘરનું ભાડું, પરિવારની આર્થિક જવાબદારીઓ અને કેનેડામાં આગળનું ઈમિગ્રેશન




આયોજન પણ વર્ક પરમિટ પર નિર્ભર હોય છે. જો કે, યુવાનોએ એ બાબતનું ખાસ ધ્યાન રાખવું પડશે કે, આ 90 દિવસની મુદત એ કોઈ નવો વર્ક પરમિટ નથી, પરંતુ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે મળતો વધારાનો સમય છે.

માત્ર LMIA અરજી પેન્ડિંગ હોવાના ભરોસે છેલ્લી ઘડી સુધી રાહ જોવી જોખમી સાબિત થઈ શકે છે. એમ્પ્લોયર દ્વારા સમયસર LMIA અરજી ફાઈલ કરવામાં આવી હોય તે અત્યંત જરૂરી છે. વર્ક પરમિટ પૂર્ણ થવાના આરે હોય, ત્યારે છેલ્લી ક્ષણે કરવામાં આવેલી અરજીના દરેક કેસમાં 90 દિવસની સુવિધા મળવી નિશ્ચિત નથી. તેથી યુવાનોએ અને એમ્પ્લોયરે સમયસર કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવી અનિવાર્ય છે.

# કેનેડાની ડિપ્લોમસી : 32 દેશોના સૈન્ય વડાઓની બંધબારણે મહત્ત્વની બેઠક

**ઓટ્ટાવા**

અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે સરહદ પારના તંગ બનેલા વેપાર સંબંધો અને બીજી તરફ બેઈજિંગ સાથેના સંતુલન સુધારવાના પ્રયાસો વચ્ચે કેનેડા ચાલુ અઠવાડિયે એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સૈન્ય પરિષદનું આયોજન કરી રહ્યું છે. બ્રિટિશ કોલંબિયાના વિક્ટોરિયા ખાતે યોજાઈ રહેલી ૨૮મી વાર્ષિક ‘ઈન્ડો-પેસિફિક ચીફ્સ ઓફ ડિફેન્સ કોન્ફરન્સ’માં યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન સહિત કુલ ૩૨ દેશોના ઉચ્ચ લશ્કરી નેતાઓ એકમંચ પર ઉપસ્થિત રહ્યા છે.

> ટ્રમ્પ તંત્રના અણધાર્યા નિર્ણયો અને ક્ષેત્રીય સુરક્ષા મુદ્દે ગંભીર મંથન, ઈન્ડો-પેસિફિક ડિફેન્સ ફોરમમાં US અને ચીનના લશ્કરી વડાઓ એકમંચ પર આવ્યા

આ હાઈ-પ્રોફાઈલ પરિષદનું સહ-યજમાનપદ કેનેડાના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ જેની કેરિગન અને યુએસ પેસિફિક કમાન્ડના કમાન્ડર એડમિરલ સેમ્યુઅલ પાપારો સંભાળી રહ્યા છે. આ વર્ષની કોન્ફરન્સની મુખ્ય થીમ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં “ગતિશીલ” લેન્ડસ્કેપ વચ્ચે સામૂહિક સુરક્ષાને મજબૂત બનાવવા પર કેન્દ્રિત રાખવામાં આવી છે. આ મહિનાની શરૂઆતમાં જ કેનેડા અને અમેરિકા વચ્ચેના નવા વેપાર કરાર અંગેની વાટાઘાટો પડી ભાંગી હતી, જેના પગલે ઓટ્ટાવા અને વોશિંગ્ટન વચ્ચે ભારે તણાવ સર્જાયો છે. ૨૧ ઓગસ્ટના રોજ વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ વડાપ્રધાન માર્ક કાર્નીએ યુએસ ઉત્પાદનો પર બદલાના ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. દેશના ૭૩ ટકા નાગરિકોએ ટ્રમ્પના ૫૦ ટકા સુધીના ટેરિફ સામે કેનેડા સરકારના $ ૨૮ અબજના “ડોલર ફોર ડોલર” કાઉન્ટર-ટેરિફને ખુલ્લું સમર્થન આપ્યું છે. કાર્લેટન યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય બાબતોના પ્રોફેસર સ્ટીફન સૈદમેનના જણાવ્યા અનુસાર પરિષદમાં ભાગ લઈ રહેલા મોટાભાગના ઈન્ડો-પેસિફિક લશ્કરી નેતાઓનું મુખ્ય ધ્યાન યુએસ પ્રમુખ અને તેમના યુદ્ધ સચિવ પીટ હેગસેથના અણધાર્યા વલણ પર રહેશે. આ કોન્ફરન્સમાં વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ ઉપરાંત બિન-લશ્કરી નિષ્ણાતોના મંતવ્યો પણ લેવાશે. મોટાભાગની વાટાઘાટો બંધ દરવાજા પાછળ ગુપ્ત રાખવામાં આવશે, પરંતુ કોન્ફરન્સના સમાપન સમયે જનરલ કેરિગન અને એડમિરલ પાપારોની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાવાની શક્યતા છે.

# નેપાળની હોનારતમાં ગુમ ૩૦ કેનેડિયનોની શોધખોળ કરવા ૧૦ અધિકારીઓ તૈનાત

### મદદ માટે કેનેડા સરકારે $5 મિલિયનની તાત્કાલિક માનવતાવાદી સહાય જાહેર કરી

**ઓટ્ટાવા**

ગત અઠવાડિયે ‘નેપાળ અને ચીન વચ્ચેના હિમાલયી સરહદી વિસ્તારમાં ગ્લેશિયર ફાટવાના કારણે સર્જાયેલા વિનાશક અચાનક પૂરમાં ભારે હોનારત સર્જાઈ હતી. આ હોનારતમાં અત્યાર સુધીમાં આશરે ૮૦૦ લોકોના મોત થયા છે અને ૩,૦૦૦ જેટલા લોકો ગુમ થયા છે. આ હોનારતમાં ફસાયેલા અને ગુમ થયેલા કેનેડિયન નાગરિકોની મદદ માટે કેનેડાની ફેડરલ સરકારના ૧૦ ઉચ્ચ અધિકારીઓ નેપાળમાં ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચી ગયા હોવાનું વિદેશમંત્રી અનિતા આનંદે સોમવારે જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પર જારી કરેલા નિવેદનમાં વિદેશમંત્રી અનિતા આનંદે માહિતી આપી હતી કે નેપાળમાં તૈનાત કરાયેલી ટીમમાં રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)ના સભ્યનો પણ સમાવેશ થાય છે. આ ટીમ ગુમ થયેલા કેનેડિયનોની શોધખોળ કરવા અને અસરગ્રસ્ત પરિવારોને સહાય પૂરી પાડવાનું કાર્ય કરી રહી છે. કેનેડિયનો અને કાયમી રહેવાસીઓને શોધવા તથા શક્ય હોય ત્યાં સુધી ઝડપી સહાય પૂરી પાડવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. દે સરકારી આંકડા મુજબ, અગાઉ ગુમ થયેલો એક કેનેડિયન નાગરિક સુરક્ષિત મળી આવ્યો છે, પરંતુ હાલમાં ૩૦ કેનેડિયન અને કાયમી રહેવાસીઓ હજી પણ ગુમ છે. સરકારને ગ્રાઉન્ડ લેવલ પરથી વધુ માહિતી મળતાં આ આંકડામાં ફેરફાર થઈ શકે છે. કેનેડાની સંઘીય સરકારે નેપાળને મદદરૂપ થવા માટે તાત્કાલિક અસરથી $૫ મિલિયનની માનવતાવાદી સહાય આપવાની જાહેરાત કરી છે. ગ્લોબલ અફેર્સ કેનેડાના જણાવ્યા અનુસાર, કેનેડિયન અધિકારીઓ સ્થાનિક ટ્રેકિંગ કંપનીઓ, હોસ્પિટલો, પોલીસ, બચાવ કેન્દ્રો, એરલાઈન્સ અને પ્રવાસન ક્ષેત્રના ભાગીદારો સાથે સતત સંપર્કમાં રહીને માહિતી એકત્રિત કરી રહ્યા છે. જેથી ફસાયેલા નાગરિકો સુધી ઝડપથી મદદ પહોંચાડી શકાય.



# ટ્રમ્પનું ગતકડું : 'લેક ઓન્ટેરિયો'ને હવે 'લેક અમેરિકા'ની ઓળખ આપવા પ્રયાસ

## કાર્નીએ ટ્રમ્પના કૃત્ય સામે નારાજગી વ્યક્ત કરી વિરોધ પણ નોંધાવ્યો

**ઓન્ટેરિયો**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે લેક ઓન્ટેરિયોનું નામ બદલીને 'લેક અમેરિકા' કરવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. આદેશ મુજબ, 30 દિવસમાં આ પ્રક્રિયા પૂર્ણ થશે અને ત્યારબાદ અમેરિકાના સરકારી નકશા અને રેકોર્ડમાં નવું નામ વાપરવામાં આવશે. ટ્રમ્પે આ નિર્ણયની સરખામણી મેક્સિકોની ખાડીનું નામ બદલીને 'અમેરિકાની ખાડી' કરવા સાથે કરી હતી. તેમણે મજાકમાં કહ્યું કે, હવે અમેરિકા પાસે એક ખાડી અને એક તળાવ છે. કદાચ આગળ એટલાન્ટિક કે પ્રશાંત મહાસાગરનું નામ બદલવા વિશે પણ વિચારવું પડશે.

બીજી તરફ, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ લેક ઓન્ટેરિયોનું નામ બદલવાના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતુ કે, અમે જાણીએ છીએ કે, અમેરિકા નામ બદલી રહ્યું છે, પરંતુ કેનેડિયન પણ જાણે છે કે, હકીકતમાં તેનું નામ લેક ઓન્ટેરિયો જ છે. પહેલા પણ, અત્યારે પણ અને હંમેશા. કેનેડા આ તળાવને લેક ઓન્ટેરિયો જ કહેશે.

લેક ઓન્ટેરિયો અમેરિકા અને કેનેડા વચ્ચે સ્થિત પાંચ મોટા તળાવોમાંથી એક છે. તેની એક તરફ ન્યૂયોર્ક અને બીજી તરફ કેનેડાનો ઓન્ટેરિયો પ્રાંત છે. બંને દેશોની સરહદ પણ આ તળાવમાંથી પસાર થાય છે. ટ્રમ્પે 25 ઓગસ્ટે પહેલીવાર લેક ઓન્ટેરિયોનું નામ બદલવાની વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, અમેરિકાનો કેનેડા સાથે વધુ વેપાર થવાની અપેક્ષા નથી, તેથી તળાવનું નામ બદલવા પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે. તેના બે દિવસ પછી તેમણે આ નિર્ણયને સત્તાવાર બનાવવા માટે આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.

ટ્રમ્પે પોતાના આદેશમાં કહ્યું કે, લેક ઓન્ટેરિયો અમેરિકાની અર્થવ્યવસ્થા અને વારસાનો મહત્વનો ભાગ છે. તે વેપાર, જહાજવહન, સંરક્ષણ, કૃષિ અને ઊર્જા માટે મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે ગ્રેટ લેક્સના સંરક્ષણ પર અમેરિકાએ છેલ્લા 10 વર્ષમાં લગભગ 4 અબજ ડોલર એટલે કે 38 હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. નામ બદલવાનો નિર્ણય અમેરિકા અને કેનેડા વચ્ચે વધતા વેપારી તણાવ વચ્ચે આવ્યો છે. તાજેતરમાં અમેરિકાએ કેનેડાના લગભગ 20 અબજ ડોલર એટલે કે લગભગ 1.7 લાખ કરોડ રૂપિયાના સામાન પર 50% ટેરિફ લગાવવાનો નિર્ણય કર્યો છે. તેના જવાબમાં કેનેડાએ પણ અમેરિકી સામાન પર તેટલો જ ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું કે વેપારના મામલે કેનેડા સાથે વ્યવહાર કરવો સૌથી મુશ્કેલ છે.કેનેડા અમેરિકા સાથે યોગ્ય વ્યવહાર કરતું નથી અને તેઓ કોઈપણ ભોગે આ સ્વીકારી શકે નહીં.

લેક ઑન્ટારિયોનું નામ યુરોપિયન લોકોના અમેરિકા પહોંચ્યા તે પહેલાથી જ પ્રચલિત છે. આ નામ હ્યુરોન સમુદાયની ભાષાના એક શબ્દ પરથી ઉતરી આવ્યું છે, જેનો અર્થ 'ચમકતા પાણીનું સરોવર' એવો થાય છે. પાછળથી કેનેડાના ઑન્ટારિયો પ્રાંતનું નામ પણ આ જ સરોવરના નામ પરથી રાખવામાં આવ્યું હતુ.

લેક ઓન્ટેરિયો અમેરિકા અને કેનેડા બંને સાથે જોડાયેલું છે. તેથી જો અમેરિકી સરકાર તેના દસ્તાવેજોમાં તેને 'લેક અમેરિકા' કહેવાનું શરૂ પણ કરી દે, તો કેનેડા તેના સરકારી રેકોર્ડમાં 'લેક ઓન્ટેરિયો' નામ ચાલુ રાખી શકે છે. એટલે કે, નામ બદલવાથી તળાવની માલિકી હક બદલાશે નહીં. 'લેક અમેરિકા' નામનો ઉપયોગ કરવાથી તળાવનો કેનેડિયન ભાગ અમેરિકી ક્ષેત્ર બનશે નહીં.

# કેનેડામાં પેટાચૂંટણી : ત્રણેય બેઠકો પર વિજય સાથે લિબરલ્સનો ડંકો



**ઓટ્ટાવા**

કેનેડામાં યોજાયેલી ત્રણ ફેડરલ પેટા ચૂંટણીમાં વડાપ્રધાન માર્ક કાર્નીની શાસક લિબરલ પાર્ટીએ શાનદાર પ્રદર્શન કરતા ત્રણેય બેઠકો પર કબ્જો જમાવ્યો છે. આ ચૂંટણી પરિણામોમાં લિબરલ્સે ક્યુબેક પ્રાંતમાં વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટી પાસેથી એક મહત્વપૂર્ણ બેઠક આંચકી લીધી હતી. ચિકૌટીમી-લે ફજોર્ડ બેઠક પરથી લિબરલ ઉમેદવાર ડેનિયલ ગોબેલ આગામી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ બેઠક કન્ઝર્વેટિવ પ્રતિનિધિ રિચાર્ડ માર્ટેલની સેનેટમાં નિમણૂક થતાં ખાલી પડી હતી, જેના પર હવે લિબરલ પાર્ટીએ વિજયપતાકા લહેરાવી છે.

**ક્યુબેકમાં કન્ઝર્વેટિવ્સ પાસેથી બેઠક આંચકી લિબરલ પાર્ટીએ દબદબો જાળવ્યો; વિપક્ષી કન્ઝર્વેટિવ્સ અને NDPનો સફાયો**

બીજી તરફ, નોર્થ વાનકુવર-કેપિલાનો બેઠક પરથી લાંબા સમયથી લિબરલ સ્ટાફર તરીકે કાર્યરત બ્રેડન કેલી વિજેતા બન્યા છે અને તેઓ આ પાનખરમાં સાંસદ તરીકે ઓટ્ટાવા પાર્લામેન્ટમાં વાપસી કરશે. આ ઉપરાંત, ટોરોન્ટોની હાઈ-પ્રોફાઈલ 'બીચેસ-ઈસ્ટ યોર્ક' બેઠક પરથી લિબરલ ઉમેદવાર તનવીર શાહનવાઝે ભવ્ય વિજય મેળવી સંસદમાં પોતાનું સ્થાન પક્કું કર્યું છે.

આ પેટાચૂંટણીમાં મુખ્ય વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટીનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું હતું. કન્ઝર્વેટિવ્સ ચિકૌટીમીમાં 'બ્લોક ક્યુબેકોઈસ' પાછળ અને ટોરોન્ટોમાં 'એનડીપી' (NDP) પાછળ ત્રીજા સ્થાને ધકેલાઈ ગયા હતા. વર્તમાન હાઉસ ઓફ કોમન્સમાં માત્ર પાંચ બેઠકો ધરાવતી NDP માટે બીચેસ-ઈસ્ટ યોર્કમાં મજબૂત બીજા ક્રમે રહેવું એ એકમાત્ર રાહતના સમાચાર રહ્યા હતા.

# બે બાળકી સાથે જાતીય શોષણના આરોપ હેઠળ ફારુક દેવાન જેલભેગો

## ખાનગી ટ્યુશનના નામે કરતૂત, નવેમ્બર 2025થી જુલાઈ 2026 વચ્ચે અનેકવાર આચર્યું કુકર્મ

**ઓન્ટેરિયો**

બે સગીર વયની બાળકીઓના જાતીય શોષણના ચકચારી કેસમાં કેનેડાના પિકરિંગ, ઓન્ટેરિયોમાંથી એક કલા શિક્ષકની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કર્યા બાદ પોલીસે આરોપી સામે અલગ-અલગ ૨૨ ગંભીર આરોપો દાખલ કર્યા છે.

જુલાઈ મહિનામાં પોલીસ તપાસકર્તાઓને માહિતી મળી હતી કે, એક શંકાસ્પદ પુરુષ બે બાળકીના ઘરે જઈને તેમની સાથે અયોગ્ય સતામણી કરતો હતો. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી બંને પીડિત પરિવારોનો પરિચિત છે. તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, શંકાસ્પદ વ્યક્તિએ નવેમ્બર ૨૦૨૫થી જુલાઈ ૨૦૨૬ વચ્ચેના સમયગાળામાં અનેક પ્રસંગોએ આ બાળકીઓનું જાતીય શોષણ કર્યું હતું. આ મામલે પોલીસે ૬૩ વર્ષીય ફારુક દેવાનની ઓગસ્ટ મહિનામાં ધરપકડ કરી હતી. આરોપી સામે જાતીય શોષણના ૧૧ અને ૧૬ વર્ષથી ઓછી વયની સગીરા સાથે અયોગ્ય અડપલાં કરવાના ૧૧ મળીને કુલ ૨૨ આરોપો મૂકવામાં આવ્યા છે.






તંત્રી સ્થાનેથી

# ભારતમાં સ્વાઈન ફ્લૂનો વ્યાપ ચિંતાજનક, મોટા રાજ્યો ચપેટમાં




તંત્રી - સ્વદેશ

ભારતમાં છેલ્લાં પખવાડિયાથી H1N1 ઈન્ફ્લુએન્ઝા વાયરસના કેસમાં ઉછાળો નોંધાયો છે. જેનું કારણે ચોમાસા અને હવામાનમાં આવેલો પલટો છે. હાલમાં, રાજધાની દિલ્હીમાં જ સ્વાઈન ફ્લૂના કેસોનો આંકડો ૩,૨૧૮ ને વટાવી ગયો છે, જે છેલ્લા ૭ વર્ષનો સૌથી મોટો ઉછાળો છે. આ સિવાય કર્ણાટક, કેરળ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો પણ આ મોસમી ફ્લૂથી પ્રભાવિત થયા છે. કેરળમાં ઈન્ફ્લુએન્ઝાના ૭,૪૨૧ કેસ નોંધાયા અને ૮૮ મૃત્યુ થયા છે. જયારે કર્ણાટકમાં ૪૦૦૦ દર્દીઓમાં H1N1ની પુષ્ટિ થઈ છે. આ ઉપરાંત મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા અને ગુજરાતમાં પણ કેટલાક કેસ આવ્યા છે. જેના કારણે લોકોમાં કોરોના જેવી મહામારીનો ભય ઉભો થયો છે. દિલ્હીની સાથે દેશમાં ઘણી જગ્યાઓ પર સ્વાઈન ફ્લૂ બીમારી પગપેસારો કરી રહી છે. આ વાઈરસથી સંક્રમિત બીમાર લોકોની સંખ્યા સતત વધી રહી છે. જ્યારે પણ ખતરનાક મહામારીઓ કે વાયરલ સંક્રમણની વાત થાય છે, ત્યારે સ્વાઈન ફ્લૂનું નામ પણ નોંધાય છે.

સામાન્ય રીતે કોઈ ચેપી રોગનો R0 ફેક્ટર એ દર્શાવે છે કે કોઈ રોગ કેટલી ઝડપથી ફેલાય છે. ઈન્ફ્લુએન્ઝાનો R0 ફેક્ટર ૧.૩થી ૧.૭ સુધી આંકવામાં આવ્યો છે. એટલે કે એક સંક્રમિત વ્યક્તિ વધુમાં વધુ ૧.૭ લોકોને સંક્રમિત કરી શકે છે. જ્યારે કોવિડનો R0 ફેક્ટર ૨.૫ હતો. કેટલાક વિસ્તારોમાં તે ૧૦ સુધી પણ પહોંચ્યો છે.

મેડિકલ જર્નલ 'લેન્સેટ' અને WHO અનુસાર H1N1માં મોર્ટાલિટી રેટ, એટલે કે મૃત્યુ દર .૦૧થી ૦.૧% છે, એટલે કે ૧૦,૦૦૦માં ૧થી ૧૦ લોકોના મૃત્યુ થાય છે. જ્યારે કોવિડમાં મૃત્યુ દર ૧%થી ૩% છે, એટલે કે ૧૦,૦૦૦માં ૧૦૦થી ૩૦૦ કે તેથી વધુ મૃત્યુ પણ થઈ શકે છે. કોવિડમાં ફેફસાં ખરાબ થવાને કારણે વેન્ટિલેટરની જરૂર પડી શકે છે. સામાન્ય રીતે H1N1ની CDCની જરૂરિયાત લગભગ ૩ ગણી વધારે હોય છે. સ્વાઈન ફ્લૂ માટે ઘણી અસરકારક એન્ટિ-વાયરલ દવાઓ વર્ષોથી ઉપલબ્ધ છે. તેની રસી પણ સરળતાથી મળે છે. જ્યારે કોવિડ એક બિલકુલ નવો વાયરસ હતો, જેની રસી બનાવવામાં લાંબો સમય લાગ્યો. તેના ઉપયોગ પછી લોકોમાં અન્ય બીમારીઓ થયાના પણ અહેવાલો છે. હવે સ્વાઈન ફૂલના વાયરસ વિશે સમજીએ. તે ડુક્કરો કરતાં વધુ એક માણસથી બીજા માણસમાં ફેલાય છે. ઈન્ફ્લુએન્ઝા વાયરસના નામકરણની એક વૈજ્ઞાનિક પદ્ધતિ હોય છે, જે તેની સપાટી પર હાજર બે મુખ્ય પ્રોટીન હિમાગ્લુટીનિન અને ન્યુરામિનિડેસ ઉપર આધારીત છે. આ પ્રોટીન વાયરસને મનુષ્ય કે પ્રાણીના કોષો સાથે ચોંટવામાં અને તેમાં પ્રવેશવામાં મદદ કરે છે. તેના અલગ-અલગ પ્રકારોના આધારે નંબર આપવામાં આવે છે. આ પ્રોટીન વાયરસને સંક્રમિત કોષમાંથી બહાર નીકળીને શરીરના અન્ય ભાગોમાં ફેલાવામાં મદદ કરે છે. આ વાયરસમાં H પરિવારનો પહેલો પ્રકાર અને N પરિવારનો પહેલો પ્રકાર જોવા મળ્યો, તેથી વૈજ્ઞાનિક ભાષામાં તેને H1N1 નામ આપવામાં આવ્યું છે. આ નામ અને અન્ય વિગતો વાતનો સંકેત છે કે વાયરસનું બંધારણ જૈવિક રીતે કેવું છે. સ્વાઈન ફ્લૂનો ઈતિહાસ કોઈ નવો નથી, તેના મૂળ સદીની શરૂઆત અને તેનાથી પણ પાછળ જાય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે H1N1 વાયરસનો જે વંશવેલો આજે છે, તેનું જૂનું સ્વરૂપ ૧૯૧૮ના 'સ્પેનિશ ફ્લૂ' મહામારીના સમય સાથે જોડાયેલું છે. તે દરમિયાન મનુષ્યોની સાથે-સાથે ડુક્કર પણ આ વાયરસની ઝપેટમાં આવવા લાગ્યા હતા. સ્પેનિશ ફ્લૂ પણ H1N1નું જ એક શરૂઆતનું અને અત્યંત ખતરનાક સ્વરૂપ હતું, જેણે તે સમયે વિશ્વભરમાં લાખો લોકોનો જીવ લીધો હતો. વર્ષ ૧૯૩૦ની આસપાસ પહેલીવાર ડુક્કરોના શરીરમાંથી આ ઈન્ફ્લુએન્ઝા વાયરસને સંપૂર્ણપણે અલગ કરવામાં આવ્યો અને તેની સત્તાવાર રીતે ઓળખ થઈ હતી.

ઘણા દાયકાઓ સુધી આ મુખ્યત્વે ડુક્કરોની જ બીમારી માનવામાં આવતી રહી હતી. પરંતુ વર્ષ ૧૯૫૭માં H1N1 સ્ટ્રેઈનમાં પ્રાણીઓના જનીન ભળવાથી નવો H2N2 વાયરસ ઉભરી આવ્યો. તેનું પરિણામ એ આવ્યું કે ૧૯૫૭-૧૯૫૮માં એશિયન ફ્લૂ મહામારી ફેલાઈ, જેનાથી વિશ્વભરમાં લાખો મૃત્યુ થયાં હતા. વસ્તીમાં રોગપ્રતિકારક શક્તિ અને નવા વાયરસના આવવાથી જૂનો H1N1 તે વર્ષે ગાયબ થઈ ગયો, જે ૧૯૭૭ સુધી જોવા ન મળ્યો. તેવી જ રીતે મે ૧૯૭૭ માં અચાનક રશિયા અને ઉત્તરી ચીનના વિસ્તારોમાં H1N1નું સંક્રમણ ફરીથી ફેલાઈ ગયું, જેને 'રશિયન ફ્લૂ' નામ આપવામાં આવ્યું હતુ. આ બીમારીની એક વિચિત્ર વાત એ હતી કે તે ૨૫-૨૬ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો અને બાળકોને જ પોતાનો શિકાર બનાવી રહી હતી. આ સમયે વૃદ્ધોને એટલે અસર ન થઈ. કારણ કે તેમણે ૧૯૫૦ના દાયકા પહેલાં તેવા જ વાયરસનો સામનો કર્યો હતો, જેથી તેમના શરીરમાં રોગપ્રતિકારક શક્તિ હતી. મોટાભાગના વૈજ્ઞાનિકોનું માનવું છે કે, આ વાયરસ કોઈ લેબોરેટરીમાંથી ભૂલથી લીક થઈ ગયો હતો અથવા કોઈ રસીના પરીક્ષણ દરમિયાન બહાર આવી ગયો હતો. સ્વાઈન ફ્લૂએ પહેલીવાર વૈશ્વિક સ્તરે સનસનાટી ત્યારે મચાવી, જ્યારે વર્ષ ૨૦૦૯ની શરૂઆતમાં તેણે એક ભયાનક મહામારીનું રૂપ ધારણ કરી લીધું. આ આધુનિક મહામારીની શરૂઆત મેક્સિકો અને અમેરિકાથી થઈ હતી. માર્ચ-એપ્રિલ ૨૦૦૯માં મેક્સિકોના ગ્રામીણ વિસ્તારોમાં અચાનક ન્યુમોનિયા જેવા ગંભીર લક્ષણોવાળા દર્દીઓની સંખ્યા એકાએક વધવા લાગી હતી. તેમાં એક અનોખા આનુવંશિક ફેરફારની વાત પણ સામે આવી હતી. વૈજ્ઞાનિકોની તપાસમાં સામે આવ્યું કે આ કોઈ સામાન્ય વાયરસ નહોતો. તેમાં ડુક્કર, પક્ષી અને માનવીય ફ્લૂના વાયરસના જનીનો એકબીજામાં ભળી ગયા હતા. તેને ટ્રિપલ રીએસોર્ટમેન્ટનું નામ આપવામાં આવ્યું, જેના કારણે તે ખૂબ જ આક્રમક બની ગયો હતો. ૨૦૦૯-૧૦માં જ્યારે સ્વાઈન ફ્લૂ ફેલાયો, ત્યારે ભારતમાં પણ તેના લગભગ ૨૦ હજાર કેસ અને ૧૭૦૦થી વધુ મૃત્યુ થયા હતા. એટલે કે, મૃત્યુ દર લગભગ ૮.૫% હતો. જોકે, આ પછી આખી દુનિયામાં ઈન્ફ્લુએન્ઝાની રસીઓ આપવામાં આવી હતી. બાળકોને પણ તેની રસી આપવામાં આવે છે. હવે H1N1 સિઝનલ ફ્લૂમાં સામેલ થઈ ગયો છે. તેનાથી થતા મૃત્યુનો દર ૧%થી પણ ઓછો છે. લોકોમાં રસીકરણના કારણે તેની સામે એક રોગપ્રતિકારક શક્તિ બની ગઈ છે. એકવાર સંક્રમણ થયા પછી રસી લીધા બાદ શરીરમાં થોડી રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે છે. તેથી હવે તે એટલો ખતરનાક નથી. જો કે, તે બાબતે સાવચેતી અનિવાર્ય છે. તે સમયે પણ આ વાયરસ એટલી ઝડપથી ફેલાયો કે થોડા જ અઠવાડિયામાં તે ઘણા ખંડો પાર કરી ગયો હતો. જૂન ૨૦૦૯ આવતાં સુધીમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને તેને સત્તાવાર રીતે વૈશ્વિક મહામારી જાહેર કરી દીધી. તે સમયે ૧૯૦૦૦ લોકોનાં વૈશ્વિક ધોરણે મોત થયા હતા. ભારત સહિત વિશ્વના ૨૦૦થી વધુ દેશો તેની ચપેટમાં આવી ગયા હતા. વર્ષ ૨૦૦૯નો સ્ટ્રેઈન ૧૯૧૮ જેટલો વધુ ઘાતક તો સાબિત ન થયો, પરંતુ તેના મૂળ ત્યાંથી જ જોડાયેલા છે. સીઝનલ ફ્લૂની જેમ જ H1N1 વાયરસ પણ મુખ્યત્વે હવા અને સંપર્ક દ્વારા ફેલાય છે. જ્યારે કોઈ સંક્રમિત વ્યક્તિ ખાંસે છે, છીંકે છે કે વાત કરે છે, ત્યારે તેના મોંમાંથી નીકળતા ઝીણાં કણો હવામાં ફેલાઈ જાય છે. સ્વસ્થ વ્યક્તિ જ્યારે શ્વાસ દ્વારા તેને અંદર ખેંચે છે, ત્યારે તે સંક્રમિત થઈ જાય છે.



manoj1968@yahoo. ca






# સુરતમાં યુવકને ગે ડેટિંગ પર મિત્રતા કરવી ભારે પડી ગઈ, મળવા માટે બોલાવી લૂંટી લીધો

## વરાછા પોલીસે ગણતરી કલાકોમાં જ બે રીઢા ગુનેગાર સહિત ત્રણ ઝડપી પાડ્યા

**સુરત**

સુરતના નાના વરાછા વિસ્તારમાં ડેટિંગ (ગે) એપ મારફતે સંપર્ક કરી 43 વર્ષીય સાઈટ સુપરવાઈઝરને મળવા બોલાવ્યા બાદ ચપ્પુ બતાવી માર મારી લૂંટ ચલાવનાર ત્રણ શખસોને વરાછા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. મૂળ ભાવનગરના વતની અને કન્સ્ટ્રક્શન ઓફિસમાં કામ કરતા હિતેશ (નામ બદલ્યું છે)નો ચાર દિવસ અગાઉ ગે-એપ પર સંપર્ક કરી ઘનશ્યામનગર સોસાયટી ભગવતી રસવાળી ગલી ખાતે બોલાવાયા હતા. ત્યાં એક મકાનના ચોથા માળે ત્રણેય શખસોએ ચપ્પુ બતાવી માર મારીને 7 હજાર રૂપિયાનો મોબાઈલ અને 5 હજાર રૂપિયા રોકડા લૂંટી ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી મજૂરીકામ કરતા 21 વર્ષીય અર્ચીત ઉર્ફે લેમ્બો નાજાભાઈ સાંખટ (રહે. વરાછા, મૂળ રહે. ચીત્રાસર, જાફરાબાદ), 23 વર્ષીય રત્નકલાકાર જયેશ ઉર્ફે મામુ દહુભાઈ ગોહીલ (રહે. વરાછા, મૂળ રહે.અંબાડા, ગીર ગઢડા) અને 20 વર્ષીય રત્નકલાકાર રાજ ઉર્ફે કાળીયો પદમશીંગ કુશવાહા (રહે. વરાછા, મૂળ રહે.જી.આગ્રા, ઉત્તર પ્રદેશ)ને ઝડપી લીધા હતા. આરોપીઓ પૈકી રાજ ગે-એપથી લોકોને અવાવરૂ જગ્યાએ બોલાવતો અને બાદમાં ત્રણેય મળી લૂંટ ચલાવતા હતા. ઝડપાયેલા અર્ચીત સામે અગાઉ વરાછામાં લૂંટ વિથ મર્ડર અને ચોરીના ગુના નોંધાયેલા છે.

# અંકલેશ્વરમાં સગીરા સાથે દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

## માતા-પિતાએ આરોપીને ઘટનાસ્થળે જ ઝડપી પાડ્યો હતો

**અંકલેશ્વર**

અંકલેશ્વરમાં વર્ષ ૨૦૨૪માં સગીરા પર દુષ્કર્મના ચકચારી કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તથા સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ એસ.પી. રાહતકરની કોર્ટે આરોપી વિજયને પોક્સો એક્ટ હેઠળ દોષિત ઠેરવી ૫૦ હજારનો દંડ પણ ફટકાર્યો છે. દંડની રકમ નહીં ભરવામાં આવે તો આરોપીએ વધુ ૫ મહિનાની સાદી કેદ ભોગવવાની રહેશે. કોર્ટે પીડિત સગીરાને ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

કેસની વિગતો મુજબ, ૧૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ આરોપીએ સગીરાને પોતાના ઘરના ધાબા પર બોલાવી તેની મરજી વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન સગીરાના માતા-પિતા ધાબા પર પહોંચી ગયા હતા અને તેમણે આરોપીને ઘટનાસ્થળે જ ઝડપી પાડયો હતો.

# રાંદેર વિસ્તારમાં 13 વર્ષીય કિશોરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો

## બહેન સાથે તોફાન કરતા માતાએ ઠપકો આપ્યો હતો

**સુરત**

રાંદેર વિસ્તારમાં 13 વર્ષીય કિશોરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધી હોવાની દુ:ખદ ઘટના સામે આવી છે.

રાંદેર વિસ્તારની ભુવનેશ્વરી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અને ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા નરેશ પટેલનો 13 વર્ષીય પુત્ર સુજલ ધોરણ 8માં અભ્યાસ કરતો હતો. ગત 31મી ઓગસ્ટની સાંજે સુજલ અને તેની બહેન ઘરમાં તોફાન કરી રહ્યા હતા, જેને લઈને માતાએ બંને બાળકોને ઠપકો આપ્યો હતો. ત્યારબાદ માતા કામકાજ અર્થે બહાર ગયાં હતાં અને બહેન પણ સોસાયટીમાં ગઈ હતી. આ દરમિયાન સુજલે ઘરમાં કોઈ ન હોવાનો લાભ ઉઠાવી સીડીની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. થોડીવાર પછી માતા ઘરે પરત ફરતાં પુત્રને લટકતી હાલતમાં જોઈ આઘાતથી સ્તબ્ધ થઈ ગયાં હતાં.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# મંત્રીઓના દાવાઓનું 24 કલાકમાં જ સુરસુરિયું ખેડૂતો ખેડાણ માટે જતાં વન વિભાગ સાથે બબાલ

## મંત્રીઓએ આંદોલનકારીઓને પારણા કરાવીને વિવાદનો ઉકેલ લાવવાનો દાવો કર્યો

**નર્મદા**

નર્મદા જિલ્લાના સાગબારામાં આદિવાસી ખેડૂતો પોતાની જમીન અને ખેડાણના અધિકાર માટે સતત 23 દિવસ સુધી વિષમ પરિસ્થિતિમાં ધરણા પર બેઠા હતા. 31 ઑગસ્ટે રાજ્યના મંત્રીઓએ આંદોલનકારીઓને પારણા કરાવીને વિવાદનો ઉકેલ લાવવાનો દાવો કર્યો હતો. જોકે ગણતરીના દિવસોમાં જ 1 સપ્ટેમ્બરના રોજ નાલ ગામના ખેડૂતો જમીન ખેડવા ગયા ત્યારે વન વિભાગ સાથે ફરી ઘર્ષણ સર્જાયું હતું. ઘટનાસ્થળે ઉપસ્થિત ફોરેસ્ટ વિભાગના મહિલા અધિકારીએ ખેડૂતોને સ્પષ્ટ સંભળાવ્યું હતું કે કાગળો પર સહી કરવા અને પ્રમાણપત્ર આપવા માટે તમારે છેવટે વનકર્મીઓની જરૂર પડવાની જ છે. આ ઘટનાથી રોષે



ભરાયેલા ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે મંત્રીઓએ માત્ર આશ્વાસન આપીને ધરણા સમેટી લેવાનો તખ્તો ઘડ્યો હતો, પરંતુ આદિવાસીઓના મૂળભૂત હકોનું શું તે સૌથી મોટો પ્રશ્ન છે. ખેડાણ વખતે ફરીથી વિવાદ વકરતાં હવે ભવિષ્યમાં આદિવાસી ખેડૂતોની સ્થિતિ શું થશે તે અંગે ભારે ચિંતા ફેલાઈ ગઈ છે.

# સુરતમાં ફૈજલ ફટ્ટા હત્યા કેસમાં 4 ઝડપાયા રેકી કરી મોકો મળતા માર્યા હતા ચપ્પાના ઘા

## 10 લાખની સોપારીમાં 1 લાખ એડવાન્સ આપ્યા, ઓફિસ બહાર જ હત્યા કરાઈ હતી

**સુરત**

સુરતના ચોક વિસ્તારમાં આવેલા જીલાણી બ્રિજ પર ફૈજલ ઝકરિયા હસન ફટ્ટા નામના યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી દિનદહાડે હત્યા કરવામાં આવતા સમગ્ર શહેરમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. ચોક બજાર પોલીસ મથકે ગુનો દાખલ થયા બાદ સઘન તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આ હત્યા પાછળ માન દરવાજા વિસ્તારમાં રહેતા મુબારક ઉર્ફે મુબો મજીદ પટેલનો હાથ હતો. મુબારકે હત્યા અંજામ આપવા આરોપી અભિષેક ઉર્ફે રોહન અને વસીમ ઉર્ફે વસીયોને 10 લાખ રૂપિયાની સોપારી આપી 1 લાખ રૂપિયા એડવાન્સ ચૂકવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ કૈસરઅલી સૈયદ અને ગોકુલ જાદવ સાથે મળી રેકી કરી હતી.

ઘટનાના દિવસે ફૈજલ વરીયાળી બજાર સ્થિત ઓફિસેથી મોપેડ લઈને નીકળતાં જ આરોપીઓએ તેનો પીછો કર્યો હતો. જીલાણી બ્રિજ પર મોપેડને ટક્કર મારી નીચે પાડી ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી હત્યા કરી આરોપીઓ રોંગ સાઈડમાં વાહન હંકારી નાસી ગયા હતા.

પોલીસ કમિશનરના આદેશથી રચાયેલી 15 ટીમોએ સીસીટીવી ફૂટેજના આધારે મુંબઈ હાઈવે પર ફાઉન્ટેન હોટેલ અને વેસ્ટર્ન હોટેલ પાસેથી અભિષેક (27), કૈસરઅલી (26), વસીમ (21) અને ગોકુલ (20) ને ઝડપી પાડ્યા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર મુબારક હાલ ફરાર છે.

# જાહેરમાં કચરો ફેંકનારા સામે કડક કાર્યવાહી માટે મંત્રીની સમીક્ષા બેઠક

## સુરતમાં હોટફિક્સ કચરો તંત્ર માટે માથાનો દુખાવો બન્યો

**સુરત**

સુરતમાં હોટ ફિક્સ કચરાના જાહેરમાં નિકાલને લઈને ઊભા થયેલા વિવાદ અને આરોગ્ય-પર્યાવરણ સામેના જોખમ વચ્ચે હવે રાજ્ય સરકાર પણ હરકતમાં આવી છે. હોટફિક્સ કચરો ફેંકનારા સામે કડક કાર્યવાહી કરવાની માગ સાથે પાલિકાના કોર્પોરેટરોને રજૂઆતો થઈ રહી છે ત્યારે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજી હતી.

પુણા-સીમાડા, સરથાણા, વરાછા, લિંબાયત અને કતારગામ સહિતના વિસ્તારોમાં હોટફિક્સ તથા પ્લાસ્ટિક કચરાના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. હોટફિક્સ કચરો ઔદ્યોગિક કચરાની શ્રેણીમાં આવતો હોવાથી તેના વૈજ્ઞાનિક અને પર્યાવરણને અનુકૂળ નિકાલની જવાબદારી સંબંધિત ઉદ્યોગોની હોવા છતાં રહેણાંક વિસ્તારોમાં ચાલતા નાના યુનિટો અને કારીગરો માટે કચરાના નિકાલની વ્યવસ્થા મોટો પ્રશ્ન બની છે.

# કાયદાથી ઉપર કોઈ નથી, ચૈતર વસાવાની પેરોલ અરજી ફગાવી દેતાં પાછી ખેંચી લીધી

## 9ને 7 વર્ષ સજા, વસાવાનું ધારાસભ્ય પદ જોખમમાં, સુપ્રીમ વિકલ્પ બાકી

**ભરૂચ**

હાઈકોર્ટમાં ચૈતર વસાવાએ પેરોલ માટે અરજી કરી હતી અને હાઈકોર્ટને અરજી જામીન અરજીમાં તબદીલ કરવા રજૂઆત કરી હતી. હાઈકોર્ટે ઈન્કાર કરતાં વસાવાને પેરોલ અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી અને કહ્યું કાયદાથી ઉપર કોઈ નથી.

નર્મદા સેશન્સ કોર્ટે રાજપીપળા ખાતે 23 જૂન 2026ના રોજ વનકર્મી પર હુમલો, સરકારી ફરજમાં અડચણ, હવામાં ફાયરિંગ અને ખંડણી કેસમાં જે ઓક્ટો-નવે 2023ની ઘટના છે તેમાં ચૈતર વસાવા, તેમની પત્ની શકુંતલા સહિત 9 જણને 7 વર્ષની સખત કેદની સજા કરી હતી.

આ સજા સામે વસાવાએ ગત 3 ઓગસ્ટે હાઈકોર્ટમાં સજા પર સ્ટે અને જામીન માટે અરજી કરી હતી. હાઈકોર્ટે ટકોર કરી કે કાયદો સર્વોપરી છે, કોઈ કાયદાથી ઉપર નથી, લોકપ્રતિનિધિને રાહત આપવાથી સમાજમાં ખોટો સંદેશ જશે એમ કહી વસાવા અને તેમના પીએની જામીન અરજી ફગાવી દીધી હતી. વસાવા વડોદરા જેલમાં છે, સ્ટે ન મળતા ધારાસભ્ય પદ જોખમમાં છે. હવે સુપ્રીમ કોર્ટનો વિકલ્પ બચ્યો છે. વસાવાએ પેરોલ અરજી કરી હતી જે હાઈકોર્ટે ફગાવી દીધી છે.

# સાયકલિંગમાં યોગદાન બદલ વલસાડના ડો. ભૈરવી જોષીને આંતરરાષ્ટ્રીય સન્માન

## વર્લ્ડ બાઇસિકલ ડે ઍવૉર્ડથી નવાજાયા, 56 શહેરોમાં નેટવર્ક વિસ્તાર્યું

**વલસાડ**

વલસાડના ડેન્ટિસ્ટ ડૉ. ભૈરવી જોષીને ભારતમાં સાયકલિંગ મૂવમેન્ટને નવી ઊંચાઈઓ પર પહોંચાડવા અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા બદલ આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રતિષ્ઠિત ‘વર્લ્ડ બાઈસિકલ ડે સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ 2026’થી સન્માનિત કરવામાં આવ્યા છે.

નવી દિલ્હી ખાતે 30 ઓગસ્ટ 2026ના રોજ યોજાયેલા ‘બીઆરઆઈસીએસ (BRICS) સન્ડે ઓન સાયકલ’ કાર્યક્રમમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના હસ્તે ડૉ. ભૈરવી જોષીને આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડ યુનાઈટેડ નેશન્સ (UN) વર્લ્ડ બાઈસિકલ ડેના સ્થાપક ડૉ. લેઝેક સિબિલ્સ્કી દ્વારા આપવામાં આવે છે. ભારતને ‘સાયકલિંગ નેશન’ બનાવવાના વિઝન સાથે ડૉ. ભૈરવી જોષીએ 2021માં ‘BYCS ગ્લોબલ, એમ્સ્ટર્ડમ’ના સહયોગથી ‘BYCS ઈન્ડિયા ફાઉન્ડેશન’ની સ્થાપના કરી હતી. હાલમાં તેઓ આ સંસ્થાના ડિરેક્ટર અને સીઈઓ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમના સમર્થ નેતૃત્વ હેઠળ ‘બાઈસિકલ મેયર નેટવર્ક’ દેશના 56થી વધુ શહેરો સુધી વિસ્તર્યું છે.


# ગુજરાતમાં ટુરિઝમ માટે 133 કરોડના 10 પ્રોજેક્ટ મંજૂર

## ગિર વિસ્તારનો આઈકોનિક વિકાસ અને રૂપાલ વરદાયિની માતાજી મંદિરનો કાયાકલ્પ થશે, નદી ઘાટ નિર્માણ અને સુશોભીકરણના કામો

**ગાંધીનગર**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રવાસન અને ધાર્મિક સ્થળોના ભવ્ય વિકાસ માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રવાસન અને ધાર્મિક ધામોના કાયાકલ્પ અર્થે આશરે રૂ. 133 કરોડના ખર્ચે 10 જેટલા વિવિધ પ્રોજેક્ટ્સને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ તમામ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે.

મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં ગિર વિસ્તારના આઈકોનિક વિકાસને પ્રધાનતા આપવામાં આવી છે. તે સિવાય ગાંધીનગરના



રૂપાલ સ્થિત પ્રખ્યાત વરદાયિની માતાજીના મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે સૌથી વધુ રકમ ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત, સૌરાષ્ટ્રમાં આવેલા ગોંડલના ઐતિહાસિક અનળગઢ કિલ્લા અને મહાકાળી માતાજીના મંદિરના આસપાસના પરિસરના વિકાસ કામો પણ હાથ ધરાશે. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં આવેલા વાંસદા ખાતે ઉનાઈ માતાજી મંદિર સંકુલમાં ભવ્ય પ્રવેશદ્વાર, પ્રદક્ષિણા પથ, કલ્ચરલ હોલ, ભોજનાલય અને લાઈબ્રેરી સહિતના વિવિધ વિકાસ કાર્યો કરવામાં આવશે. વડોદરાના સાવલી તાલુકાના ભાદરવા ગામે આવેલા ચેહર માતાજીના મંદિર નજીક મહિસાગર નદી પર આકર્ષક ઘાટનું નિર્માણ કરાશે. શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા માટે અહીં વોકવે, પેવર બ્લોક, સુરક્ષા રેલિંગ અને સુંદર લેન્ડસ્કેપિંગ જેવા કામો હાથ ધરવામાં આવશે.

■ **ગિર વિસ્તાર :** પ્રવાસનને લગતા આઈકોનિક વિકાસ માટે રૂ. 43.91 કરોડ ■ **રૂપાલ (ગાંધીનગર):** વરદાયિની માતાજી મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે રૂ. 35 કરોડ ■ **કેસરડી (અમદાવાદ):** જોધલપીર મંદિરના નવનિર્માણ માટે રૂ. 21.75 કરોડ ■ **અંજાર:** ગોવર્ધન પર્વતના ડેવલપમેન્ટ માટે રૂ. 12.98 કરોડ ■ **ગોંડલ:** અનળગઢ કિલ્લા અને મહાકાળી મંદિરના વિકાસ માટે રૂ. 5.06 કરોડ ■ **વાંસદા (નવસારી):** ઉનાઈ માતાજી મંદિરના વિકાસ માટે રૂ. 5.03 કરોડ ■ **ભાદરવા (સાવલી):** મહિસાગર નદીના ઘાટ નિર્માણ માટે રૂ. 3.31 કરોડ ■ **તરભ (મહેસાણા):** વાળીનાથ મહાદેવ મંદિરમાં સોલાર પ્રોજેક્ટ માટે રૂ. 2.68 કરોડ ■ **ઉમરેચા (મહેસાણા):** મહાકાળી માતાજી મંદિર માટે રૂ. 50 લાખ ■ **ધરમપુર (વલસાડ):** ગોરા રામજી મંદિરના નિર્માણ માટે રૂ. 18.91 લાખ

# અમદાવાદ એરપોર્ટ પર સ્નિફર ડોગે 6 કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો પકડાવ્યો

**અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સની એર ઈન્ટેલિજન્સ યુનિટ ટીમે આંતરરાષ્ટ્રીય દાણચોરીનો કારસો નિષ્ફળ બનાવ્યો છે. વિયેતનામથી આવેલી મ્યાનમારની મહિલા મુસાફરની ટ્રોલી બેગમાંથી 6 કરોડની કિંમતનો 6.07 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો છે.

કસ્ટમ્સના સૂત્રો મુજબ 31 ઓગસ્ટે વિયેતનામના હો ચી મિન્હ સિટીથી વિયેટજેટ એરની ફ્લાઈટ અમદાવાદ ઉતરી હતી. આ ફ્લાઈટમાં આવેલી મહિલા પર શંકા જતા પેસેન્જર પ્રોફાઈલિંગ અને એક્સ-રે સ્કેનિંગના આધારે અટકાવાઈ હતી. સ્નિફર ડોગે બેગ પાસે કૂદાકૂદ કરતા શંકાસ્પદ વસ્તુ હોવાની આશંકા ઉભી થઈ હતી.

અધિકારીઓએ બેગની સઘન તપાસ કરતા નીચેના ભાગે ખાસ બનાવેલું ચોરખાનું અને ફોલ્સ લેયર મળ્યું હતું. તેમાંથી વેક્યુમ પેક કરેલા 5 પારદર્શક પ્લાસ્ટિક પેકેટમાં લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળ્યો હતો. ફિલ્ડ ટેસ્ટિંગ કિટમાં ઉચ્ચ ગુણવત્તાનો હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું પુરવાર થયું હતું. હાલ એનડીપીએસ એક્ટ 1985 હેઠળ ગુનો નોંધી જપ્ત કરી ધરપકડ કરાઈ છે.

# ત્રિકમપુરામાં જૂની અદાવતમાં તલવાર-પાઈપના ઘા ઝીંકી યુવકની ઘાતકી હત્યા, 2 મિત્રો ઈજાગ્રસ્ત

## મિત્રને બચાવવા વચ્ચે પડેલા બે યુવકો પર તલવાર-પાઇપથી જીવલેણ હુમલો કરાયો

**અમદાવાદ**

ત્રિકમપુરા વિસ્તારમાં જૂની અદાવતમાં એક યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સોમવારે રાતે બનેલી આ ઘટનામાં તલવાર અને લોખંડની પાઈપ જેવા ઘાતક હથિયારો વડે કરાયેલા હુમલામાં અજીતસિંહ નામના યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેને બચાવવા વચ્ચે પડેલા બે મિત્રો ઈજાગ્રસ્ત થયા હતા. 31મી ઓગસ્ટે રાત્રે હેમંતસિંહ, તેના ફઈનો દીકરો અજીતસિંહ અને મિત્ર અર્જુન ત્રિકમપુરા ચાર માળિયા ખાતે અજીતસિંહના ગીરવે મૂકેલા મકાન અંગે વાતચીત કરવા ગયા હતા. જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે જૂની અદાવત રાખીને હરેશ ઉર્ફે હિતેષ સોલંકી, અક્ષય સોલંકી, રવી સોલંકી અને ધર્મેશ સોલંકીએ તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. અજીતસિંહને મારી નાખવાના ઈરાદાથી હિતેષ અને અક્ષયે તલવાર વડે તથા રવી અને ધર્મેશે લોખંડની પાઈપ વડે અજીતસિંહ પર આડેધડ ઘા ઝીંક્યા હતા, જેના કારણે અજીતસિંહનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બચાવવા પડેલા મિત્ર અર્જુન પર ધર્મેશે લોખંડની પાઈપ વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી. હેમંતસિંહ છોડાવવા વચ્ચે પડતાં આરોપીઓએ તેના પર પણ હુમલો કર્યો હતો. જેમાં હિતેષે સોલંકીએ હેમંતસિંહના માથામાં તલવારના 2 ઘા ઝીંક્યા હતા. જ્યારે રવી અને ધર્મેશે લોખંડની પાઈપથી કપાળ તથા ડાબા હાથ પર ઘા માર્યા હતા. ઈજાગ્રસ્ત હેમંતસિંહ ત્યાંથી જેમ-તેમ કરીને બચીને બહાર નીકળ્યા હતા અને 108 મારફતે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા.

# ખેડૂતોને માથે ફરી આફત : વરસાદની ખેંચ વચ્ચે કપાસમાં ઈયળ તેમજ મગફળીમાં ફૂગનો પ્રકોપ

## ખેડૂતોએ પાક બચાવવા માટે નહેરનું સિંચાઈનું પાણી છેવાડા સુધી પહોંચાડવા માંગ કરી

**ગાંધીનગર**

ગુજરાતના ધરતીપુત્રો માટે આ વર્ષે પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના મુખ્ય રોકડિયા પાક ગણાતા મગફળી અને કપાસમાં રોગ-જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. બીજી તરફ, ચોમાસાના પાછતરા વરસાદની ખેંચ વર્તાતા પાક સુકાઈ જવાની ભીતિથી ખેડૂતો ચિંતિત બન્યા છે.

ચાલુ વર્ષે કપાસના વાવેતર બાદ સારા ઉત્પાદનની આશા હતી, પરંતુ પાકમાં 'સુકારો' (પેરા-વિલ્ટ) અને ગુલાબી ઈયળના લક્ષણો દેખાવા લાગ્યા છે. અનેક વિસ્તારોમાં કપાસના છોડ ઊભા-ઊભા સુકાઈ રહ્યા છે અને જીવાતથી જીંડવાને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. સમયસર નિયંત્રણ નહીં આવે તો ઉત્પાદનમાં મોટો ઘટાડો થઈ શકે છે.

મગફળીની સ્થિતિ પણ નાજુક બની છે. જમીનમાં પૂરતો ભેજ ન હોવા અને વાતાવરણના બદલાવથી મૂળખાઈ તથા પાનના ટપકાં જેવા ફૂગજન્ય રોગો જોવા મળી રહ્યા છે. લીલીછમ મગફળીના છોડ પીળા પડી સુકાઈ રહ્યા હોવાની ખેડૂતો ફરિયાદ કરી રહ્યા છે. વરસાદના અભાવે ખેડૂતો કૂવા, બોર અને ટપક સિંચાઈથી પાક બચાવવા રાત-દિવસ મથામણ કરી રહ્યા છે, પરંતુ ભૂગર્ભ જળસ્તર ઘટતાં સિંચાઈનું પાણી પણ ખૂટી રહ્યું છે. ખેડૂતો 'સૌની યોજના' કાગળ પર હોવાનો આક્ષેપ કરી નર્મદા નહેરનું પાણી છેવાડાના ગામડાં સુધી તાત્કાલિક પહોંચાડવાની માંગ કરી રહ્યા છે. આગામી દિવસોમાં સારો અને સાર્વત્રિક વરસાદ નહીં થાય તો ખેડૂતો આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ શકે છે.

# પ્લેન ક્રેશ બાદ એર ઈન્ડિયા ઉપર મુસાફરોનો વિશ્વાસ ઘટ્યો : રિપોર્ટ

## ઘટના પછી ઓક્ટોબરમાં મુસાફરોમાં 14 ટકાનો ઘટાડો નોંધાયો હતો

**અમદાવાદ**

12 જૂન 2025ના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં 260 લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માત બાદ એર ઈન્ડિયા માટે વિશ્વાસ જીતવો મુશ્કેલ બન્યો હોવાનો દાવો બ્રિટનના મીડિયા રિપોર્ટમાં કરાયો છે. મુસાફરોએ સેફ્ટી સ્ટાન્ડર્ડમાં ઢાંકપીછોડાના આરોપ લગાવ્યા છે. બ્રિટિશ મીડિયાના ડેટા મુજબ ભારત-બ્રિટન રૂટ પર એર ઈન્ડિયાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. 2025ના જાન્યુઆરીથી મે દરમિયાન પેસેન્જર ટ્રાફિકમાં 18થી 32 ટકા ઉછાળો હતો. જુલાઈ 2025 સુધી સ્થિતિ સારી હતી, પરંતુ 12 જૂનના અકસ્માત બાદ ટ્રેન્ડ અવળો થયો છે. ઓગસ્ટથી ડિસેમ્બરમાં મુસાફરો ઘટ્યા હતા. ઓગસ્ટ 2025માં 85,024 મુસાફરોએ ઉડાન ભરી હતી, જે અગાઉના વર્ષે 96,576 હતી. સપ્ટેમ્બરમાં 1,00,559થી ઘટી 81,291 થઈ હતી, ઓક્ટોબરમાં 14 ટકા ઘટાડો થયો હતો. 2024માં ઓગસ્ટથી ઓક્ટોબરમાં 1 લાખ મુસાફરો હતા, જે 80 હજાર થયા છે.

# AMCમાં નિવૃત્તિ બાદ પણ નોકરીનો સિલસિલો 3 વર્ષમાં 210થી વધુ પુનઃનિયુક્તિનો ખુલાસો

## 1000થી વધુ નિમણૂક-વેતન પદ્ધતિમાં વિસંગતતા સામે પારદર્શિતાની માગ

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નિવૃત્તિ બાદ અધિકારીઓ કર્મચારીઓને કોન્ટ્રાક્ટથી ફરી નોકરીમાં રાખવાના મામલે આરટીઆઈમાં ચોંકાવનારી વિગતો સામે આવી હોવાનો કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે દાવો કર્યો છે. તેમના મુજબ 2023થી 2026 દરમિયાન 210થી વધુ નિવૃત્ત કર્મચારીઓ અધિકારીઓને કોન્ટ્રાક્ટ આધારિત કામગીરી સોંપાઈ છે. 2015થી અત્યાર સુધી આંકડો 1000થી વધુ હોવાનો દાવો છે. રાવલે સરકાર પાસે સમગ્ર રાજ્યમાં નિવૃત્તિ બાદ સરકારી, અર્ધસરકારી અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં નોકરી કરતા કર્મચારીઓનો ડેટા જાહેર કરી શ્વેતપત્ર બહાર પાડવાની માગ કરી છે. અમદાવાદની સ્થિતિ જોતા અન્ય મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, બોર્ડ-નિગમો અને વિભાગોમાં પુનઃનિયુક્તિનું પ્રમાણ જાહેર થવું જરૂરી છે. રાવલે સવાલ કર્યો કે નિવૃત્તિ બાદ નોકરીમાં લેવાની જરૂર કયા સંજોગોમાં ઉભી થાય છે અને કયા નિયમ આધારે નિમણૂક થાય છે. નિષ્ણાત સેવા માટે સેવા અલગ છે, પરંતુ વર્ષો સુધી કોન્ટ્રાક્ટ પર રાખવું ભરતીનો વિકલ્પ છે કે કેમ તે સ્પષ્ટ થવું જોઈએ. વેતનમાં ફિક્સ પગાર, 35 ટકા અને પે માઈનસ પેન્શન પદ્ધતિ સામે પારદર્શિતાની માગ કરાઈ છે.

# 14 વર્ષથી પ્રતિબંધ છતાં 3 હજાર કરોડના તમાકુ-પાનમસાલાનું વેચાણ, 100માંથી 38 પુરુષો બંધાણી

## ગુટખા કેન્સરકારક હોવા છતાં બેરોકટોક વેચાણથી કેન્સરના કેસમાં વધારો

**ગાંધીનગર**

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે 2023-24માં ગુજરાત માટે તમાકુનો વપરાશ ચિંતાજનક છે. રાજ્યમાં 15 વર્ષ કે વધુ વયના 38.40 ટકા પુરુષો અને 7 ટકા મહિલાઓ કોઈને કોઈ પ્રકારના તમાકુનું સેવન કરે છે. સરળ ભાષામાં દર 100માંથી 38 પુખ્ત પુરુષો તમાકુ વાપરે છે.

38.4 ટકા લોકોને ગુટખાના વપરાશકર્તા કહી શકાય નહીં, કારણ કે આ આંકડો તમામ પ્રકારના તમાકુને આવરે છે. તેમાં સિગારેટ, બીડી, ખૈની, માવો, ચાવવાનું તમાકુ, ગુટખા વગેરેનો સમાવેશ થાય છે. સરકારી યાદીમાં ટાટા મેમોરિયલ હોસ્પિટલ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ અને હેમરના સંશોધન મુજબ ગુટખા પાન મસાલા કેન્સરકારક છે, મોઢાના કેન્સરનું જોખમ વધે છે.

ગ્લોબલ સર્વે મુજબ દેશમાં 35 ટકા પુખ્ત લોકો તમાકુ વાપરે છે, 21 ટકા સ્મોકલેસ તમાકુ વાપરે છે. સરકારના દાવા મુજબ કોઈપણ નામના નિકોટિનયુક્ત ગુટખા પાન મસાલા અને તેના મિશ્રણથી બનતા ઉત્પાદન પર પ્રતિબંધ રહેશે, ભંગ કરનાર સામે કડક કાર્યવાહી થશે. છતાં બેફામ વેચાણથી કેન્સરના કેસ વધી રહ્યા છે, કેટલાક દિવસમાં 8થી 10 વખત સેવન કરે છે નોંધપાત્ર બજાર છે

# PM મોદીના કાર્યક્રમ માટે યુનિ.નું પેવેલિયન ફાળવાતાં વિવાદ સર્જાયો

## નિયમો નેવે મૂકાયાનો આક્ષેપ, આંદોલન કરવાની ચીમકી

**વડોદરા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8 સપ્ટેમ્બરના ગુજરાતની મુલાકાતે પધારી રહ્યા છે. તેઓ વડોદરા અને નવસારીમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. વડોદરામાં પીએમ મોદીના કાર્યક્રમને લઈ એમ એસ યુનિવર્સિટીના યુનિયન પેવેલિયન (સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ)ની ફાળવણી કરવામાં આવતાં ભારે વિવાદ સર્જાયો હતો.

યુનિવર્સિટી પ્રશાસનના આ નિર્ણય સામે સેનેટ સભ્ય કપિલ જોશીએ સખત વિરોધ નોંધાવીને તાત્કાલિક ધોરણે આ પરવાનગી રદ કરવાની માગ કરી હતી. આ ઉપરાંત, જો નિર્ણય પાછો નહીં ખેંચવામાં આવે તો વિદ્યાર્થીઓ અને 'જેન-ઝી'ને સાથે રાખી દિલ્હી સ્તરનું ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

સેનેટ સભ્ય કપિલ જોશીએ સત્તાધીશો સામે આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં સિન્ડિકેટ બેઠકમાં સ્પષ્ટ ઠરાવ કરાયો હતો કે આ ગ્રાઉન્ડ માત્ર રમત-ગમત માટે જ ઉપયોગમાં લેવાશે. શહેરમાં નવલખી, લેપ્રસી કે પાલિકાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા મેદાનો ઉપલબ્ધ હોવા છતાં નિયમોનો અનાદર કરીને આ મંજૂરી કઈ મજબૂરી હેઠળ આપવામાં આવી? આગામી સમયમાં ઈન્ટર-યુનિવર્સિટી સ્પર્ધાઓ આવી રહી છે ત્યારે મેદાન બ્લોક થવાથી ખેલાડીઓની પ્રેક્ટિસ જોખમાશે.

અગાઉ યોજાયેલા રાજકીય કાર્યક્રમોનો સંદર્ભ આપતાં તેમણે ઉમેર્યું હતું કે, વર્ષો પહેલાં આયોજિત કાર્યક્રમ બાદ મહિનાઓ સુધી ગ્રાઉન્ડમાંથી લોખંડના ખીલ્લા અને કાટમાળ મળ્યા હતા, જેના કારણે રમતી વખતે ખીલ્લા પગમાં ઘૂસી જતાં અનેક ખેલાડીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સત્તાધીશો રાજકીય લાભ ખાતર મહારાજા સયાજીરાવ ગાયકવાડના આદર્શોને ધૂળમાં મેળવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

# ભાયલીમાં એન્જિનિયર સાથે રોકાણના બહાને 13.83 લાખની ઠગાઈ

**વડોદરા**

ભાયલીના અર્ત ઈન્ફિનિટી ફ્લેટમાં રહેતા મિકેનિકલ એન્જિનિયર કાલિયા પેરુમલભાઈ ગોવિંદરાસુ સાથે રોકાણના નામે 13.83 લાખની ઓનલાઇન છેતરપિંડી આચરવામાં આવી છે. જુલાઈ 2020માં ગૂગલ પર સર્ચ દરમિયાન તેમને 'ઈન્વોઈસટ્રેડ્સ' નામનું ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ મળ્યું હતું. પત્નીના જરૂરી દસ્તાવેજો સબમિટ કરી ખાતું શરૂ કર્યા બાદ સાઈટ વિશ્વાસપાત્ર લાગતાં તેમણે પુત્રી શ્યામલા અને પુત્ર પાર્થસારથીના નામે પણ એકાઉન્ટ્સ ખોલાવ્યાં હતાં. આ ત્રણેય ખાતાંમાં નફા સહિત કુલ 23.68 લાખ જમા દર્શાવવામાં આવતા હતા, પરંતુ તે રકમ વિડ્રો થઈ શકી નહોતી. તેમણે રોકેલા કુલ 35.61 લાખમાંથી માત્ર 21.77 લાખ જ પરત મળ્યા હતા અને બાકીના 13.83 લાખ અટવાઈ જતાં પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થયો હતો. અંતે તેમણે સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સુભાનપુરા મેડિકલમાં પ્રવેશ અપાવવાનું કહીને બિલ્ડર પાસેથી 55 લાખ પડાવ્યા

## દંપતી સહિતની ઠગ ટોળકી સામે ગુનો દાખલ કરાયો

**સુભાનપુરા**

મેડિકલમાં એડમિશન અપાવવાનું કહી બિલ્ડર પાસેથી 55 લાખ પડાવી લેનાર દંપતી સહિતની ઠગ ટોળકી સામે ગોરવા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુભાનપુરાની અમૃતા પાર્ક સોસાયટીમાં રહેતા અને બિલ્ડર દિક્ષીત મુકેશકુમાર સુરેન્દ્રભાઈના પુત્ર શિવાંગને ધો.12 સાયસન્સ પછી મેડિકલમાં એડમિશન લેવાનું હતું. તેની માટે નિઝામપુરા આદિત્ય કોમ્પલેક્સની એક ઓફિસનો કોન્ટેક્ટ નંબર મળતા વર્ષ 2019 માં વાત કરી હતી. ફોન પર અજીતેષકુમાર સારંગી સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ અજીતેષકુમાર, યાજનીક ચંદ્રેશ દિવ્યકાંત તથા રણજીત મુખીયા અને સંજીવ ઝા મારી સુભાનપુરા અંજના પાર્કની ઓફિસે મળવા આવ્યા હતા. અગાઉ મેડિકલમાં કેટલાક લોકોને એડમિશન અપાવ્યા હોવાની વાત કરતા અમને વિશ્વાસ આવ્યો હતો. તેઓએ 60 લાખનો ખર્ચ થશે, તેવું જણાવ્યું હતું. તેઓના કહેવાથી શરૂઆતમાં 10 લાખ આપ્યા હતા. ત્યારબાદ તેઓએ એડમિશનની કાર્યવાહી શરૂ કરી હતી. મે-જૂન 2019 માં નીટની પરીક્ષા આવતી હોઈ તેઓએ ફોર્મ અંગેની કાર્યવાહી કરી હતી અને 45 લાખ રોકડા તૈયાર રાખવા કહ્યું હતું. તમારા દીકરાને પરીક્ષામાં કોઈ તકલીફ નહીં થાય. મેં મારા સંબંધીઓ પાસેથી લઈને 45 લાખ ભેગા કર્યા હતા. રોકડા 45 લાખ મેં આ ચારેયને આપ્યા હતા. મારા દીકરાએ પરીક્ષા આપી હતી અને રિઝલ્ટ આવતા મેં તેઓ પાસે રિઝલ્ટની માગણી કરી હતી. ત્યારે તેઓએ એવો જવાબ આપ્યો કે, તમે ચિંતા ના કરશો, તમારા દીકરાનું એડમિશન થઈ જશે, પછી બધા ડોક્યુમેન્ટ્સ આપીશું. પરંતુ, તેઓએ એડમિશન કરાવી આપ્યું ન હતું અને એવો જવાબ આપ્યો હતો કે, વર્ષ 2020 માં એડમિશન કરાવી આપીશું. પરંતુ, તેઓએ એડમિશન નહીં અપાવતા મેં 55 લાખ પરત માગ્યા હતા. તેઓએ આપેલા ચેક રિટર્ન થયા હતા.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West): 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમરેલીમાં પાયલ ગોટીના વરઘોડા બદલ સરકારને દંડ

## રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે ધરપકડને ગેરકાયદે ગણાવી, સરઘસ કાઢવા બદલ પીડિતાને રૂ. 7.50 લાખ ચૂકવવા સરકારને આદેશ આપ્યો

**અમરેલી**

અમરેલીમાં 29 ડિસેમ્બર 2024ના ચકચારી લેટરકાંડ બાદ પોલીસ તંત્ર દ્વારા આરોપીઓનો જાહેરમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધારની ઓફિસમાં ટાઈપિસ્ટ તરીકે નોકરી કરતી યુવતી પાયલબેન ગોટી સામે પણ ગુનો નોંધીને રિ-કન્સ્ટ્રક્શનના નામે જાહેરમાં ફેરવવામાં આવી હતી. પોલીસની આ સમગ્ર કાર્યવાહી સામે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી.



ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત ઓપન હિયરિંગમાં આ ફરિયાદ પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ત્રણ સભ્યોની બેન્ચ સમક્ષ ફરિયાદ પક્ષના એડવોકેટ બ્રિજ શેઠે પીડિતા પાયલબેનની ઉપસ્થિતિમાં ધારદાર રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે મહિલાની ધરપકડ કરતી વખતે કાયદાકીય પ્રક્રિયાનું સહેજ પણ પાલન કરાયું નહોતું. મધરાતના સમયે કોઈપણ સમન્સ કે નોટિસ વગર ધરપકડ કરી જાહેરમાં વરઘોડો કાઢી એક મહિલાની સામાજિક પ્રતિષ્ઠા અને માનવ અધિકારોનું ગંભીર હનન કરાયું હતું.

બીજી તરફ સુનાવણી દરમિયાન પોલીસ તંત્ર વતી અમરેલી એસપી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પક્ષ રજૂ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર ઘટનામાં જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે અને જરૂરી જણાયેલા પોલીસ અધિકારીઓ સામે બરતરફી તથા બદલી સહિતના શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યા છે.

બંને પક્ષોની દલીલો, પીડિતાનું નિવેદન અને લેખિત પુરાવાઓની ગહન તપાસ બાદ આયોગે સ્પષ્ટ નિષ્કર્ષ આપ્યો હતો. કમિશને નોંધ્યું કે ધરપકડ વખતે નિયત કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન થતાં પાયલબેનના મૂળભૂત માનવ અધિકારોનો ભંગ થયો છે. આ બેદરકારી બદલ આયોગે રાજ્ય સરકારને પીડિતાને રૂ. 7.50 લાખનું આર્થિક વળતર ચૂકવવાનો સ્પષ્ટ આદેશ કર્યો છે.

# ખેડાના મહુધામાં યુવક પર જીવલેણ હુમલા બાદ બે જૂથ વચ્ચે અથડામણ

**ખેડા**

ખેડા જિલ્લાના મહુધામાં તાજેતરમાં બે અલગ કોમ વચ્ચે થયેલી જૂથ અથડામણ બાદ સર્જાયેલી તંગદિલી વચ્ચે તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આજે (પહેલી સપ્ટેમ્બર) સ્ટેટ માર્ગ અને મકાન (R&B) વિભાગ દ્વારા મહુધા-કઠલાલ રોડ પર ફીણાવ ભાગોળથી રેસ્ટ હાઉસ ચોકડી સુધીના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. કોઈ અણબનાવ ન બને તે માટે આ સમગ્ર કામગીરી દરમિયાન જિલ્લા અને સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, મહુધા ચોકડી વિસ્તારમાં કારચાલક જિગ્નેશ પટેલ અને એક રિક્ષાચાલક વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી, જેણે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. રિક્ષાચાલકે અન્ય શખસોને સ્થળ પર બોલાવી જિગ્નેશ પટેલ પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા જિગ્નેશ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે નડિયાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તે હાલ આઈસીયુમાં સારવાર હેઠળ છે.

# ગુજરાત બોર્ડર પર પાકિસ્તાનનું હનીટ્રેપ ષડયંત્ર અનેક યુવાનો જાસૂસીની જાળમાં ફસાઈ ગયા

## છેલ્લા બે વર્ષમાં ગુજરાત એટીએસે પાંચ કેસનો ખુલાસો કર્યો, મહિલાઓ થકી થતા ખેલ

**ભુજ**

પાકિસ્તાની એજન્સી આઈએસઆઈ દ્વારા અગ્નિવીરોને હની ટ્રેપમાં ફસાવવાના કેસ વચ્ચે સરહદી કચ્છ અને બનાસકાંઠા જિલ્લો પાકિસ્તાની આઈએસઆઈ એજન્ટોના નિશાના પર હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. છેલ્લા બે વર્ષમાં ગુજરાત એટીએસે કચ્છ, ઓખા અને પોરબંદર પટ્ટામાંથી પાંચથી વધુ જાસૂસીના કેસ પકડી પાડી પાકિસ્તાની જાસૂસી નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.



ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની મહિલા હેન્ડલર્સ સોશિયલ મીડિયા પર ગ્લેમરસ પ્રોફાઈલ બનાવી યુવાનો અને સેના-બીએસએફ સાથે જોડાયેલા કામદારોને દોસ્તી અને પ્રેમની જાળમાં ફસાવે છે. કચ્છના દયાપરના કોન્ટ્રાક્ટ હેલ્થ વર્કર સહદેવસિંહ ગોહિલે અદિતિ ભારદ્વાજ નામે સંપર્ક કરનાર પાકિસ્તાની એજન્ટને સીમા સુરક્ષા દળ અને નેવીના નવા કેમ્પ તથા બાંધકામની માહિતી પૂરી પાડી હતી. આ બદલ તેને રોકડા રૂ ૪૦ હજાર ચૂકવાયા હતા અને તેણે પોતાના દસ્તાવેજોથી સીમકાર્ડ એક્ટિવેટ કરાવી ઓટીપી પણ પાકિસ્તાન મોકલ્યો હતો.

# નાગલપર : વાડીના રસ્તા પર ચાલવાની તકરારમાં હત્યા કરનારા પિતા અને બે પુત્રોને આજીવન કેદ

## પુરાવા ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીઓને તકસીરવાર ઠેરવી દાખલારૂપ સજા સંભળાવી

**બોટાદ**

બોટાદ તાલુકાના નાગલપર ગામે ચારેક વર્ષ અગાઉ વાડીના રસ્તે ચાલવા જેવી નજીવી બાબતમાં કરાયેલી હત્યાના કેસમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપી ત્રણ આરોપીઓને આજીવન સખત કેદની સજા ફટકારી છે. નાગલપર ગામમાં જમીનના ભાગ પડ્યા બાદ વાડીના નીચેના ભાગે આવેલા રસ્તેથી ચાલવા બાબતે ચાલી રહેલી તકરારની દાઝ રાખીને આ ખૂની ખેલ ખેલાયો હતો.

ગત તા. 7-9-2022 ના રોજ લાલજી ખોડાભાઈ કિહલા તેમજ તેના બે પુત્રો વિપુલ લાલજીભાઈ કિહલા અને દિનેશ લાલજીભાઈ કિહલાએ એકસંપ થઈને કરશનભાઈ ગોવિંદભાઈ કિહલા પર કોદાળી, ધારિયું અને છરી વડે ઘાતકી હુમલો કરી તેમની નિર્મમ હત્યા કરી નાખી હતી. બનાવ અંગે મૃતકના ભાઈ વનરાજભાઈ કિહલાએ નોંધાવેલી ફરિયાદના આધારે બોટાદ પોલીસે આઈપીસી તેમજ જીપીએ એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી.

આ કેસ અદાલતમાં ચાલવા પર આવતાં સરકારી વકીલ કે.એમ. મકવાણાની દલીલો તેમજ 44 દસ્તાવેજી પુરાવા અને 17 સાક્ષીઓની જુબાનીને આધારે ન્યાયમૂર્તિ એમ.જે. પરાશરે ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસમાં પ્રોસિક્યુશન સાથે અન્ય ધારાશાસ્ત્રીઓ પણ જોડાયા હતા.

# અમરેલીના પીપળલગ ગામે તળાવમાં ડૂબી જવાથી બે સગા ભાઈઓના મોત

**અમરેલી**

અમરેલી તાલુકાના પીપળલગ ગામે રહેતા દિનેશભાઈ ઉર્ફે કાળુભાઈ ભાસ્કર તથા તેમના પત્ની ગઈ કાલે મજૂરી કામે ગયા હતા.અને પાછળથી તેમના બે પુત્રો ૧૨ વર્ષીય સંજય ભાસ્કર અને ૧૦ વર્ષીય પ્રિન્સ ભાસ્કર ઘરેથી કહ્યા વગર નજીક આવેલા તળાવે ન્હાવા ગયા હતા. હતા. સમય વીતવા છતાં બાળકો પરત ન ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન તેઓ તળાવમાં ડૂબી ગયા હોવાની આશંકા જાગતા સ્થાનિક લોકો દ્વારા તુરંત જ તંત્રને જાણ કરવામાં આવી હતી.ઘટનાની ગંભીરતા જોતા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ અને ફાયર બ્રગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડ ટીમ દ્વારા તળાવમાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. મોડી રાત્રે ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડ ટીમે બંને સગા ભાઈઓના નિષ્પ્રાણ દેહ પાણીમાંથી શોધી કાઢ્યા હતા. બાળકોના મૃતદેહને પોલીસ દ્વારા સરકારી હોસ્પિટલે પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા. દિનેશભાઈ ઉર્ફે કાળુભાઈ ભાસ્કરને ૩ પુત્રો અને એક પુત્રી છે તેમાં બે પુત્રોના અચાનક ડૂબી જવાથી થયેલા આકસ્મિક મૃત્યુના કારણે પરિવાર ઉપર આભ તૂટી પડયું હતું.

# બગોદરા-વટામણ હાઈવે પર આઈસર-બાઈક વચ્ચે ટક્કરમાં બે યુવકોના મોત

**અમદાવાદ**

અમદાવાદના બગોદરા-વટામણ હાઈવે પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મૃતક બંને યુવકો બાઈક પર વડોદરા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન અરણેજ ગામ નજીક પુરપાટ ઝડપે આવી રહેલી આઈસર ટ્રકે બાઈકને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકસવાર બંને યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ બગોદરા 108ની ટીમ અને કોઠ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતકોના મૃતદેહને કબ્જે કરીને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. બંને મૃતક યુવકોના પરિવારજનોનો સંપર્ક સાધવા માટે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભુજમાં ઊંચા વ્યાજની લાલચે રોકાણકારો સાથે રૂપિયા 1.14 કરોડની છેતરપિંડી

**ભૂજ**

ગુજરાતભરમાં ઊંચા વ્યાજની લાલચ આપીને કરોડો રૂપિયા હજમ કરી જનારી અમદાવાદની ‘યુનિક’ કંપની સામે ભુજમાં રૂ. 1.14 કરોડની છેતરપિંડીની વધુ એક ફરિયાદ દાખલ થઈ છે. કંપનીના ચેરમેન રાજકુમાર કૈલાસ રાય, એમ.ડી રાહુલ રાય, ઉત્કર્ષ રાય, ઉષા રાય અને જનરલ મેનેજર હસમુખ ડોડિયા સામે ભુજની જૂની રાવલવાડીમાં રહેતા મહિલા એજન્ટ ભારતીબેન શાહે આ ફરિયાદ નોંધાવી છે. આરોપીઓ ભુજની હોટેલોમાં સેમિનાર યોજી ઊંચા કમિશન અને વિદેશ પ્રવાસની લાલચ આપતા હતા.

ફરિયાદી અને અન્ય રોકાણકારોએ વિવિધ સ્કીમોમાં રૂ. 82.45 લાખનું રોકાણ કર્યું હતું. આ 117 રોકાણો સામે પાકતી મુદતે વ્યાજ સાથે રૂ. 1,14,79,000 ચૂકવવાના હતા, પરંતુ કંપનીએ તેમાંથી માત્ર રૂ. 9.27 લાખ જ પરત કર્યા હતા.

ભુજ બી-ડિવિઝન પોલીસે ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝીટર્સ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધ્યો છે. આ કંપની સામે અગાઉ ભુજ, ગાંધીધામ, અંજાર, અમદાવાદ, જામનગર, મહેસાણા અને હૈદરાબાદમાં પણ ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

# ભાવનગરમાં લટ્ઠાકાંડના મુખ્ય સૂત્રધાર સાથે સંપર્ક ખૂલતાં પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ

**ભાવનગર**

ભાવનગરમાં સર્જાયેલા ચકચારી લટ્ઠાકાંડમાં સીડીઆર ચકાસણીમાં મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સાથે સતત સંપર્ક ખૂલતાં ગ્રામ્ય એએસપી સ્ક્વોડના કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલની વિધિવત ધરપકડ કરવામાં આવી છે. આ ગંભીર કેસમાં અત્યાર સુધીમાં 38 આરોપીઓ પકડાયા છે, જેમાં મુખ્ય 14 આરોપીઓને કોર્ટે જેલહવાલે કર્યા છે. સમગ્ર પ્રકરણમાં ફરજમાં ઘોર બેદરકારી બદલ એલસીબી પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા, વરતેજ પીઆઈ એ.બી. પઢેરીયા, બીટ જમાદાર ધર્મપાલસિંહ ગોહિલ તેમજ ડી-સ્ટાફના જયરાજસિંહ અને અનિરૂદ્ધસિંહ સહિત પાંચ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સ્વદેશ


FRIDAY, 04 SEPTEMBER 2026



## કરીના કપૂર ખાન ક્રાઈમ ઈન્વેસ્ટીગેટરનો રોલ કરશે


મુંબઈ: કરીના કપૂર ખાન 'મીસીસ'ના સર્જન માટે લોકપ્રિય બનેલી આરતી કડવ સાથે એક પ્રોસીજ્યુરલ ડ્રામા માટે કોલબરેશન કરી રહી છે. કરીનાએ પટકથાથી પ્રભાવિત થઈને તાત્કાલિક પ્રોજેક્ટ માટે મંજૂરી આપી દીધી હોવાનું માનવામાં આવે છે. હાલ પ્રીપ્રોડક્શન કામ ચાલી રહ્યું છે અને ફિલ્મનું શૂટ સપ્ટેમ્બરમાં શરૂ થવાની સંભાવના છે. કરીના અગાઉ કમર્શિયલ મનોરંજન ફિલ્મો સાથે પડકારજનક, કેન્ટેન્ટ આધારીત રોલ ધરાવતી ફિલ્મો 'ચમેલી', 'દેવ' અને 'ઓમકારા' કરી ચૂકી છે. આરતી કડવ સાથે કામ કરવાનું નક્કી કરી તેણે ફરી વિશિષ્ટ પટકથા આધારિત ફિલ્મ પર પસંદગી ઉતારી છે.

## બાદશાહના બીજા લગ્ન પણ તૂટ્યા લગ્નના માત્ર 5 મહિનામાં છૂટાછેડા



મુંબઈ : પ્રસિદ્ધ રેપર બાદશાહ અને પંજાબી એક્ટ્રેસ ઈશા રીખીના લગ્નજીવનને લઈને છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચાલી રહેલી અટકળો પર હવે વિરામ મુકાઈ ગયો છે. લગ્નના માત્ર પાંચ મહિના બાદ જ આ કપલે અલગ થવાનો નિર્ણય લીધો છે. સોમવારે રાત્રે બંનેએ પોતપોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એકસરખુ સ્ટેટમેન્ટ પોસ્ટ શેર કરીને પોતાના છૂટાછેડાની જાહેરાત કરી હતી. બાદશાહે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ શેર કરીને ઈશા રીખીથી અલગ થવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આ નિર્ણય બંનેએ પરસ્પર સંમતિથી લીધો છે. તેમણે ચાહકો અને મીડિયાને આ મુશ્કેલ સમયમાં તેમની પ્રાઈવેસીનું સન્માન કરવાની વિનંતી કરી છે. બાદશાહે પોતાની પોસ્ટમાં લખ્યું, 'મેં અને ઈશા રીખીએ પરસ્પર સંમતિથી અલગ થવાનો અને પોતપોતાના રસ્તે આગળ વધવાનો નિર્ણય લીધો છે.

## 'હનુમાન અંશ' ફિલ્મે 800% થી વધુ નફો કરી સર્જ્યો નવો ઇતિહાસ!




મુંબઈ : સહજ અને સકારાત્મક માઉથ પબ્લિસિટીના આધારે 'હનુમાન અંશ' ફિલ્મે 800 ટકાથી વધુ નફો કરીને ભારતીય બોક્સ ઓફિસ પર ઈતિહાસ સર્જ્યો છે. ગત 7 ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયેલી 'હનુમાન અંશ' ફિલ્મે શરૂઆતના બે સપ્તાહમાં ઓછા ફોર્મ બાદ ત્રીજા અઠવાડિયાથી એવી ઝડપ પકડી હતી. જેમાં ફિલ્મે ત્રીજા સપ્તાહમાં અભૂતપૂર્વ ઉછાળો નોંધાવીને માત્ર 2 કરોડના બજેટ સામે મોટું પ્રોફિટ માર્જિન હાંસલ કર્યું છે. Sacnilkના આંકડા અનુસાર, રિલીઝના પ્રથમ દિવસે ફિલ્મે 10 લાખની કમાણી કરી હતી. જેમાં પહેલા 2 સપ્તાહ દરમિયાન પણ ફિલ્મનો દેખાવ અત્યંત નબળો રહ્યો હતો અને તેમાં ફિલ્મે માંડ 1.48 કરોડ એકત્રિત કરી શકી હતી. પરંતુ 17મા દિવસથી પાસા પલટાયા હતા. 17મા દિવસે ફિલ્મે એક જ દિવસમાં 2.20 કરોડની કમાણી કરી હતી. સોશિયલ મીડિયા પર પ્રેક્ષકોના વખાણ અને એકબીજાને ફિલ્મ જોવાની ભલામણો વધતા જ સિનેમાઘરોમાં અચાનક પ્રેક્ષકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો.

# ટોમ ક્રુઝને મારા પર ક્રશ છે : મલ્લિકા શેરાવત



મુંબઈ : મલ્લિકા શેરાવતની હવે ઈન્ડસ્ટ્રીમાં ખાસ ડિમાન્ડ રહી નથી. એને ભાગ્યે જ કોઈ ફિલ્મ મળે છે. એટલે ન્યુઝમાં રહેવા મલ્લિકા મેડમ જાતજાતના ગતકડાં કરતાં રહે છે. 'જૂઠ નહીં બોલ રહી.મેરા ફોન હોતા તો મૈં આપકો વિડીયોઝ દિખાતી ઉસકી' બોલિવુડની એક સમયની સેક્સ સિમ્બોલ મલ્લિકા શેરાવતની હવે ઈન્ડસ્ટ્રીમાં ખાસ ડિમાન્ડ રહી નથી. એને ભાગ્યે જ કોઈ ફિલ્મ મળે છે. એટલે ન્યુઝમાં રહેવા મલ્લિકા મેડમ જાતજાતના ગતકડાં કરતી રહે છે.

હમણાં એણે ઓટીટી પર પ્રસારિત થતા કરણ જોહરના રિયાલિટી શો 'ધ ટ્રેટર્સ - સિઝન ટુ'માં એવી શેખી કરી કે, 'હોલિવુડના સુપરસ્ટાર ટોમ ક્ઝને મારા પર 'ક્રશ' છે. સરળ ભાષામાં કહીએ તો મલ્લિકાનો દાવો છે કે ટોમ એના મોહમાં પડી ગયો છે! લો, બોલો.

સોશિયલ મિડીયા પર વાયરલ થયા બાદ લોકોમાં ચર્ચાનો વિષય બની ગયેલી એક ક્લિપમાં ૦૦૦નો કોન્ટેસ્ટંટ અને કોમેડિયન આદિત્ય કુલ શ્રે ઉર્ફે કુલ્લુ મલ્લિકાને એવું પૂછતો દેખાય છે કે, 'મલ્લિકાજી,આપકો કિસી પે ક્રશ આયા હૈ કભી?' જવાબમાં એક્ટ્રેસ એકદમ કોન્ફિડન્સથી કહે છે, 'નહીં, સબકો મેરે પર હી ક્રશ આતા હૈ. ટોમ ક્ઝ કો આયા હુઆ હૈ આજકલ.'

મલ્લિકાના આવા ધડાકા (અથવા બકવાસ)થી શોના કોન્ટેસ્ટંટસનું વિચારમાં પડી જવું સ્વાભાવિક હતું. પોતાના દાવામાં વજન લાવવા ઉમેર્યું, 'જુઠ નહીં બોલ રહી.મેરા ફોન હોતા તો મૈં આપકો વિડીયોઝ દિખાતી ઉસકી' આમ કહીને મેડમે એવો નિર્દેશ આપી દીધો કે ટોમ એને વીડિયોઝ મોકલે છે. મલ્લિકા પાસેથી આ પ્રકરણમાં વધુ બાતમી કઢાવવા કોન્ટેસ્ટંટસે હળવેકથી પૃચ્છા કરી, 'કૈસે વીડિયોઝ ભેજ રહે હે વો?' હરિયાણવી મેડમને તો આટલું જ જોઈતું હતું. એણે પોતાના દાવામાં ઉમેરો કરતા કહ્યું કે, 'ટોમ મને પાર્ટીમાં સાથે મહાલતા હોઈએ એવા વીડિયો મોકલે છે. આ સાંભળીને એક કોન્ટેસ્ટંટે ચબરાકીથી પૂછયું, 'વો એકદમ કૂલ હ ના?' જવાબમાં મલ્લિકાએ હોલિવુડના સુપરસ્ટારને વણમાગ્યું સટફિકેટ આપતા કહ્યું, 'અરે વો તો ફેબ્યુલસ હૈ'

# 'પ્રેગ્નન્સીમાં મારું વજન 11 કિલો વધી ગયું છે' : સામંથા

મુંબઈ : તેલુગુ સિનેમાની લોકપ્રિય અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ હાલમાં પોતાના કામમાંથી બ્રેક લઈને



માતૃત્વના આ સુંદર તબક્કાનો આનંદ માણી રહી છે. તાજેતરમાં સામંથાએ ઈન્સ્ટાગ્રામ પર ચાહકો સાથે એક ખાસ 'આસ્ક મી એનીથિંગ' સેશન યોજ્યું હતું, જ્યાં ચાહકોએ તેમની પ્રેગ્નન્સી અને માતા બનવાના અનુભવો વિશે અનેક સવાલો પૂછયા હતા, જેમાં સામંથાએ ખૂબ જ સુંદર અને નિખાલસ જવાબો આપ્યા હતા. સામંથાએ જણાવ્યું કે તેઓ આ સુંદર પ્રવાસની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ સેશન દરમિયાન સામંથાને પૂછાયું કે, ન્યૂ મોમ, તમે કેવું અનુભવી રહ્યા છો? આ સવાલના જવાબમાં એક ચાહકે લખ્યું કે તેનું વજન વધી રહ્યું છે, જેના પર સામંથાએ હસીને કહ્યું કે, હું તમારી લાગણી સમજી શકું છું, મારું વજન પણ અત્યાર સુધીમાં ૧૧ કિલો વધી ગયું છે. અન્ય એક ચાહકે જ્યારે 'મોમ બ્રેઈન' એટલે કે વાક્ય શરૂ કરીને ભૂલી જવા વિશે વાત કરી, ત્યારે સામંથાએ ઉત્સાહપૂર્વક લખ્યું કે તેઓ પણ આ તબક્કાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# નિકોલે કિડમેન : કારકિર્દી પર ફોકસ કરવાને બદલે એણે જ્યારે હૃદયની વાત માની...



નિકોલ કિડમેને પોતાની ઉજ્જવળ કારકિર્દી સાથે પ્રેમ, લગ્ન, માતૃત્વ અને પુનર્શોધથી ભરેલી એક અંગત સફર પણ ખેડી છે. એક નિખાલસ મુલાકાતમાં કિડમેને હોલિવુડ સુપરસ્ટાર ટોમ ક્ઝ સાથેના પોતાના ૧૧ વર્ષના લગ્નજીવન વિશે વાત કરી હતી. બંને કલાકારો કિડમેનની હોલિવુડ ડેબ્યુ ફિલ્મ 'ડેઝ ઓફ થન્ડર'ના સેટ પર મળ્યાં હતાં. વ્યાવસાયિક સહયોગ ઝડપથી પ્રેમમાં બદલાયો અને ૧૯૯૦માં માત્ર ૨૨-૨૩ વર્ષની વયે કિડમેને ક્ઝ સાથે લગ્ન કરી લીધા. લોકોએ તેને ચેતવણી આપી હતી કે આટલા મોટા સ્ટાર સાથે લગ્ન કરવાથી એક કલાકાર તરીકે તેની પોતાની ઓળખ ઢંકાઈ જશે અને કારકિર્દીને નુકસાન થશે. કિડમેનને પાછળથી સમજાયું કે એ ચેતવણીઓમાં તથ્ય હતું, કારણ કે લોકો તેને માત્ર તેના પ્રસિદ્ધ પતિના દ્રષ્ટિકોણથી જ જોવા લાગ્યા હતા. જોકે કિડમેન જણાવે છે કે કરીઅર કરતાં પ્રેમને પ્રાધાન્ય આપવાનો તેને કોઈ પસ્તાવો નથી. આ લગ્ન પછી તેમણે બે બાળકો દત્તક લીધાં. કિડમેન માટે તેનો પરિવાર રેડ કાર્પેટ કે લાઈમલાઈટ કરતાં વધુ મહત્વનો બની ગયો હતો. જોકે, આ સંબંધ લાંબો ન ટક્યો અને ૨૦૦૧માં ક્ઝે છૂટાછેડા માટે અરજી કરી. વરસો પછી કિડમેને સ્વીકાર્યું કે તે સમયે તે ખૂબ અપરિપક્વ હતી. આજે કિડમેન હોલિવુડની સૌથી પ્રતિતિ અને વર્સેટાઈલ અભિનેત્રીઓમાંની એક છે. તેણે પોતાના પ્રથમ લગ્નના પડછાયામાંથી બહાર આવીને, પોતાની શરતો પર એક અસાધારણ કારકિર્દી ઘડીને સાબિત કર્યું કે તે એક મક્કમ અને સ્વતંત્ર કલાકાર છે..કારકિર્દી સલાહ મેળવો






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

## હમ ભી કિસી સે કમ નહીં, ઈસરો હવે વધુ એક સિદ્ધિ મેળવશે

# EOS-05 : સરહદો પર આકાશમાંથી મોનિટરિંગ શક્ય બનશે


**પ્રાંસગિક**
**ધવલ શુક્લ**

Earth Observation Satellite-05એ ભારતીય અકાદમિક અને સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા વિકસાવવામાં આવેલો એક અત્યાધુનિક પૃથ્વી અવલોકન ઉપગ્રહ છે. આ ઉપગ્રહ મુખ્યત્વે દેશની જમીન, જળસંપત્તિ અને પર્યાવરણીય ફેરફારો પર સતત નજર રાખવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ભારત સામાન્ય રીતે વિદેશી ઉપગ્રહો કે નીચી કક્ષાના ડેટા પર આધાર રાખતો હતો, પરંતુ જિઓ-ઈમેજિંગ ક્ષમતા હાંસલ થતાં જ ભારત વિશ્વના તે ગણ્યાગાંઠયા દેશોની યાદીમાં સામેલ થશે જેઓ પોતાની સરહદોનું અવકાશમાંથી સતત લાઈવ મોનિટરિંગ કરી શકે છે.

ભારતમાં અવકાશ ક્ષૈત્રે સંશોધન કરતી ઈસરો અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવાની તૈયારીમાં છે. તેનું Earth Observation Satellite-05 ઉપગ્રહ મુખ્યત્વે દેશની જમીન, જળસંપત્તિ અને પર્યાવરણીય ફેરફારો પર સતત નજર રાખવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

આ ઉપગ્રહનું મૂળ નામ GISAT-1A છે, જેને ઈસરોના નવા નામકરણના નિયમ મુજબ EOS-05 (Earth Observation Satellite-05) તરીકે ઓળખવામાં આવશે. આ સેટેલાઈટનું મુખ્ય કાર્ય અવકાશમાંથી ભારતીય ઉપમહાદ્વીપ અને સરહદી વિસ્તારો પર દિવસ-રાત સતત બાજ નજર રાખવાનું છે. સામાન્ય પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની સરખામણીએ EOS-૦૫ની ક્ષમતા ઘણી અદ્યતન અને વિશિષ્ટ છે. તે અત્યંત ઊંચાઈ પર રહીને દેશના વિશાળ ભૂભાગની વારંવાર અને ઝડપી તસવીરો લેવામાં સક્ષમ છે. આ મિશનથી દેશની કુદરતી આપત્તિ વ્યવસ્થાપન, સુરક્ષા અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ આવવાની પૂરી સંભાવના છે. પૃથ્વીની ભ્રમણકક્ષાઓના પ્રકાર અને EOS-૦૫ નું સ્થાન અવકાશમાં કોઈ પણ ઉપગ્રહને મોકલ્યા પછી તેને પૂર્વ-નિર્ધારિત કક્ષામાં સ્થાપિત કરવામાં આવે છે. સેટેલાઈટ કયા હેતુ માટે કામ કરશે તેના આધારે તેની કક્ષા નક્કી થાય છે. પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે મુખ્યત્વે આ કક્ષાઓનો ઉપયોગ થાય છે. સૌથી પહેલાં તો લો અર્થ ઓર્બિટમાં ઉપગ્રહો છોડવામાં આવે છે. પૃથ્વીની સપાટીથી તેની ઉચાઈ અંદાજે ૨૦૦થી ૧૨૦૦ કિલોમીટર જેટલી હોય છે. આ ભ્રમણકક્ષાની





ખાસિયત એ છે કે, તે પૃથ્વીની અત્યંત નજીક હોવાથી અહીંથી કોઈ ચોક્કસ સ્થળની ખૂબ જ સ્પષ્ટ, વિસ્તૃત અને હાઈ-રિઝોલ્યુશન તસવીરો મેળવી શકાય છે. બીજી તરફ આ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીની આસપાસ ખૂબ ઝડપથી ભ્રમણ કરે છે. આથી, તે કોઈ ચોક્કસ ભૂભાગ પર સતત નજર રાખી શકતો નથી. તે દિવસમાં માત્ર થોડીવાર માટે જ તે વિસ્તાર ઉપરથી પસાર થાય છે. તેથી ઘણા ઉપગ્રહો અહીંયા યોગ્ય પરિણામ આપી શકતા નથી.

બીજી તરફ જિઓસિંક્રોનસ અથવા તો જિઓસ્ટેશનરી ઓર્બિટ નામની ભ્રમણ કક્ષા આવે છે. તે પૃથ્વીની સપાટીથી આશરે ૩૫,૭૮૬ કિલોમીટરની ઉચાઈએ આવેલી ભ્રમણકક્ષા છે. આ કક્ષાની વિશેષતા એવી છે કે, આ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીના પરિભ્રમણની ગતિ સાથે તાલમેલ સાધીને ફરે છે. પરિણામે, પૃથ્વી પરથી જોતાં સેટેલાઈટ આકાશમાં એક જ જગ્યાએ સ્થિર હોય તેવો ભાસ થાય છે.

હવામાનની આગાહી કરતા ઉપગ્રહો સામાન્ય રીતે આ જ કક્ષામાં મૂકવામાં આવે છે. જેથી વાદળો અને વાવાઝોડાની હિલચાલ સતત નોંધી શકાય. દેશના ઋતુચક્ર અથવા તો હવામાનમાં થતા ફેરફારોનું નિરિક્ષણ કરવા અને તેના માટે એલર્ટ આપવા માટે આ કક્ષામાં રહેલા ઉપગ્રહોનો ઉપયોગ કરવામાં આવે છે.

ત્યારબાદ આવે છે હાયર જિઓસિંક્રોનસ ઓર્બિટ. તે સૌથી ઉપરની કક્ષા છે. તે અંદાજ ૩૬,૦૦૦ કિ.મી કરતા વધુ ઉચાઈ ધરાવતી ભ્રમણકક્ષા છે. નવા ઉપગ્રહ EOS-૦૫ને પણ આ જ ભ્રમણકક્ષામાં મુકવામાં આવશે. આ ઉપગ્રહને છોડવા માટેની આ ભ્રમણકક્ષાની વિશેષતા એવી છે કે, તે પૃથ્વીની વિશાળ ઈમેજ બનાવવામાં સરળતા આપે છે. તે ઉપરાંત EOS-૦૫ને પરંપરાગત નીચી કક્ષામાં મૂકવાને બદલે હાયર જિઓસિંક્રોનસ કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. આશરે ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએથી ઉપગ્રહનો દ્રષ્ટિકોણ ખૂબ વ્યાપક બને છે. ત્યાંથી તે એક વિશાળ વિસ્તારને એકસાથે સતત જોઈ શકે છે. કોઈ એક નાની જગ્યાની ઝીણવટભરી તસવીર લેવાને બદલે સમગ્ર ભારતીય પ્રદેશમાં ઝડપથી થતા ફેરફારો પર સતત નજર રાખવી એ આ કક્ષાનો સૌથી મોટો ફાયદો છે.

આ EOS-૦૫ સેટેલાઈટનું વજન આશરે ૨,૩૬૭ કિલોગ્રામ છે. તેમાં અત્યાધુનિક ઓપ્ટિકલ અને ઈન્ફ્રારેડ સેન્સર્સ લગાવવામાં આવ્યા છે, જે વાદળ વગરના વાતાવરણમાં સતત ડેટા મોકલતા રહેશે. આ સેટેલાઈટની મદદથી ઝડપી આપત્તિ વ્યવસ્થાપન થઈ શકે છે. પૂર, વાવાઝોડું, જંગલની આગ કે ભૂસ્ખલન જેવી કુદરતી આપત્તિઓ અચાનક આવે છે અને તેની સ્થિતિ કલાકોમાં બદલાઈ જાય છે. નીચલી ભ્રમણ કક્ષાના સેટેલાઈટ જ્યારે ફરીથી તે સ્થળ પર પહોંચે ત્યાં સુધીમાં મોડું થઈ જાય છે. તેની સામે આ નવો સેટેલાઈટ EOS-૦૫ દર ૫ થી ૩૦ મિનિટમાં તે વિસ્તારની નવી તસવીરો મોકલશે. જેના કારણે બચાવ અને રાહત દળો જાણી શકશે કે પાણી કઈ તરફ આગળ વધી રહ્યું છે અથવા આગ કેટલી ફેલાઈ છે, જેથી ત્વરિત પગલાં લઈ શકાય. કુદરતી અને માનવસર્જિત આપત્તીઓમાં આ સેટેલાઈટ દ્વારા ખૂબ જ સચોટતાપૂર્વક કામ થઈ શકે છે.

ભારત માટે સૌથી મહત્ત્વની વાત છે તેની રાષ્ટ્રીય સરહદોની રિયલ ટાઈમ સુરક્ષા કરવી. તેના માટે આ સેટેલાઈટ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. ભારતની જમીની અને દરિયાઈ સરહદો અત્યંત લાંબી અને સંવેદનશીલ છે. હિમાલયના દુર્ગમ પહાડી વિસ્તારો કે અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરમાં દરેક ક્ષણે ગ્રાઉન્ડ પેટ્રોલિંગ શક્ય બનતું નથી. અવકાશમાંથી મળતી રિયલ-ટાઈમ તસવીરો સરહદ પાર થતી કોઈપણ અસામાન્ય હિલચાલ, બાંધકામ કે ઘૂસણખોરીની માહિતી સુરક્ષા દળોને તાત્કાલિક પૂરી પાડશે. ખાસ કરીને ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરહદે સૌથી વધારે હિલચાલ થતી હોય છે. ચીન દ્વારા ભારતની સરહદો નજીક મોટા મોટા સેન્ટરો, સૈન્ય મથકો અને અન્ય બાંધકામો કરવામાં આવે છે. તેવી જ રીતે બાંગ્લાદેશમાંથી પણ મોટાપાયે ઘુસણખોરી થતી હોય છે. આ તમામ કામગીરી ઉપર હવે વધારે સચોટ રીતે નજર રાખવામાં આવશે અને તાકીદે પગલા લેવામાં પણ સરળતા રહેશે.

કૃષિ અને પાક સર્વેક્ષણ સેક્ટરમાં પણ આ સેટેલાઈટની મદદ મેળવી શકાશે. દેશના વિશાળ ખેતીલાયક વિસ્તારોમાં પાકની સ્થિતિ, દુષ્કાળની અસર, જમીનમાં ભેજનું પ્રમાણ અને સિંચાઈ વ્યવસ્થાની દેખરેખ માટે આ સેટેલાઈટનો ડેટા ઉપયોગી થશે. તેના હાઈપર-સ્પેક્ટ્રલ કેમેરા પાક પર આવતા રોગચાળાને વહેલી તકે ઓળખવામાં મદદ કરશે. તે ઉપરાંત જમીનોની સ્થિતિ, વરસાદ, વાતાવરણમાં પલટો અને ખેતી સાથે જોડાયેલી અન્ય બાબતોની અવકાશી માહિતી મળતી રહેશે જેના પગલે ખેડૂતોને લાભ થશે અને સરકાર પણ યોગ્ય રીતે મોનિટરિંગ કરી શકશે. આ સિવાય પર્યાવરણ અને જંગલોનું રક્ષણ કરવામાં સરળતા રહેશે. જંગલોની ગેરકાયદે કાપણી, જંગલમાં લાગતી દાવાનળની ઘટનાઓ, નદીઓના વહેણમાં થતા ફેરફારો અને જળાશયોના જળસ્તરની માહિતી મેળવવામાં આ સેટેલાઈટ મહત્વની ભૂમિકા ભજવશે.

**ઈસરો દ્વારા વિકસાવાયેલા ઉપગ્રહથી દેશની જમીન, જળસંપત્તિ અને પર્યાવરણીય ફેરફારો પર નજર રાખવું વધુ સરળ બની જશે. મિશન સફળ થતાં જ સંશોધકોને માહિતી ઝડપથી મળશે, જેને કારણે કુદરતી આપત્તિ સમયે વ્યવસ્થાપન કરવામાં મદદ મળશે**

# ચમદાર ત્વચા અને સુંદર વાળ માટે બેસ્ટ છે એલોવેરા જેલ

ત્વચાની સુંદરતા વધારવી હોય કે વાળને મજબૂત અને ચમકદાર બનાવવા હોય, એલોવેરા જેલ બ્યુટી કેરનો મહત્વનો ભાગ છે. બજારમાં મળતી પેકેજ્ડ જેલમાં કેમિકલ્સ, પ્રિઝર્વેટિવ્સ અને કૃત્રિમ રંગો હોય છે. જો તમારા ઘરે એલોવેરાનો છોડ હોય તો તમે ખૂબ જ સરળતાથી ઘરે જ પ્યોર જેલ બનાવી શકો છો. જોકે, જેલ કાઢતી વખતે તેમાંથી નીકળતા પીળા ઝેરી પદાર્થને દૂર કરવો ખૂબ જ જરૂરી છે, જેથી ત્વચા પર એલર્જી કે ખંજવાળ ન થાય.



### ઘરે બનતી એલોવેરા જેલ માટે સામગ્રી

બજારની પ્રોડક્ટમાં કેમિકલ હોય છે. તમે ઘરે જ કેમિકલ ફ્રી બ્યુટી પ્રોડક્ટ બનાવી શકો છો. ત્વચા અને વાળમાં અનેક રીતે એલોવેરા જેલ ઘરે બનાવવા તાજા એલોવેરાના પાન ૨ થી ૩ (જાડા અને સંપૂર્ણ પાકેલા), 2- વિટામિન E કેપ્સ્યુલ, 1 ચમચી ગુલાબજળ અથવા લીંબુનો રસ, 1 નાની કાચની એરટાઈટ બરણીની જરૂર પડશે. સૌપ્રથમ કુવાંરપાઠાના છોડના તળિયેથી ૨-૩ જાડા પાંદડાં કાપી લો. આ પાંદડાંને ૧૫ થી ૨૦ મિનિટ સુધી કોઈ વાસણમાં ઊભા (સીધા) રાખી મૂકો. આમ કરવાથી પાંદડામાંથી નીકળતો પીળો, કડવો અને ઝેરી પ્રવાહી (લેટેક્સ) સંપૂર્ણપણે બહાર નીકળી જશે. ત્યારબાદ પાંદડાંને સ્વચ્છ પાણીથી ધોઈને કપડાથી લૂછી લો.

### પાંદડામાંથી જેલ કાઢવાની સરળ ટેકનિક

સૌપ્રથમ છરીની મદદથી પાંદડાની બંને બાજુના કાંટાવાળા ભાગને કાપીને અલગ કરો. હવે પાંદડાની ઉપરની લીલી છાલને પાતળી છોલી લો. ત્યારબાદ એક ચમચી લો અને તેને એલોવેરા પર મૂકીને નીચેની તરફ ઉઝરડો (સ્ક્રેપ કરો). આ ટ્રીકથી પાંદડામાંથી મોટી માત્રામાં જેલ ખૂબ સરળતાથી બાઉલમાં એકઠી થઈ જશે.

### જેલ મિક્સ કરવાની અને સ્ટોર કરવાની પદ્ધતિ

બાઉલમાં કાઢેલા જેલને મિક્સર જારમાં લો. તેમાં ૨ વિટામિન E કેપ્સ્યુલનું તેલ અને ૧ ચમચી ગુલાબજળ કે લીંબુનો રસ ઉમેરો. તેને ૧૦ થી ૧૫ સેકન્ડ માટે બ્લેન્ડ કરી લો. વિટામિન E અને લીંબુનો રસ જેલને લાંબા સમય સુધી બગડવા દેતા નથી. તૈયાર થયેલી સ્મૂધ જેલને કાચની એરટાઈટ બોટલમાં ભરીને ફ્રિજમાં રાખો. આ કુદરતી જેલનો ઉપયોગ તમે ૧ મહિના સુધી કરી શકો છો.

### વાળ અને ત્વચા માટે એલોવેરાના ફાયદા

એલોવેરા જેલમાં રહેલા એન્ટી-ઓક્સિડન્ટ્સ અને વિટામિન્સ ત્વચાને ઉંડાણપૂર્વક હાઈડ્રેટ કરીને કુદરતી ગ્લો આપે છે તથા ખીલ અને કરચલીઓની સમસ્યા ઘટાડે છે. તે ત્વચાના મૃત કોષોને દૂર કરીને ટેનિંગ અને ડાગ-ધબ્બા ઓછા કરવામાં અત્યંત અસરકારક સાબિત થાય છે. વાળ માટે એલોવેરા કુદરતી કંડિશનર તરીકે કામ કરે છે, જે ખોડો દૂર કરીને વાળના મૂળને મજબૂત બનાવે છે. તેના નિયમિત ઉપયોગથી વાળ ખરતા અટકે છે અને વાળ વધુ સોફ્ટ, ચમકદાર તેમજ સિલ્કી બને છે.

## ભાતના ઓસામણમાં મિક્સ કરો માત્ર એક વસ્તુ, ચહેરા પર આવી જશે ગજબની ચમક



ભારતીય રસોડામાં રસોઈ ઉપરાંત પણ ઘણા બધા ઘટકો ભરેલા હોય છે તે ત્વચા સંભાળ માટે પણ ફાયદાકારક છે. આવા જ એક ઘટક ચોખાનું પાણી (ચોખાનું ઓસામણ) છે (ખાસ કરીને, ચોખા ઉકાળ્યા પછી બચેલું સ્ટાર્ચવાળું પાણી). જ્યારે લોકો સામાન્ય રીતે આ પાણી ફેંકી દે છે, ત્યારે તેનો ઉપયોગ ખરેખર તમારી ત્વચાની સંભાળ માટે થઈ શકે છે; તેમાં રહેલો સ્ટાર્ચ ત્વચાને નરમ બનાવવામાં અને તેની કુદરતી ચમક વધારવામાં મદદ કરે છે. તેમાં થોડું બદામનું તેલ ઉમેરવાથી પણ ત્વચાને હાઈડ્રેટેડ રાખવામાં મદદ મળી શકે છે. તમારી ત્વચા વધુ પડતી શુષ્ક અથવા નિસ્તેજ લાગે તો તેને તમારી ત્વચા સંભાળ દિનચર્યામાં સામેલ કરો.

### ચોખાનું પાણી અને બદામનું તેલ ત્વચા માટે કેમ ફાયદાકારક છે?

ચોખાના પાણીમાં સ્ટાર્ચ અને કુદરતી તત્વો હોય છે જે ત્વચાને સાફ અને નરમ બનાવવામાં મદદ કરે છે. તેને લગાવવાથી ત્વચા પર હળવો ભેજ જળવાઈ રહે છે અને ચહેરાને તાજગી મળે છે. બદામનું તેલ વિટામિન E અને સ્વસ્થ ફેટી એસિડથી ભરપૂર હોય છે, જે ત્વચાને ભેજયુક્ત રાખવામાં મદદ કરે છે.

### ફેસ પેક કેવી રીતે તૈયાર કરવો?

- ૨થી ૩ ચમચી ઠંડુ ચોખાનું પાણી લો.
- તેમાં ૪થી ૫ ટીપાં શુદ્ધ બદામનું તેલ ઉમેરો.
- બંને ઘટકોને સારી રીતે મિક્સ કરો.

### તેને લગાવવાની સાચી રીત કઈ છે?

- પહેલા, ફેસવોશનો ઉપયોગ કરીને તમારા ચહેરાને સાફ કરો. હવે, આ પેકને તમારા આખા ચહેરા અને ગરદન પર લગાવો.
- ૧૦થી ૧૫ મિનિટ સુધી તેને રહેવા દો.
- તમારા ચહેરાને સાદા પાણીથી ધોઈ લો.
- અંતમાં, તમે સામાન્ય રીતે ઉપયોગ કરો છો તે મોઈશ્ચરાઈઝર લગાવો.

### તેનો ઉપયોગ કેટલી વાર કરવો જોઈએ?

તમે આ પેકનો અઠવાડિયામાં બે વાર ઉપયોગ કરી શકો છો. તેનો વધુ પડતો ઉપયોગ કરવાનું ટાળો, કારણ કે તે સારાને બદલે નુકસાન પહોંચાડી શકે છે. જો તમારી ત્વચા ડ્રાય હોય અથવા જો તમારી ત્વચા નિસ્તેજ અને ખરબચડી દેખાય તો આ પેક યોગ્ય છે; જો કે, જો તમારી ત્વચા ખૂબ જ તૈલી હોય, તો બદામના તેલનો ઉપયોગ ઓછી માત્રામાં કરો.

### ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- હંમેશા પહેલા તમારા હાથના અંદરના ભાગ પર પેચ ટેસ્ટ કરો.
- જો તમને બળતરા, ખંજવાળ અથવા લાલાશનો અનુભવ થાય તો ઉપયોગ બંધ કરો.
- જો તમારા ચહેરા પર કોઈ ઘા, ખીલ અથવા ચેપ હોય તો તેને લગાવશો નહીં.
- જો તમને ત્વચા સંબંધિત કોઈ એલર્જી હોય તો ઉપયોગ કરતા પહેલા નિષ્ણાતની સલાહ લો.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Co□□□□ercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Co□□□□ercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Co□□□□ercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acco□□□□odation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790




**સમુદાયોનો મેળાવડો**

# બ્રામ્પ્ટનની ધરતી પર વિવિધતામાં એકતાનું પ્રતિબિંબ

**ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ નેઇબરહૂડ એસોસિએશન દ્વારા આયોજિત ત્રીજી વાર્ષિક સ્ટ્રીટ પાર્ટીમાં ભોજન સાથે ગિદ્ધા, રમતો તથા મનોરંજક કાર્યક્રમો થકી મિત્રતા અને મજબૂત પડોશી સંબંધો વિકસાવવા અનોખો પ્રયાસ, લાઇવ સાઉથ ઇન્ડિયન ફૂડ સ્ટેશન પર તાજા ડોસા, ઇડલી અને વડા પીરસાયા, મહાનુભાવોની વિશેષ હાજરી, સંગઠનની ભાવનાની સરાહના**

બ્રામ્પ્ટન : બ્રામ્પ્ટનના સાઉથલેક બુલવર્ડ-શોબોટ ક્રેસન્ટ વિસ્તારમાં ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ નેઈબરહૂડ એસોસિએશન દ્વારા આયોજિત ત્રીજી વાર્ષિક સ્ટ્રીટ પાર્ટી BBQમાં 250થી વધુ રહેવાસીઓ એકત્ર થયા હતા. આ તમામે મિત્રતા, બહુસાંસ્કૃતિકતા તથા સામુદાયિક એકતાની ઉજવણી કરી હતી.

આ સાથે બાળકો, યુવાનો, પુખ્ત વયના લોકો અને વરિષ્ઠ નાગરિકો ઉપરાંત વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ભારતીય, ચાઈનીઝ, ફિલિપિનો, પાકિસ્તાની તથા અન્ય સાંસ્કૃતિક સમુદાયોના રહેવાસીઓ એકસાથે આવતા “વિવિધતામાં એકતા”*ની સાચી ઝલક જોવા મળી હતી.

સ્ટ્રીટ પાર્ટીનો હેતુ માત્ર સ્વાદિષ્ટ ભોજન અને મનોરંજનનો આનંદ માણવાનો ન હોતો. તેનો મુખ્ય ઉદ્દેશ રહેવાસીઓને પોતાના પડોશીઓને મળવાની, એકબીજાને વધુ સારી રીતે ઓળખવાની અને સમજવાની, મિત્રતા વિકસાવવાની તથા વધુ નજીકનો અને એકબીજાની કાળજી લેતો પડોશી સમુદાય બનાવવાની તક આપવાનો હતો.

આ કાર્યક્રમમાં MPP ચાર્મેઈન વિલિયમ્સ, MP રૂબી સહોતા, MP અમનદીપ સોઢી,રિજનલ કાઉન્સિલર રોવેના સાન્તોસ અને રિજનલ કાઉન્સિલર પોલ વિસેન્ટે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રવચનમાં ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ નેઈબરહૂડ એસોસિએશનના ચેરપર્સન જિયાન પોલએ આવા મેળાવડાઓના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો.

“જ્યારે પડોશીઓ મળે છે, સાથે ભોજન કરે છે, આનંદ માણે છે અને એકબીજાની સંસ્કૃતિ વિશે જાણે છે, ત્યારે મિત્રતા વધે છે અને સમુદાય વધુ મજબૂત બને છે, આવી ભાવનાથી ભેગા થયેલા 250થી વધુ લોકો અલગ-અલગ સમુદાય તરીકે નહીં, પરંતુ એક સમુદાય તરીકે એકત્ર થયા છે.

MPP ચાર્મેઈન વિલિયમ્સએ આ મેળાવડાને બ્રામ્પ્ટનની શક્તિનું પ્રતિબિંબ ગણાવ્યું હતુ. જ્યાં વિવિધ પૃષ્ઠભૂમિના પરિવારો અને વરિષ્ઠ નાગરિકો મિત્રતા અને પરસ્પર સન્માન સાથે એકત્ર થયા હતા. MP રૂબી સહોતાએ બ્રામ્પ્ટનની બહુસાંસ્કૃતિક ઓળખ અને રહેવાસીઓને એકબીજા સાથે જોડાવાની તકો ઊભી કરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. જ્યારે MP અમનદીપ સોઢીએ જણાવ્યું કે, જ્યારે પડોશીઓ એકબીજાને ઓળખે, સમજે અને સહકાર આપે, ત્યારે મજબૂત સમુદાયોનું નિર્માણ થાય છે. રિજનલ કાઉન્સિલર રોવેના સાન્તોસએ લોકોમાં પોતાના સમુદાય પ્રત્યે જોડાણ અને અપનાપનની ભાવના ઊભી કરવામાં નેઈબરહૂડ એસોસિએશનોની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી હતી, જ્યારે રિજનલ કાઉન્સિલર પોલ વિસેન્ટેએ રહેવાસીઓની જબરદસ્ત ભાગીદારી અને પડોશીઓ એકબીજા સાથે જોડાય તે ભાવનાને બિરદાવી હતી. અંતે કમલ, રાજ અને મેજર કબુલી દ્વારા સ્વયંસેવકોના સહયોગથી સંચાલિત BBQ વિભાગે આખી બપોર દરમિયાન સ્વાદિષ્ટ ભોજન પીરસ્યું હતુ.

ઉડુપી ડોસા દ્વારા લાઈવ સાઉથ ઈન્ડિયન ફૂડ સ્ટેશન મુખ્ય આકર્ષણ રહ્યું હતુ, જ્યાં તાજા તૈયાર કરેલા ડોસા, ઇડલી અને વડા પીરસવામાં આવ્યા હતા. લાઈવ સ્ટેશન ખૂબ જ લોકપ્રિય રહ્યું અને કાર્યક્રમની વિવિધતાની થીમને અનુરૂપ ઉજવણીમાં વધુ એક સાંસ્કૃતિક સ્વાદ ઉમેર્યો હતો.

BBQ અને દક્ષિણ ભારતીય ભોજનનું સંયોજન આ મેળાવડાની બહુસાંસ્કૃતિક ભાવનાનું સુંદર પ્રતિબિંબ હતું અને એ દર્શાવતું હતું કે સાથે ભોજન વહેંચવું લોકોને નજીક લાવવાની સૌથી સરળ અને આનંદદાયક રીતોમાંની એક છે.



## પીપલ અગેઇન્સ્ટ લિટરિંગ પણ ઉજવણીમાં જોડાયું

પીપલ અગેઇન્સ્ટ લિટરિંગ (P.A.L.)ના પ્રમુખ બિલ ગોડફ્રેએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો અને સમુદાય પ્રત્યેના ગૌરવ તથા પોતાના પડોશીની કાળજી રાખવા પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉમેર્યું હતુ કે, “મજબૂત સમુદાય એ છે જ્યાં લોકો માત્ર એકબીજાની જ નહીં, પરંતુ તેઓ જે પડોશમાં રહે છે તેની પણ કાળજી રાખે. આપણી શેરીઓ, ઉદ્યાનો અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાની જવાબદારી આપણા સૌની છે.” ગોડફ્રેએ વિવિધ સંસ્કૃતિઓ અને પેઢીઓના લોકોને એકસાથે લાવવા તથા સામુદાયિક જોડાણની મજબૂત ભાવના વિકસાવવા બદલ ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ અને તેના સ્વયંસેવકોને અભિનંદન આપ્યા હતા. આખી બપોર દરમિયાન સ્ટ્રીટ પાર્ટી મજા, હાસ્ય, સંગીત, નૃત્ય અને મનોરંજન કાર્યક્રમોની ભરમાર રહી હતી.જીવંત ગિદ્ધા પ્રસ્તુતિઓએ ઉજવણીમાં પંજાબી સંસ્કૃતિનો રંગ અને ઊર્જા ઉમેર્યા હતા. બાળકોની રમતો અને મહિલાઓ માટેની ખાસ રમતો પણ મુખ્ય આકર્ષણોમાં રહી હતી. બાળકોએ રમતોનો આનંદ માણ્યો અને નવા મિત્રો બનાવ્યા હતા, જ્યારે મહિલાઓની રમતોમાં હાસ્ય, મૈત્રીપૂર્ણ સ્પર્ધા અને ઉત્સાહભરી ભાગીદારી જોવા મળી હતી. રમતો અને પ્રવૃત્તિઓનું આયોજન અનુજા કબુલી, જોયતિ દડિયાલા અને જેસિકા દ્વારા કરવામાં આવ્યું હતું. મનોરંજન દ્વારા પડોશીઓને અનૌપચારિક રીતે એકબીજા સાથે મળવાની વધુ એક મહત્વપૂર્ણ તક મળી હતી.

## આ પ્રકારના આયોજન આપણા સમુદાયની સાચી ભાવના દર્શાવે છે : જસવિંદર દૈંદ

જસવિંદર દૈંદએ જબરદસ્ત ભાગીદારી અને મિત્રતાભર્યા વાતાવરણની પ્રશંસા કરતાં કહ્યું હતુ કે,“વિવિધ પૃષ્ઠભૂમિના બાળકો, યુવાનો, પુખ્ત વયના લોકો અને વરિષ્ઠ નાગરિકોને સાથે ભોજન કરતા, નાચતા, રમતો રમતા અને આનંદ માણતા જોવું એ આપણા સમુદાયની સાચી ભાવના દર્શાવે છે. આવા કાર્યક્રમો આપણને આપણા પડોશીઓને વધુ સારી રીતે ઓળખવામાં, મિત્રતા વિકસાવવામાં અને પરિવારોને વધુ નજીક લાવવામાં મદદ કરે છે.”

## એકતા અને ભાઈચારાનું અદ્ભુત ઉદાહરણ જોવા મળ્યું : વિરિન્દર લાંબા

પ્રથમ વખત સ્ટ્રીટ પાર્ટીમાં હાજરી આપનાર વિરિન્દર લાંબાએ જણાવ્યું કે, “હું લોકોની મોટી હાજરી, સુંદર આયોજન અને ઉષ્માભર્યા વાતાવરણથી ખૂબ પ્રભાવિત થયો છું. અહીં સ્વાદિષ્ટ ભોજન, ગિદ્ધા, રમતો, હાસ્ય અને મનોરંજન બધું જ હતું, પરંતુ મને સૌથી વધુ પ્રભાવિત કરનાર બાબત હતી લોકોની એકતા. વિવિધ સંસ્કૃતિઓના લોકો એકબીજાને મળી રહ્યા હતા, વાતચીત કરી રહ્યા હતા અને એક સમુદાય તરીકે આનંદ માણી રહ્યા હતા. આ એકતા અને ભાઈચારાનું અદ્ભુત ઉદાહરણ હતું.” તેમણે આયોજકો અને સ્વયંસેવકોની સમર્પિત સેવાની પણ પ્રશંસા કરતા જણાવ્યું કે તેઓ આવતા વર્ષે ફરીથી આ કાર્યક્રમમાં ભાગ લેવા આતુર છે.

## આપણની સંસ્કૃતિઓ અને પૃષ્ઠભૂમિ અલગ હોઈ શકે, પરંતુ સૌ એક જ સમુદાય : જિયાન પોલ

આ કાર્યક્રમની સફળતા અનેક સ્વયંસેવકો અને સમુદાયના સભ્યોના સહયોગથી શક્ય બની, જેમણે ભોજનની તૈયારી, BBQ સ્ટેશનો, રમતો, મનોરંજન, સેટઅપ, ભોજન પીરસવું, સંકલન અને સફાઈ સહિતની વિવિધ જવાબદારીઓ માટે પોતાનો સમય અને ઊર્જા આપી હતી. ઉજવણીના સમાપન સમયે જિયાન પોલએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, મહેમાનો, રહેવાસીઓ, આયોજકો અને સ્વયંસેવકોનો ત્રીજી વાર્ષિક સ્ટ્રીટ પાર્ટીને ફરી એકવાર યાદગાર સફળતા બનાવવા બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતુ કે, “આ સફળતા આપણા રહેવાસીઓ અને સ્વયંસેવકોની છે. અમારો સંદેશ ખૂબ સરળ છે . તમારા પડોશીઓને ઓળખો, એકબીજાને સમજો, એકબીજાનો સન્માન કરો અને સાથે મળીને ઉજવણી કરો. આપણે અલગ-અલગ સંસ્કૃતિઓ અને પૃષ્ઠભૂમિમાંથી આવ્યા હોઈ શકીએ છીએ, પરંતુ આપણે સૌ એક જ સમુદાય છીએ.

# ભાયલી ગેંગરેપ કેસમાં આરોપીઓને આજીવન કેદ

## નવરાત્રીના પર્વ દરમિયાન ગંભીર ઘટનામાં 3 આરોપીઓએ દુષ્કર્મ આચરી સગીરાનો મોબાઈલ ફોન પણ લૂંટી લીધો હતો

**વડોદરા**

વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસમાં કોર્ટે અત્યંત કડક અને મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. વર્ષ 2024માં નવરાત્રી દરમિયાન સગીરા સાથે થયેલા દુષ્કર્મના કેસમાં 5 આરોપીઓને જીવે ત્યાં સુધી એટલે કે છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

4 ઓક્ટોબર 2024ની રાત્રે સગીરા નવરાત્રીમાં ગરબા રમીને પરત ફરી રહી હતી. તે પોતાના મિત્ર સાથે એક અવાવરું સ્થળેથી પસાર થઈ રહી હતી ત્યારે આરોપીઓએ તેને આંતરી હતી. કોર્ટે નોંધ્યું કે નવરાત્રી શક્તિ અને સ્ત્રી સન્માનનો પર્વ છે અને આવા પવિત્ર તહેવાર દરમિયાન સગીરા સાથે થયેલી ગંભીર ઘટનાને હળવાશથી લઈ શકાય નહીં. કેસની વિગતો મુજબ સૈફઅલી મહેંદીહસન બંજારા અને અજમલ



સતાર બંજારા સ્થળ પરથી ભાગી ગયા હતા, જ્યારે મુન્ના અબ્બાસ બંજારા, મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બંજારા અને શાહરૂખ કિસ્મતઅલી બંજારાએ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. દુષ્કર્મ બાદ આરોપીઓએ સગીરાનો મોબાઈલ ફોન પણ લૂંટી લીધો હતો. જોકે મોબાઈલ પર કોલ આવતા આરોપીઓમાંથી એકે ફોન ઉપાડ્યો હતો. ત્યારબાદ મોબાઈલના લોકેશન અને અન્ય ટેક્નિકલ પુરાવાના આધારે આરોપીઓ સુધી પોલીસ પહોંચી હતી. કોર્ટે તમામ 5 આરોપીઓને જીવે ત્યાં સુધી આજીવન કેદની સજા સાથે દરેક આરોપીને 50,000 રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. સાથે જ ભોગ બનનાર સગીરાને 10 લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ કરવામાં આવ્યો છે.

સજા પામેલા 5 આરોપીઓમાં (1) મુન્ના અબ્બાસ બંજારા (૨) મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બંજારા (૩) શાહરૂખ કિસ્મતઅલી બંજારા (૪) સૈફઅલી મહેંદીહસન બંજારા (૫) અજમલ સતાર બંજારાનો સમાવેશ થાય છે.

# ગુજરાતી સંગીત જગતના ગૌરાંગ વ્યાસનું અમદાવાદમાં નિધન થયું

**અમદાવાદ**

ગુજરાતી સંગીત જગતના જાણીતા સંગીતકાર ગૌરાંગ વ્યાસનું નિધન થઈ ગયું છે. તેમણે બુધવારે રાતે અમદાવાદમાં અંતિમ શ્વાસ લીધા હતા. ગુજરાતી સંગીત જગતમાં તેમનો ફાળો પ્રસંશનીય રહ્યો છે. તેમણે 100થી વધુ ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

ગૌરાંગ વ્યાસની વાત કરીએ તો તેમને વારસામાં જ સંગીતકળા મળી હતી કેમ કે તેમના પિતા અવિનાશ વ્યાસ હતા. ગૌરાંગ વ્યાસ લોકસંગીત, ભજન, રાસ ગરબા અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં ફાળો આપી ચૂક્યા હતા. તે 500થી વધુ ગુજરાતી ગીત-કવિઓ તથા ગઝલકારોની રચનાઓને સંગીત આપી ચૂક્યા હતા. 87 વર્ષની વયે દુનિયાને અલવિદા કહેનારા ગૌરાંગ વ્યાસના ઘણા સંગીત આલ્મબ પ્રચલિત હતા જેમાં 'ભજન અનમોલ', 'જલારામની ઝૂંપડી', 'ગંગા સતીના ભજનો', 'કહત કબીર', 'નોન સ્ટોપ ડાંડિયા રાસ' અને પ્રાચીન પ્રભાતિયાનો સમાવેશ થાય છે. 'લવની ભવાઈ' જેવી જાણીતી ગુજરાતી ફિલ્મમાં તેમનું સંગીત યાદગાર રહ્યું હતું. તેમના જાણીતા ગીતોમાં 'આજ વગડાવો રુડા શરણાઈ' અને 'મને એકલી મેલીને' જેવી રચનાઓ ખૂબ જ વખણાય છે.

# વડોદરા જિલ્લા પંચાયતની જમીન પર ગેરકાયદે કબજો કરનાર સામે પોલીસ મથકે ગુનો દાખલ

## કાર્યપાલક ઇજનેર નૈનેશ નાઇકાવાલાએ લેન્ડ ગ્રેબિંગ અંતર્ગત અરજી કરી હતી

**વડોદરા**

વડોદરા મનિષા ચાર રસ્તા પાસે ગવર્મેન્ટ ક્વાટર્સમાં રહેતા વિનોદભાઇ નાગજીભાઇ ચવધરી જિલ્લા પંચાયતમાં છેલ્લા પોણા બે વર્ષથી કાર્યપાલક ઈજનેર તરીકે નોકરી કરે છે. હરણી પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, હરણીમાં આવેલી જમીન કાર્યપાલક ઈજનેર પંચાયત માર્ગ અને મકાન વિભાગ તથા જિલ્લા પંચાયત વડોદરાના નામે કબજેદારમાં સંયુક્ત ચાલે છે. જે જમીનમાં ચાર વર્ષ પહેલા ફેન્સીંગ કરવા માટે આયોજન કરતા માલૂમ પડયું કે, આ મિલકત પર આરોપી સુપ્રિમ લોરી સપ્લાયર્સ અને ફ્રેટ કેરિયર વે બ્રિજના પ્રોપરાયટર સત્તારભાઈ આદમભાઈ ધાણીવાલા (રહે. નાગરવાડા) એ ગેરકાયદે કબજે કરેલી છે. જેથી, તેઓને તા.21-02-2022 ના રોજ અમારી કચેરીથી પત્ર લખી ગેરકાયદે કબજો ખાલી કરી દબાણ સ્વ ખર્ચે દૂર કરવા અંગેની નોટિસ આપી હતી. તેઓએ સામે એવો જવાબ આપ્યો હતો કે, કોઈ કબજો કર્યો નથી. જેથી,તત્કાલીન કાર્યપાલક ઈજનેર નૈનેશ મુકેશચંદ્ર નાઈકાવાલાએ લેન્ડ ગ્રેબિંગ અંતર્ગત અરજી કરી હતી. અરજીની તપાસ કાર્યવાહી થઇ હતી. તા.18-07-2026 ના રોજ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલી મિટિંગમાં સમિતિના સભ્યો દ્વારા સર્વાનુમતે આરોપી સુપ્રિમ લોરી સપ્લાયર્સ અને ફ્રેટ કેરિયર વે બ્રિજના પ્રોપરાયટર સત્તારભાઈ ધાણીવાલાએ ગેરકાયદે દબાણ કર્યું હોવાનું જણાઇ આવતા પોલીસ ફરિયાદ કરવા ઠરાવ થયો હતો.

# ન્યૂઝીલેન્ડના બોગસ વિઝા આપી ઠગાઈ

## કલોલના યુવક અને તેના સાળા સાથે લાખોની છેતરપિંડી આચરવા બદલ ગુનો દાખલ

**અમદાવાદ**

વિદેશ જવા ઘેલા થયેલા યુવાનોને શિકાર બનાવી લાખો રૂપિયાની ઠગાઈ આચરતી વધુ એક બોગસ વિઝા કન્સલ્ટન્સીનો ઝૈહુ ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર મકરબા સ્થિત વર્લ્ડ ટ્રેડ ટાવરમાં "૪૧, કેપિટલ ઓવરસીઝ પ્રા.લિ."નામે રજિસ્ટ્રેશન વિના જ વિઝા ફર્મ ચલાવી ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂ. ૮૧,૯૫,૦૦૦ની છેતરપિંડી આચરવા બદલ ૪ આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. કલોલના પ્રોડક્શન મેનેજર વિપુલભાઈ નવીનચંદ્ર પ્રજાપતિના જણાવ્યા અનુસાર, કોરોના બાદ ધંધામાં મંદી હોવાથી તેમણે વિદેશ જવાનું વિચાર્યું હતું. ઓક્ટોબર-૨૦૨૩માં ફેસબુક પર "ન્યૂઝીલેન્ડ વર્ક વિઝા'ની જાહેરાત જોઈ વૈભવ પ્રજાપતિ નામના શખ્સનો સંપર્ક કર્યો હતો, જેણે ત્રણથી ચાર મહિનામાં વર્ક પરમિટ અને ૨.૫૦ લાખનો પગાર અપાવવાની લાલચ આપી હતી. ફરિયાદી અને તેમના સાળા હાર્દિક પ્રજાપતિએ નોંધણી ફી પેટે રૂ. ૪૦-૪૦ હજાર આપ્યા બાદ આરોપીઓએ રૂ. ૧૧.૧૦ લાખનું સેં કર્યું હતું. ત્યારબાદ ઝૂમ એપ પર અંગ્રેજીમાં ઓનલાઈન ઈન્ટરવ્યૂ લીધા પછી "કંપનીમાં સેટિંગ કરીને વિઝા અપાવીશ' તેમ કહી આરોપીઓએ વધારાના નાણાં મેળવી નકલી જોબ ઓફર લેટર મોકલ્યા હતા. આરોપીઓએ વિઝાની હુંદ મોકલી હતી, ૫ રંતુ ચેક કરતા તે વર્ક વિઝાને બદલે માત્ર "વિઝિટર વિઝા' હતા. ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ ફરિયાદીએ ઓનલાઈન એર ટિકિટ અને વિઝા ચેક કરતા તે રદ બતાવતા હતા. આ ઉપરાંત ન્યૂઝીલેન્ડની સંબંધિત કંપનીએ પણ ઈ-મેઈલ કરી આવો કોઈ ઓફર લેટર આપ્યો ન હોવાનું જણાવતા જ આખી છેતરપિંડી ખુલ્લી પડી હતી.આરોપીઓએ ફરિયાદી અને તેમના સાળા પાસેથી રૂ. ૨૧.૨૦ લાખ તથા અન્ય સાક્ષીઓ પાસેથી રૂ. ૬૦.૭૫ લાખ મળી કુલ રૂ. ૮૧.૯૫ લાખ મેળવી લીધા હતા. જેમાંથી માત્ર રૂ. ૧૧.૪૦ લાખ પરત કરી બાકીના રૂ. ૭૦.૫૫ લાખ હડપ કરી લીધા હતા.

# મહેસાણામાં પેસેન્જર બેસાડવાની અદાવતમાં ગળું કાપી ક્રુર હત્યા

## એક અઠવાડિયાથી ચાલી રહેલી માથાકૂટ અને મનદુઃખ હત્યાનું કારણ બન્યું

**મહેસાણા**

મહેસાણામાં ઈકો ગાડીમાં પેસેન્જર બેસાડવાની બાબતે ચાલતી અદાવતનો લોહિયાળ અંત આવ્યો છે. મોઢેરા ચાર રસ્તા પાસે આવેલા બસ ડેપો બહાર એક યુવકની છરીના ઘા મારી અને ગળું કાપીને હત્યા કરવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મહેસાણા "બી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી આ ઘટનામાં છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલી માથાકૂટ અને મનદુઃખ હત્યાનું કારણ બન્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઈકો ગાડીમાં પેસેન્જર બેસાડવાની બાબતે આરોપીઓ અને મૃતક વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદ અને મનદુઃખે આખરે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આરોપ છે કે સાબિર હુસેન ગુલામ રસૂલ સૈયદ પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા દરમિયાન છરીના ઘા મારવામાં આવ્યા બાદ ગળા પર પણ ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. બાતમીના આધારે કાર્યવાહી કરીને પોલીસે બાબિ માજિદ ખાન અને સૈયદ સાકિર હુસેનને ઝડપી પાડ્યા છે.

# ભચાઉમાં ૨૦૦ ફૂટ ઊંચા વીજ ટાવર પર યુવકનો લટકતો મૃતદેહ મળ્યો

**કચ્છ**

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં એક અત્યંત ચોંકાવનારી અને દર્દનાક ઘટના સામે આવી છે. ધરાણા ગામની સીમમાં આવેલા એક વિશાળ વીજ ટાવર પર યુવકની ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ લટકતી મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની જાણ થતાં જ ભચાઉ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક પોલીસનો કાફલો ત્વરિત બનાવ સ્થળે દોડી ગયો હતો. ઘટનાસ્થળે આશરે ૨૦૦ ફૂટ ઊંચા અને ૨૨૦ દ્વફની ક્ષમતા ધરાવતા હાઈ ટેન્શન વીજ ટાવર પર યુવકનો મૃતદેહ લટકતો હતો. ઊંચાઈ વધુ હોવાના કારણે ફાયર ફાઈટરો માટે મૃતદેહ સુધી પહોંચવું અત્યંત જોખમી અને પડકારજનક હતું. જોકે, ફાયર બ્રિગેડની ટીમે સતત ૩ કલાકની ભારે જહેમત અને કાળજીપૂર્વકની કામગીરી બાદ અંતે મૃતદેહને સલામત રીતે નીચે ઉતાર્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની ઓળખ સંજયકુમાર તરીકે થઈ છે, જે મૂળ ઝારખંડનો રહેવાસી હોવાનું ખુલવા પામ્યું છે.

# નકલી અને ગેરકાયદે દવાઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ, ૫૦ પેઢીના લાયસન્સ રદ

## ગ્રામ્ય વિસ્તારોમાં એન્ટીબાયોટિક દવાઓની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ડ્રાઇવ યોજાઇ

**ગાંધીનગર**

સચિવાલય ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં 'ખોરાક અને ઔષધ નિયમન તંત્ર' દ્વારા ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં હાથ ધરાયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મંત્રીએ રાજ્યના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ અંગે વધુ વિગતો આપતા મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, FDCA દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસના પરિણામે ગંભીર ક્ષતિઓ જણાયેલી ૫૦ દવા પેઢીઓના વેચાણ પરવાના રદ કરવામાં આવ્યા છે. ઉપરાંત, રિસ્ક બેઝ્ડ ઈન્સ્પેક્શન હેઠળ ૨ દવા ઉત્પાદક પેઢીઓને ક્લોઝર ઓર્ડર, ૮ ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગિત તથા ૧૧ દવાઓના બનાવટના પરવાના રદ કરવામાં આવ્યા છે. લેબોરેટરીની તપાસમાં અપ્રમાણસર જાહેર થયેલી ૨૦ દવાઓના ઉત્પાદકો સામે કારણદર્શક નોટિસ પાઠવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે રાજ્યમાં તપાસ કરવામાં આવેલા ૪૨ બ્લડ સ્ટોરેજ સેન્ટર્સ પૈકી ૩ને ક્લોઝર ઓર્ડર તથા ૧૨ને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં એન્ટીબાયોટિક દવાઓની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી, જેમાં કુલ ૫૮૮ દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા.

# કોણી પરની કાળાશના કારણો અને દૂર કરવાના ઉપાય



કોણીની ત્વચા શરીરના અન્ય અંગોની ત્વચા કરતાં થોડી સખત હોય છે. કોણી સતત વળતી રહેતી હોય છે, તેમ જ ટેબલ પર કોણી મુકીને બેસવાની આદતથી કોણીની ત્વચા ઘસાતી હોય છે. ઉપરાંત કોણી પર મૃત ત્વચા પણ વધુ જમા થતા હોવાથી કોણીની ત્વચા રૂક્ષ અને કાળી પડવાની શરૂ થઈ જાય છે.

**કોણીની ત્વચા કાળી થવાના સામાન્ય કારણો અને નિવારણ :**

ઘસારો અને દબાણ : ટેબલ પર અથવા તો હાર્ડ સરફેસ પર કોણી ટેકવીને બેસવાથી અવા ઊભા રહેવાથી ત્વચા ઘસાતા જતાં ધીમે ધીમે સખત થઈ જતી હોય છે અને સમયાંતરે ત્વચા કાળી પડવા લાગે છે. તેથી જ્યારે પણ ટેકો લેતી વખતે કોઈ જાડા કપડાને કોણી નીચે રાખવું. બજારમાં આના માટે એલ્બો પ્રોટેક્ટર પણ મળે છે.

**રૂક્ષ ત્વચા :** કોણીની ત્વચામાં ઓઈલ ગ્લેન્ડ હોય છે તેથી એનો હિસ્સો રૂક્ષ હોય છે. તેથી આ ત્વચાની રૂક્ષતા ઓછી કરવા માટે ત્વચાને મોઈશ્ચરાઈઝ રાખવી, સખત સાબુનો ઉપયોગ ન કરવો.

**મૃત ત્વચા :** કોણીની ત્વચા પર ડેડ સેલ્સ જલદી જમા થઈ જતા હોય છે. તેને સ્ક્રબરથી દૂર કરવું જરૂરી છે. જો આમ ન કરવામાં આવે તો કોણીની ત્વચા પર ડેડ સેલ્સના પડ થતા જાય છે અને ત્વચા જાડી અને કાળી પડતી જાય છે. તેથી અઠવાડિયામાં એક વખત કોણીને સ્ક્રબ અથવા એક્સ્ફોલિએટ કરવી.

**તડકો :** તડકાના કારણે ત્વચા પર યૂવી કિરણો પડવાથી કોલેનિન વધુ પ્રમાણમાં બને છે જેથી કોણીની કાળાશ વધી જાય છે. આમ થતાં અટકાવવા શરીરના ખુલા હિસ્સા પર સનસ્કીન લગાડવું જરૂરી છે.

**હોર્મોનમાં બદલાવ :** હોર્મોનમાં બદલાવના કારણે શરીરના અમુક હિસ્સામાં મેલેનિન બનવાનું પ્રમાણ વધી જતું હોય છે જેમાં કોણી પણ સામેલ છે. મેનોપોઝ થાયરોડ, ગર્ભાવસ્થા તેમજ હોર્મોન્સના પ્રમાણમાં વધ-ઘટ થતી જોવા મળતી હોય છે.

**મેદ :** શરીરમાં ચરબીના મેદ જામવાને કારણે ઈન્સ્યૂનિન જમા થવા લાગે છે તેથી શરીરના કોઈકોઈ હિસ્સા કાળા પડવા લાગે છે. જેમાં કોણી, ગરદન, ઘૂંટણની ત્વચા કાળી થતી જોવા મળે છે.

**કોણીની ત્વચાની કાળાશ દૂર કરવાના નિવારણ :**

**એલોવેરા :** એલોવેરાના પાનને ધોવા જેથી તેમાં પીળો રસ નીકળી જાય. આ પછી તેની કોણી પર રગડવું અને આ જેલને અડધો કલાક પછી ધોઈ નાખવું.

**બટાટાનો રસ :** બટાટાનો ખમણી અથવા મિક્સરમાં



વાટી તેનો રસ કાઢવો. આ રસમાં એન્જાઈમ હોય છે જે ત્વચા પરના ડાઘ-ધબ્બા દૂર કરવામાં સહાયક છે. આ ૧૫ મિનિટ સુધી કોણી પર લગાડી રાખીને ધોઈ નાખવું.

**ઓટમીલ સ્ક્રબ :** ઓટમીલને દહીં અથવા દૂધ સાથે ભેળવી પેસ્ટ બનાવીને કોણી પર રગડવાથી કાળાશ દૂર થાય છે. જો કે વધુ દબાણ આપીને રગડવું નહીં, આમ કરવાથી ત્વચાની કાળાશ વધવાની શક્યતા રહે છે.

**દહીં :** દહીંમાં બેકિટક એસિડ સમાયેલું હોય છે, જે ત્વચાને સાફ કરવામાં મદદ કરે છે. એક ચમચો દહીમાં એક નાનો ચમચો મધ ભેળવીને પેસ્ટ બનાવી કોણી પર લગાડવું અને ૧૫-૨૦ મિનિટ પછી ધોઈ નાખવું.

**કોપરેલ :** રૂક્ષ ત્વચાને કારણે કોણી કાળી પડતી હોય તો નિયમિત કોપરેલથી કોણી પર મસાજ કરવાથી વધુ કાળાશ થતી અટકી જશે.

# દાવત : શ્રાવણનો સથવારો : ફરાળી વાનગીઓ



## શિંગોડાના લોટની પાપડી

સામગ્રી : ૨૫૦ ગ્રામ શિંગોડાનો લોટ, ૧૦૦ ગ્રામ ખાટું દહીં, મીઠું, જીરું , તેલ, ઉપર ભભરાવા માટે કોપરું કોથમીર.

રીત : ખાટા દહીંની છાશ બનાવી લોટનું પ્રમાણ હોય તેના કરતાં ત્રણ ગણું પાણી નાખી છાશ બનાવી, તે છાશમાં લોટ, મીઠું નાખી ખીરું બનાવવું. પછી સગડી ઉપર ધીમા તાપે એક બાજુ હલાવ્યા કરવું. બરાબર ઘટ્ટ થઈ જાય અને તપેલીથી છૂટું પડે એટલે તેને પ્લાસ્ટિકના કકડા ઉપર પાતળું પાથરી દેવું. પછી ઠરી જાય એટલે તેના ઉપર તેલ અને જીરાનો વઘાર કરી ઉપર કોપરું, કોથમીર ભભરાવવું. ગરમાગરમ સ્વાદિષ્ટ લાગે છે

## ફરાળી પાંદડા

સામગ્રી : ૧૫ અળવીના પાન, ૨૫૦ ગ્રામ શિંગોડાનો લોટ, ૧૦૦ ગ્રામ સીંગદાણા, ૧ કેળું, જોઈતા પ્રમાણમાં મીઠું, આદુ-મરચાં, ગરમ મસાલો, ખાંડ, દહીં, ઘી અથવા તેલ.

રીત : શિંગોડાના લોટમાં બધો મસાલો નાંખીને પાંદડા માટે ખીરું તૈયાર કરવું. એ ખીરામાં થોડોક સીંગનો ભૂકો અને એક કેળાનો છુંદો નાંખવો એ તૈયાર થાય પછી બે ચમચી તેલ નાંખીને હલાવવું. પાનને ધોઈને બધી નસો કાઢી નાખવી. અને તૈયાર કરેલું ખીરું ચોપડીને પાંદડાના વીટા તૈયાર કરવા. વીંટા વળાઈ જાય પછી તે પાણીમાં વરાળથી બફાઈ જાય એટલે તેના ઝીણા ઝીણા ટુકડા કરી તેલમાં તળવા અથવા વઘાર કરવો.





## બકુલ વડાં

સામગ્રી : ૬ કાચાં કેળા, ૧૦૦ ગ્રામ શિંગોડાનો લોટ, મરચાંનો ભૂકો, મીઠું, કોથમીર, લીલાં આદુ-મરચાં, કોપરું, લીંબુ, ખાંડ, તળવા માટે ઘી.

રીત : કેળાંના ગોળ મોટા ટુકડા કરી છાલ સાથે જ બાફી નાખવા. બફાઈ ગયા પછી છાલ ઉતારીને સરખું મસળી નાખોને પ્રમાણસર મીઠું, આદુ-મરચાં, ખાંડ, લીંબુ- કોપરું, કોથમીર વગેરે ભેળવો. પછી શીંગોડાનો લોટમાં તેલનું મોણ નાંખીને મીઠાના પાણીમાં લોટ બાંધોને પછી રોટલીની જેમ વણો. તેની ઉપર કેળાનો મસાલો સરખી રીતે ચોપડો, ને પછી ગોળ વાળો. પછી ચપ્પુ વડે નાના ટુકડા કરો તે ટુકડાને હાથ વડે દાબીને કડાઈમાં તેલ ગરમ મૂકીને તળો. બદામી થાય એટલે કાઢી લેવા. જો ફરાળ માટે ન કરવા હોય તો ગરમ મસાલો તથા લાલ મરચાં નાંખવા.

## સાબુદાણાનું પુડિંગ

સામગ્રી : ૧ વાટકી સાબુદાણા, ૯ વાટકી દૂધ, એલચી (૪થી ૫), રોઝ એસેન્સ, ગુલાબી રંગ, ૧ વાટકી ખાંડ, સીઝન પ્રમાણે બધાં ફ્રુટ.

રીત : પહેલાં ૧ વાટકી સાબુદાણાને બે કલાક પલાળી રાખવાના. પછી તેને કોરા કરવાના. અને ૧ વાટકી સાબુદાણામાંથી ૩ વાટકી થઈ જશે ત્યારબાદ મોટા તપેલામાં સાબુદાણા નાખી અને જે ત્રણ વાટકી સાબુદાણા થયાં હોય તેનાથી ત્રણ ગણું દૂધ નાખવું. અને પછી તેમાં ગુલાબી રંગ નાખી ગેસ પર ઉકળવા દેવું. અને તે જાડું થઈ જાય એટલે તેને પાંચ મિનિટે ઓવનમાં મુકવાનું, જેથી સાબુદાણા ફૂલી જશે અને ઓવનમાંથી કાઢ્યા બાદ તેને થોડીવાર પછી ફ્રીઝમાં ૧૦-૧૫ મિનિટ ઠંડું થવા દેવાનું. પછી તેમાથી કાઢીને અને બધા ફ્રુટ નાખવા અને ચેરી, ટૂટી-ફ્રૂટી અને બધા ફ્રૂટથી ડેકોરેશન પણ કરી શકાય. પછી ખાવાના ઉપયોગમાં લઈ શકાય.

## ખજૂર અને સીંગની બરફી

સામગ્રી : ૩૦૦ ગ્રામ ખજૂર, ૩૦૦ ગ્રામ મગફળીનો ભુક્કો, ૧૦૦ ગ્રામ માવો, ૪૦૦ ગ્રામ ખાંડ, ૧ ચમચો દૂધ, થોડોક વરખ, એક ચમચો ઘી.

રીત : ખજૂરને સાફ કરી તેના ઠળિયા કાઢી દૂધ નાખી તેનો માવો બનાવવો. મગફળીને શેકી તેનો ગર કાઢી નાખવો. ત્યાર બાદ ખાંડની ચાસણી બનાવો. ચાસણી બે-તારની હોવી જોઈએ. ચાસણી તૈયાર થાય પછી મગફળીનો ભૂકો / ખજૂરનો માવો નાંખી હલાવવું અને થાળીમાં કાઢી લેવું ઉપરથી વરખ લગાડવો.

# ઉત્તર પ્રદેશમાં PNB બેન્કમાં 17 કરોડની નકલી નોટો મળતાં પોલીસ અને RBIની દોડધામ

## બેંકની અન્ય કોઈ શાખામાંથી કરન્સી ચેસ્ટમાં રોકડ ટ્રાન્સફર કરવામાં આવી હોવાની પણ આશંકા

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશના પંજાબ નેશનલ બેંકના કરન્સી ચેસ્ટમાં અંદાજે 17 કરોડની બનાવટી (જાલી) ચલણી નોટો મળી આવવાના સનસનીખેજ મામલે બેંકિંગ આલમ અને વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કોઈપણ બેંકના કરન્સી ચેસ્ટ સુધી નવી કે જમા થયેલી કરન્સી લાવવા અને તેને સેફમાં મૂકવા માટે ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશો હેઠળ એક અત્યંત ચુસ્ત અને નિર્ધારિત પ્રક્રિયા અમલમાં હોય છે. રોકડની ગણતરી, નોટ સોર્ટિંગ મશીન દ્વારા સ્કેનિંગ અને બેંક અધિકારીઓની દેખરેખ હેઠળ વેરિફિકેશનની સંપૂર્ણ વ્યવસ્થા હોવા છતાં, આટલા મોટા પાયે નકલી નોટો સીધી કરન્સી ચેસ્ટ સુધી કેવી રીતે પહોંચી ગઈ તે બાબતે સમગ્ર નિગરાણી અને સત્યાપન વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

તપાસકર્તાઓ હાલમાં કરન્સી ચેસ્ટ સુધી રોકડ પહોંચવાના તમામ માધ્યમો અને રૂટ્સની બારીકાઈથી તપાસ કરી રહ્યા છે. પ્રાથમિક તપાસમાં એવી પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ બનાવટી નોટો કાઉન્ટર પર સામાન્ય ગ્રાહકો પાસેથી સીધી જમા થયેલી નથી, પરંતુ બેંકની અન્ય કોઈ શાખામાંથી કરન્સી ચેસ્ટમાં રોકડ ટ્રાન્સફર કરવામાં આવી ત્યારે આટલો મોટો જથ્થો ચેસ્ટમાં ઘુસાડી દેવાયો હોઈ શકે છે. સંબંધિત શાખાઓમાંથી કેશ ક્યારે મોકલવામાં આવી, તે સમયે કયા અધિકારીઓ અને કર્મચારીઓ કેશ સત્યાપન અને જમા લેવાની ડ્યુટી પર હાજર હતા તથા રજિસ્ટરમાં કઈ રીતે નોંધણી કરવામાં આવી હતી તે તમામ પાસાંઓની કડીઓ જોડવામાં આવી રહી છે.

# પંજાબની ડ્રાફ્ટ યાદીમાંથી રાઘવ ચઢ્ઢાનું નામ કપાતા રાજ્યસભા સભ્યપદ સામે સવાલો ઊભા

**મુંબઈ**

મુંબઈમાં પંજાબની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ કપાતા વિવાદ થયો છે. ચઢ્ઢાએ X પર લખ્યું કે આપ સરકાર બદલાની રાજનીતિને ડ્રાફ્ટ યાદી સુધી લાવી છે, મોહાલીમાં વોટર આઈડી હોવા છતાં નામ શિફ્ટેડ બતાવાયું છે.

પંજાબમાં 25 જૂન 2026થી 23 વર્ષ બાદ ખાસ સુધારણા ઝુંબેશ શરૂ થઈ છે, જેનો હેતુ 2027ની ચૂંટણી પહેલા યાદી અપડેટ કરવાનો છે. ચૂંટણી પંચે નામ ASSD એટલે ગેરહાજર સ્થળાંતરિત કેટેગરીમાં નોંધ્યું છે. ચઢ્ઢાએ કહ્યું આ ડ્રાફ્ટ છે, આખરી યાદી ઓક્ટોબર 2026માં આવશે, તે SIR હેઠળ ઉપાયો લઈ રહ્યા છે અને આ ભૂલ નહીં રાજકીય બદલો છે.

# હાથણીકુંડ બેરેજ ઉપર બોટ પલટતા બે કમાન્ડો લાપતા, 50 જવાન તૈનાત

**યમુના**

યમુના નદી પર આવેલા હાથણીકુંડ બેરેજ પર મંગળવારે સાંજે મોટર બોટ પલટતા સેનાના બે કમાન્ડો લાપતા થયા છે. શોધખોળ માટે સેના અને એનડીઆરએફની ટીમો સતત રેસ્ક્યૂ ચલાવે છે. 50થી વધુ જવાનો રાત્રે પણ જોડાયા હતા છતાં પત્તો મળ્યો નથી. સર્ચ માટે સેનાના બે હેલિકોપ્ટર તૈનાત છે અને હરિયાણા તથા ઉત્તરપ્રદેશની એનડીઆરએફ ટીમો ઘટનાસ્થળે છે.

ઘટનાસ્થળે સેનાના બે ટ્રક અને વેન્ટિલેટર સુવિધા ધરાવતી એમ્બ્યૂલન્સ તૈનાત છે. પ્રતાપનગર અને યુપીના મિર્ઝાપુર પોલીસની ટીમો સુરક્ષા માટે હાજર છે. પશ્ચિમી યમુના કેનાલમાં પાણીનો પ્રવાહ રાત્રે 14,000 ક્યુસેક નોંધાયો હતો, અડચણ આવશે તો સિંચાઈ વિભાગ પ્રવાહ ઘટાડશે. સિંચાઈ વિભાગના કર્મચારીઓના જણાવ્યા મુજબ હેલિકોપ્ટરથી કમાન્ડો બોટમાં ઉતર્યા હતા અને ટ્રેનિંગ કરતા હતા. બોટ હાથણીકુંડ બેરેજ નજીકના ડેન્જર ઝોન પાસે પહોંચતા પાણીના ખેંચાણ અને પ્રવાહથી પલટી મારી ગઈ હતી. કમાન્ડોને જોખમનો ખ્યાલ આવે તે પહેલા જ અકસ્માત સર્જાયો હતો. પ્રતાપનગર પોલીસ સ્ટેશનના પ્રભારી રોહતાસના જણાવ્યા મુજબ શોધખોળ માટે સર્ચ ઓપરેશન ચાલુ છે.

# મણિપુરમાં ફરી હિંસા : 24 કલાકમાં 35 મકાનો સળગાવાયા, ગોળીબાર થતાં ફરી એલર્ટ અપાયું

## હવે નાગા-કુકી સમુદાયના લોકો વચ્ચે સામસામે હુમલા, હુમલામાં કેટલાક ઘાયલ

**ઈમ્ફાલ**

મણિપુરના કાંગપોકપી જિલ્લામાં બુધવારે આશરે 25 જેટલા ઘરોને આગ લગાવી દેવાઈ હતી. જ્યારે મંગળવારે પણ આશરે 10 જેટલા મકાનોને આગને હવાલે કરી દેવાયા હતા. એટલે કે મણિપુરમાં 24 કલાકમાં 35 જેટલા મકાનો સળગાવાયા છે.

આગજનીની આ ઘટના દરમિયાન એક ગ્રામીણ નાગરિકને ગોળી વાગતા ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. એટલુ જ નહીં ટ્રક સહિત



ચાર જેટલા વાહનોને પણ નુકસાન પહોંચાડાયું છે. ગ્રામીણ વિસ્તારમાં હથિયારો સાથે હુમલાખોરો ઘૂસી આવ્યા હતા અને ગ્રામીણો પર બેફામ ગોળીબાર કરી દીધો હતો. બાદમાં મકાનોને આગ લગાવી દીધી હતી. મકાનોની સાથે અનાજ સહિતની ગ્રામીણોની ખાદ્ય સામગ્રી પણ ખાખ થઈ ગઈ હતી. સૌથી પહેલા પીપુરામ નાગા ગામ પર હુમલો કરવામાં આવ્યો હતો, બાદમાં આ જ હુમલાખોરો મકુઈ નાગા ગામ પર તુટી પડયા હતા. આ દરમિયાન એક નાગરિક ઘાયલ થઈ ગયો હતો. અત્યાર સુધી મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે હિંસાની ઘટનાઓ સામે આવી રહી હતી હવે કુકી અને નાગા સમુદાયના લોકો વચ્ચે હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે.

# દેશમાં ૨૦૦થી વધુ ટોલ-પ્લાઝા પર કૌભાંડ ૧૪ સ્થળો પર એક સાથે ઈડી દ્વારા દરોડા

## ટ્રક માટે નકલી ફાસ્ટૅગ અને નકલી સૉફ્ટવેર દ્વારા ખોટી રસીદો બનાવ્યાનો આરોપ

**નવી દિલ્હી**

ભારતભરમાં 200થી વધુ ટોલ-પ્લાઝા પર મોટા પાયે ટોલ-કૌભાંડની શંકાના કારણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ED) ૧૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા. છેતરપિંડીમાં ટ્રક માટે નકલી ફાસ્ટેગ અને નકલી સૉફ્ટવેર દ્વારા ખોટી રસીદો બનાવવાનો સમાવેશ થાય છે, જેમાં સ્ટાફ અને ઑપરેટરોની સંડોવણીનો આરોપ છે. માત્ર ઉત્તર પ્રદેશમાં જ આવા ૧૦૦ શંકાસ્પદ પ્લાઝા છે, જેના કારણે દેશભરમાં તપાસ શરૂ થઈ ગઈ છે.

નૅશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI)ના વિવિધ ટોલ-પ્લાઝા પર છેતરપિંડીથી થતી ટોલ-વસૂલાતમાં મની-લૉન્ડરિંગની તપાસના ભાગરૂપે EDએ ગઈ કાલે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, જમ્મુ અને કાશ્મીર, મધ્ય પ્રદેશ, દિલ્હી-નૅશનલ કેપિટલ રીજન અને પશ્ચિમ બંગાળમાં લગભગ ૧૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા.

આરોપ છે કે ટોલ-રસીદો જનરેટ કરવા અને ટોલ-આવકને સત્તાવાર અકાઉન્ટિંગ સિસ્ટમની બહાર વાળવા માટે ગેરકાયદે સૉફ્ટવેર ઍપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. EDના અધિકારીઓએ જણાવ્યું હતું કે ફૉરેન્સિક તપાસ અને NHAIના રેકૉર્ડ્સે આવા સૉફ્ટવેરના ઉપયોગની પુષ્ટિ કરી છે. દરોડાઓ ડિજિટલ અને દસ્તાવેજી પુરાવા એકત્રિત કરવા, લાભાર્થીઓને ઓળખવા અને ગુનાની આવક શોધી કાઢવા માટે પાડવામાં આવ્યા હતા.

# તેલંગાણા કોંગ્રેસમાં વિખવાદ : રેડ્ડીએ મંત્રી સુરેખાને કેબિનેટમાંથી હટાવ્યા

**હૈદરાબાદ**

તેલંગાણા કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક વિવાદ વચ્ચે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ ગુરુવારે મંત્રી કોંડા સુરેખાને મંત્રીમંડળમાંથી હટાવવાનો મોટો નિર્ણય લીધો છે. આ સંદર્ભે રાજ્યપાલને સત્તાવાર ભલામણ પણ મોકલી દેવામાં આવી છે. મુખ્યમંત્રીનો આ નિર્ણય તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિની શિસ્ત સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણ બાદ આવ્યો છે.

સમિતિની ભલામણમાં જણાવાયું હતું કે, તાજેતરમાં મંત્રી સુરેખાની પુત્રી દ્વારા કરવામાં આવેલા વિવાદિત નિવેદનોને પગલે તેમની સામે પગલાં લેવાવા જોઈએ. સમિતિએ સુરેખાને કેબિનેટમાંથી હટાવવાની સાથે ચિન્ના રેડ્ડીને પણ પ્લાનિંગ બોર્ડના પદ પરથી હટાવવાની ભલામણ કરી હતી, કારણ કે તેમના પર પણ પક્ષની શિસ્તન ભંગ કરવાનો આરોપ છે. ચિન્ના રેડ્ડીને પદ પરથી હટાવીને તેમની જગ્યાએ ગડવાલ વિજયાલક્ષ્મીને તેલંગાણા પ્લાનિંગ બોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે. સુરેખા સાથે જોડાયેલો આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે તેમની પુત્રી કોંડા સુષ્મિતા પટેલે ઓગસ્ટ મહિનામાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન રેવંત અને તેમના પરિવાર વિરુદ્ધ ટિપ્પણી કરી હતી.

# તમિલનાડુના 52 મંદિરોમાં ફોન પર પ્રતિબંધ ફોન જમા કરાવવા માટે પણ હવે ફી વસૂલાશે

## અનધિકૃત ફોટોગ્રાફી, રેકોર્ડિંગ રોકવા અને ભક્તો પૂજા કરી શકે તે માટે નિર્ણય

**હૈદરાબાદ**

સરકાર અનેક મહત્વપૂર્ણ અને વિશિષ્ટ નિર્ણયો લઈ રહી છે. વહીવટીતંત્રે રાજ્યભરના 52 મુખ્ય મંદિરોમાં સ્માર્ટફોન લઈ જવા અને ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નવા નિયમો મંગળવાર, 1 સપ્ટેમ્બરથી અમલમાં આવ્યા છે. નવા આદેશ હેઠળ, સ્માર્ટફોન સાથે આવતા ભક્તોએ તેમને નિયુક્ત કાઉન્ટર પર જમા કરાવવાના રહેશે. આ સેવા માટે પ્રતિ ફોન રૂ.5 ફી વસૂલવામાં આવે છે, જ્યારે કેમેરા વગરના મોબાઈલ ફોનને અંદર જવાની મંજૂરી છે. હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ મંત્રી શ્રી રમેશે આ પ્રતિબંધની જાહેરાત કરી હતી અને તે મદ્રાસ હાઈકોર્ટના અગાઉના નિર્દેશો સાથે સુસંગત છે. સરકારનો આ નિર્ણય ભક્તો ખાસ કરીને યુવાનો દ્વારા મંદિર પરિસરમાં ફોટા પાડવા, સોશિયલ મીડિયા રીલ્સ બનાવવા અને વીડિયો રેકોર્ડ કરવા, હાલના માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરતી ક્રિયાઓ અંગેની ચિંતાઓને અનુસરે છે. પ્રતિબંધનો ઉદ્દેશ્ય મંદિરોમાં અનધિકૃત ફોટોગ્રાફી અને વીડિયો રેકોર્ડિંગને રોકવાનો અને ખાતરી કરવાનો છે કે ભક્તો શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂજા કરી શકે. ફોન જમા કરાવ્યા પછી તેમને એક ટોકન મળશે, જે ઉપકરણને ફરીથી મેળવવા માટે પરત કરવું પડશે.

# દિલ્હીમાં 7.8 ટકાના દાવા સામે માત્ર 2.6 ટકા હોવાની આશંકા સાથે વિવાદ

## 86 લાખ કરોડથી 80 લાખ કરોડ કર્યાનો આક્ષેપ 2.8 ટકા વૃદ્ધિનો દાવો

**નવી દિલ્હી**

નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ અને ક્રૂડ ઓઈલના ભાવ આસમાને જતા દુનિયાભરમાં મંદી છે. છતાં ભારતે પહેલા ત્રિમાસિકમાં 7.8 ટકાની અસાધારણ વૃદ્ધિ નોંધાવી છે. પૂર્વ નાણાં સચિવ સુભાષ ગર્ગે એપ્રિલ-જૂન 2026નો જીડીપી માત્ર 2.6 ટકા હોવાનો આક્ષેપ કરતા વિવાદ સર્જાયો છે.

સરકારે સુભાષ ગર્ગ અને કોંગ્રેસના આક્ષેપો પર પલટવાર કરતા કહ્યું કે જૂના અને નવા આધાર વર્ષના આંકડાની સરખામણી એપલ ઓરેન્જ સમાન છે અને અર્થતંત્ર ફુલ ગુલાબી તેજીમાં છે. કોંગ્રેસે જીડીપીના આંકડાને આંકડાકીય કસરત ગણાવી સવાલ ઉઠાવ્યા હતા.

કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે આક્ષેપોને ગેરમાર્ગે દોરનારા ગણાવી ઝાટકણી કાઢી હતી અને કહ્યું કે 7.8 ટકા વૃદ્ધિ વાસ્તવિક ઉત્પાદન આંકડા પર આધારિત છે. પૂર્વ સચિવ સુભાષ ચંદ્ર ગર્ગે દાવો કર્યો કે ગયા વર્ષના પ્રથમ ત્રિમાસિકનો જીડીપી 86 લાખ કરોડથી ઘટાડી 80 લાખ કરોડ ન કરાયો હોત તો વૃદ્ધિ 2.8 ટકા હોત અને આંકડા ઈરાદાપૂર્વક બદલી વિકાસ દર કૃત્રિમ વધારાયો છે. સરકારના ફૂલ ગુલાબી દાવા પર વિવાદ સર્જાયો છે

# રીવામાં બસ અને બલ્કર ધડાકાભેડ અથડાતાં 12ના મોત

## 20 જેટલા મુસાફરો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા, સ્થાનિકોની મદદથી બચાવ કામગીરી શરૂ, ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

**ભોપાલ**

ભોપાલમાં મધ્યપ્રદેશના રીવા જિલ્લામાં નેશનલ હાઈવે નંબર 39 પર ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટના બદબાર સ્ટેન્ડ નજીક બની હતી, જ્યાં સીધી તરફથી આવી રહેલી પવન એક્સપ્રેસ બસ અને રીવા તરફથી આવી રહેલા બલ્કર ટ્રક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. પ્રાથમિક અહેવાલો મુજબ આશરે 12 લોકોના મોતની આશંકા છે, જોકે સત્તાવાર પુષ્ટિ બાકી છે.

ટક્કર એટલી પ્રચંડ હતી કે બસના કુરચેકુરચા ઊડી ગયા હતા અને ઘટનાસ્થળે ભયંકર ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિક રહીશોએ તાત્કાલિક ગુઢ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. માહિતી મળતા જ પોલીસ પ્રશાસન અને રાહત ટીમો દોડી આવી હતી અને સ્થાનિકોના સહકારથી બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. આશરે 20 મુસાફરો ગંભીર ઈજાગ્રસ્ત થતા એમ્બ્યૂલન્સ



અને અન્ય વાહનો મારફતે રીવાની સંજય ગાંધી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

મળતી વિગતો મુજબ રીવાથી સીધી તરફ જઈ રહેલી પવન ટ્રાવેલ્સની મુસાફરોથી ભરેલી બસ સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા બલ્કર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ચાલકે કાબૂ ગુમાવતા બસ રસ્તાની બાજુમાં આવેલા તળાવ જેવા ઊંડા પાણી ભરેલા ખાડામાં ખાબકી હતી.

અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બસનું માળખું સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયું હોવાથી અંદર બેઠેલા અનેક મુસાફરો કચડાઈ ગયા હોવાની આશંકા છે. બસમાં ફસાયેલા લાચાર મુસાફરોને બહાર કાઢવા રેસ્ક્યુ ટીમ દ્વારા ક્રેનની મદદ લેવાઈ રહી છે. દુર્ઘટનાની ગંભીરતા જોતા ગુઢ પોલીસ મથકનો કાફલો અને વહીવટી અધિકારીઓ મોરચો સંભાળી રહ્યા છે અને ગ્રામજનોની મદદથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી એમ્બ્યૂલન્સ મારફતે હોસ્પિટલ રવાના કરાઈ રહ્યા છે. પોલીસ અને બચાવ દળના જવાનો ત્વરિત ગતિએ રાહત કામગીરી પાર પાડી રહ્યા છે. સત્તાવાર પુષ્ટિ બાકી છે. તપાસ ચાલુ છે

# દેશભરમાં સરકારી સંસ્થાઓ સામે ભ્રષ્ટાચારની 70500થી વધુ ફરિયાદ

**નવીદિલ્હી**

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના વાર્ષિક અહેવાલ મુજબ 2025માં સરકારી સંસ્થાઓ સામે 70,500થી વધુ ભ્રષ્ટાચારની ફરિયાદો મળી હતી, જેમાં બેંકો અને રેલવેની સૌથી વધુ ફરિયાદો મળી હોવાનો ચોંકાવનારી માહિતી મળી હતી.

રિપોર્ટમાં જણાવાયું છે કે મુખ્ય વિજિલન્સ અધિકારીઓ, અથવા સીવીઓને વર્ષ દરમિયાન 70,584 ફરિયાદ મળી હતી અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેમાંથી ૬૪,૯૦૫ ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો હતો.

તેમાં ઉમેર્યું હતું કે, "બાકીની 5,679 ફરિયાદો 2025ના અંતમાં પ્રક્રિયા હેઠળ હતી, જેમાં 2002 ત્રણ મહિનાથી વધુ સમયથી ચાલી રહી છે." સીવીઓ કમિશનના વિસ્તૃત હાથ તરીકે કાર્ય કરે છે અને ત્રણ મહિનાની અંદર તપાસ પૂર્ણ કરે તેવી અપેક્ષા છે. અહેવાલમાં જણાવાયું છે કે કમિશન સમયાંતરે સીવીઓ પાસે પડતર ફરિયાદોની સમીક્ષા કરે છે જેથી તેનો ઝડપથી નિકાલ થાય. બેંકોમાં સૌથી વધુ 9,933 ફરિયાદો હતી. આમાંથી 9,520નો નિકાલ કરવામાં આવ્યો હતો અને 413 પેન્ડિંગ હતી, જેમાં બાવન ત્રણ મહિનાથી વધુ સમયથી હતી.

# ઉત્તરાખંડમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે 7 લોકોના મોત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-રસ્તા બંધ

## યુપીમાં પૂરથી આફત, 16,784 લોકોને સલામત સ્થળે ખસેડાયા, રેસ્ક્યૂ ઓપરેશન શરૂ

**દહેરાદૂન**

ઉત્તરાખંડ રાજ્યમાં મેઘતાંડવ, ભૂસ્ખલન અને પૂરના કારણે સર્જાયેલી વિવિધ દુર્ઘટનાઓમાં 7 લોકોના મોત નીપજ્યા છે. સતત વરસી રહેલા વરસાદ અને ભેખડો ધસી પડવાથી 2 રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત કુલ 172 માર્ગો બંધ થઈ ગયા છે. નૈનીતાલ, અલ્મોડા, બાગેશ્વર, ચમોલી, પૌડી, પિથોરાગઢ, દેહરાદૂનમાં માર્ગો તૂટવાથી સંપર્ક કપાઈ ગયો છે. દેહરાદૂન-મસૂરી માર્ગ પર કાટમાળ ખડકાતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. ગૌલા, કોસી, ગંગા અને અલકનંદા સહિતની નદીઓ ભયજનક સપાટી નજીક વહી રહી છે.

ઉત્તર પ્રદેશના 35 જિલ્લા પૂરથી અસરગ્રસ્ત થયા છે. તેમાંથી 23 જિલ્લાઓમાં હજુ પણ પૂરનું સંકટ છે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 16,784 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ઝારખંડમાં પણ અતિભારે વરસાદની ચેતવણી સાથે 10 જિલ્લામાં આકસ્મિક પૂરની સંભાવનાને પગલે તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે.

# નેપાળ જેવી હોનારતના ભય વચ્ચે સિક્કિમમાં 40 ગ્લેશિયર તળાવો પર ગંભીર જોખમ તોળાયું

## પૂરના જોખમને પહોંચી વળવા માટે પ્રશાસને ત્રણ મહત્વપૂર્ણ યોજનાઓ તૈયાર કરી

**ગેંગટોક**

નેપાળમાં તાજેતરમાં ગ્લેશિયર ફાટવાથી આવેલા વિનાશક પૂરમાં 1000 થી વધુ લોકોના મોત થયા છે અને 4000 થી વધુ લોકો ગુમ છે. આવી જ હોનારતનું જોખમ ભારતમાં તોળાઈ રહ્યું છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના જણાવ્યા મુજબ સિક્કિમમાં 40 ગ્લેશિયર તળાવો પર જોખમ છે, જેમાંથી 7 અત્યંત ઉચ્ચ જોખમ ધરાવતા શ્રેણીમાં મુકાયા છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક આવેલા સિક્કિમમાં 400 થી વધુ ગ્લેશિયર તળાવો છે. તાજેતરના વૈજ્ઞાનિક મૂલ્યાંકનમાં 17,000 ફૂટથી વધુ ઊંચાઈ પર આવેલા 16 અતિ-સંવેદનશીલ તળાવોમાંથી 13નો વિગતવાર અભ્યાસ પૂર્ણ થયો છે. અભ્યાસમાં તળાવની ઊંડાઈ, પાણીનો જથ્થો, મોરેનની મજબૂતી અને ભૂસ્ખલનના જોખમો તપાસાયા છે. સિક્કિમના વિજ્ઞાન વિભાગના મુખ્ય સચિવ સંદીપ તાંબેના જણાવ્યા મુજબ હોનારત રોકવા ત્રણ ઉપાયો પ્રસ્તાવિત છે. શાકો ચો માં 2.7 કરોડ ઘન મીટર પાણી છે, સોલાર પંપથી જળસપાટી 20થી 40 મીટર ઘટાડી 80 લાખ પાણી બહાર કઢાશે જેથી ડેમ તૂટે તો પૂરનું જોખમ ઘટે. ડોલમા સંપાગ પ્રોજેક્ટ હેઠળ દક્ષિણ-ઉત્તર લોનાક ક્લસ્ટર માટે 24 કિમી નીચે પથ્થર ચણતરની વિશાળ ચેક ડેમ સંરચના બનાવવાનો અભ્યાસ ચાલે છે જે પ્રવાહ ધીમો કરશે. ગુરુડોંગમારમાં પવિત્ર સરોવરને નુકસાન વિના મોરેન પ્લગ પર સુરક્ષા દીવાલ બનાવી જળ નિકાલ નિયંત્રિત કરાશે.

# FTASથી ભારતને વૈશ્વિક વેપારના 75% સુધી પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસ મળશે

**નવી દિલ્હી**

ભારત વૈશ્વિક વેપારમાં પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા માટે વિવિધ દેશો અને જૂથો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (FTAs) પર ઝડપથી આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે આગામી સમયમાં ભારતને વિશ્વના કુલ વેપારના લગભગ 75 ટકા હિસ્સા સુધી પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસ મળી શકે છે. પીયૂષ ગોયલના જણાવ્યા મુજબ ભારત દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા 9 FTAs લગભગ 60 ટ્રિલિયન ડોલરની સંયુક્ત GDP ધરાવતા બજારોને આવરી લે છે. આ કરારોના કારણે ભારતને વૈશ્વિક વેપારના લગભગ બે તૃતિયાંશ હિસ્સા સુધી પ્રેફરન્શિયલ એક્સેસ મળશે. તેમણે જણાવ્યું કે આગામી કેટલાક મહિનાઓ અને વર્ષોમાં કેનેડા, મેક્સિકો, ચિલી, મર્કોસુર, SACU દેશો, GCC અને ઈઝરાયલ સાથેના પ્રસ્તાવિત વેપાર કરારો દ્વારા આ માર્કેટ એક્સેસ વધુ વિસ્તરશે. આ ઉપરાંત ASEAN, દક્ષિણ કોરિયા અને જાપાન સાથેના હાલના કરારોની સમીક્ષા અથવા અન્ય જરૂરી પગલાં દ્વારા પણ ભારતની વેપાર સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# ઓડિશામાં ભોળાનાથ મંદિરમાં મૂર્તિ પાસે 12 ફૂટનો કિંગ કોબ્રા ઘૂસી આવતાં લોકોમાં ગભરાટ

**ભોપાલ**

ઓડિશાના ગંજામ જિલ્લામાં આવેલા ચિકિટી ગઢના રત્નેઈ મંદિરમાં લગભગ 12 ફૂટ લાંબો કિંગ કોબ્રા મળી આવતાં અફરાતફરી મચી ગઈ હતી. સાંજની પૂજા માટે પહોંચેલા પૂજારીની નજર સાપ પર પડતાં તેમણે તરત જ વન વિભાગને જાણ કરી હતી. પૂજારી મંદિરમાં પહોંચ્યા અને દરવાજો ખોલ્યો ત્યારે અંદર લગભગ 12 ફૂટ લાંબો કિંગ કોબ્રા જોવા મળ્યો હતો વન વિભાગને જાણ થતાં સ્થાનિક સ્નેક હેલ્પલાઈનના સભ્યો રામચંદ્ર સાહુ અને જગન્નાથ સાહુ સ્થળ પર પહોંચ્યા હતા. સાપનું કદ અને તેની સ્થિતિને ધ્યાનમાં રાખીને ટીમે ખૂબ જ સાવચેતીથી રેસ્ક્યૂ શરૂ કર્યું હતું. લગભગ 1 કલાકની મહેનત બાદ ટીમે સાપને સુરક્ષિત રીતે પકડી લીધો હતો.

# 504 કરોડના ગોટાળામાં 6 IAS સહિત 19 આરોપી સામે ચાર્જશીટ દાખલ કરાઈ

**હરિયાણા**

હરિયાણામાં વિવિધ વિભાગો અને સંસ્થાઓના આશરે 504 કરોડના કથિત ગોટાળાના કેસમાં સીબીઆઈએ વધુ 19 આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. પંચકુલાની વિશેષ કોર્ટમાં દાખલ કરાયેલી આ ત્રીજી ચાર્જશીટમાં હરિયાણા કેડરના 6 IAS અધિકારીઓ ઉપરાંત બે ખાનગી બેન્કોના અધિકારીઓ અને રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓના નામ સામેલ છે. જેમાં રામ કુમાર સિંહ, મોહમ્મદ શાહીન, પ્રદીપ કુમાર, સાકેત કુમાર, વિનિત ગર્ગ અને પંકજ અગ્રવાલને આરોપી બનાવ્યા છે. IDFC ફર્સ્ટ બેન્કના અધિકારીઓ શમીમ અહમદ ડાર, સુધા ગોયલ અને કુલદીપ સિંહ તેમજ AU સ્મોલ ફાઈનાન્સ બેંકના ચરણજીત સિંહ રંધાવાનું નામ પણ ચાર્જશીટમાં છે. CBIએ હરિયાણા સરકારના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ સામે પણ કાર્યવાહી કરી છે. સરકારી કર્મચારીઓએ બેન્કોના કેટલાક અધિકારીઓ સાથે મળીને કથિત રીતે સુનિયોજિત ષડયંત્ર રચ્યું હતું. આ ષડયંત્ર હેઠળ હરિયાણા સરકારના વિવિધ વિભાગોના નાણાં અન્ય અધિકૃત બેન્કોમાંથી IDFC ફર્સ્ટ બેન્ક અને AU સ્મોલ ફાઈનાન્સ બેન્કની ચોક્કસ શાખાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

# અયોધ્યામાં રામ મંદિર ટ્રસ્ટના સંચાલન માટે જિતેન્દ્ર મિશ્રા પ્રથમ સીઈઓ તરીકે નિયુક્ત

**અયોધ્યા**

અયોધ્યામાં રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં દાન વિવાદ બાદ વહીવટ સંભાળવા નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની પ્રથમ સીઈઓ તરીકે પસંદગી કરાઈ છે. ઓપરેશન સિંદૂરમાં મહત્વનો ભાગ ભજવનારા પૂર્વ એર માર્શલ મંદિરના તમામ મેનેજમેન્ટ અને કામગીરી પર દેખરેખ રાખશે. આ પદ માટે આવેલી 5500 અરજીઓની 2 મહિના લાંબી પ્રક્રિયા બાદ આ નિમણૂક થઈ છે. આ સાથે ટ્રસ્ટના માળખામાં ફેરફાર કરીને ચંપત રાયની જગ્યાએ ગોવિંદ દેવ ગિરિને મહાસચિવ બનાવાયા છે, જ્યારે દિલ્હીના મહેશ ભાગચંદકાને કોષાધ્યક્ષની જવાબદારી સોંપાઈ છે. ઉપરાંત અયોધ્યાના મદન મોહન પાંડે અને શિકોહાબાદના નિર્મલા યાદવને નવા ટ્રસ્ટી તરીકે સામેલ કરાયા છે.

# સ્મૃતિની સદી : હોંગકોંગને હરાવી ભારત વિમેન્સ એશિયાકપના સેમિફાઈનલમાં

## ભારતનો ૧૩૭ રને વિજય : સ્મૃતિ ૧૨૪ રનની ઈનિંગ રમીને વિમેન્સ ક્રિકેટમાં હાઈએસ્ટ રન સ્કોરર પણ બની

**દુબઈ**

સ્મૃતિ મંધાનાની ૧૨૪ રનની ઝંઝાવાતી ઈનિંગ બાદ દીપ્તા શર્મા (૩ વિકેટ), શ્રીચરણી (૨ વિકેટ) અને પ્રેમા રાવત (૨ વિકેટ)ની શિસ્તબદ્ધ બોલિંગના જોરે ભારતે વિમેન્સ એશિયા કપની પોતાની બીજી મેચમાં હોંગકોંગને ૧૩૭ રનથી કારમી હાર આપીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. હવે ભારતનો મુકાબલો ૫ સપ્ટેમ્બરે પાકિસ્તાન સામે થશે. ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતની ટીમે ૨૦ ઓવરના અંતે ૫ વિકેટ ગુમાવીને ૧૯૩ રનનો સ્કોર ખડક્યો હતો. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી હોંગકોંગની ટીમે ભારતે બીજી ઓવરમાં પહેલો ઝટકો આપ્યો હતો. હોંગકોંગ ૧૬.૨ ઓવરમાં ઓલઆઉટ થઈ જતાં ભારતને ૧૩૭ રનથી જીત્યું હતું.




ભારતીય ઈનિંગ્સની શરૂઆત સાવચેતીપૂર્વક થઈ હતી. પ્રથમ 4 ઓવરમાં માત્ર 26 રન જ આવ્યા હતા, પરંતુ પાવરપ્લેની અંતિમ ઓવરમાં શફાલી વર્માએ મરિના લેમ્પલોફને નિશાન બનાવી 2 સિક્સ અને 2 ફોર સાથે 22 રન ઝૂડી કાઢ્યા હતા. ભારતનો સ્કોર 6 ઓવરમાં વિના નુકસાને 60 રન પર પહોંચી ગયો હતો. શફાલી 17 બોલમાં 28 રન બનાવી આઉટ થઈ હતી. ત્યારબાદ રિચા ઘોષ (11) અને હરમનપ્રીત કૌર (10) સસ્તામાં પેવેલિયન પરત ફર્યા હતા. 193 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી હોંગકોંગની ટીમની શરૂઆત જ અત્યંત નબળી રહી હતી. પાવરપ્લેમાં તેઓ માત્ર 16 રન બનાવી શક્યા હતા. નંદની શર્માએ સચોટ લાઈન-લેન્થથી બોલિંગ કરતા 3 ઓવરમાં માત્ર 6 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. સ્પિનરોએ પણ મેચ પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. પ્રેમા રાવતે શાનદાર ટર્ન વડે 3 ઓવરમાં 12 રન આપીને 2 વિકેટ લીધી, જેમાં હોંગકોંગના કેપ્ટન નતાશા માઈલ્સની વિકેટ સામેલ હતી. દિપ્તી શર્માએ પોતાની જાદુઈ બોલિંગથી માત્ર 9 રન આપીને 3 વિકેટ ઝડપી હોંગકોંગની કમર તોડી નાખી હતી.

# બીસીસીઆઈ રિવ્યૂ મીટિંગ : ગૌતમ ગંભીર-અગરકરનું પદ સુરક્ષિત રાખવાનો નિર્ણય

## રોહિત શર્માને હાલ કોઈ જોખમ નહીં : અગરકરની ગેરહાજરી ચર્ચાનો વિષય બની

મુંબઈ । મુંબઈ ખાતે યોજાયેલી બીસીસીઆઈની રિવ્યૂ મિટિંગમાં ગૌતમ ગંભીર અને અજિત અગરકરને પોતાના પદ પર યથાવત રાખવાનો નિર્ણય કરાયો છે. બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયાએ સ્પષ્ટતા કરતા કહ્યું ‘રોહિત વન ડે ટીમ સાથે જોડાયેલો રહેશે પૂર્વ કેપ્ટન સામે હાલમાં કોઈ જોખમ નથી અને સ્થિતિ યથાવત છે. ‘ આ મહત્વપૂર્ણ બેઠકમાં ટેસ્ટ અને વનડે ટીમના કેપ્ટન શુભમન ગિલ, ટી-૨૦ કેપ્ટન શ્રોયસ ઐયર, હેડ કોચ ગૌતમ ગંભીર અને વી.વી.એસ. લક્ષ્મણ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, ચીફ સિલેક્ટર અજીત અગરકર આ બેઠકમાં ગેરહાજર રહ્યા હતા, જેઓ મુંબઈ બહાર અને કથિત રીતે નો-ઈન્ટરનેટ ઝોનમાં હોવાનું સામે આવ્યું છે. ઈંગ્લેન્ડ પ્રવાસ પર લંડનના લોર્ડ્સ મેદાન પર રમાયેલી વનડે મેચમાં રોહિત શર્માએ ૧૩૮ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ સિરીઝ પહેલા ચર્ચાઓ હતી કે આ તેના કરિયરની છેલ્લી મેચ હશે, પરંતુ બેઠકમાં સ્પષ્ટ થઈ ગયું કે રોહિત વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે સિરીઝ રમશે. ખરાબ પ્રદર્શન બાદ મુખ્ય પસંદગીકાર અજીત અગરકરના પદ પર પણ ખતરો હોવાના અહેવાલો હતા. જોકે, અગરકર પણ પોતાની પોઝિશન પર યથાવત રહેશે. ટીમ ઈન્ડિયાના ખરાબ પ્રદર્શન બાદ અટકળો વહેતી થઈ હતી કે હેડ કોચ ગૌતમ ગંભીરની હકાલપટ્ટી નિશ્ચિત છે. પરંતુ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ગંભીર પોતાના પદ પર ચાલુ રહેશે અને કોચિંગની જવાબદારી સંભાળતા રહેશે.

# વિમેન્સ ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ આવૃત્તિની યજમાની ભારત કરશે

## ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૭માં મુંબઈ બરોડામાં મેચ રમાશે

**નવી દિલ્હી**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા આઈસીસી વુમન્સ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૭ ની સૌપ્રથમ આવૃત્તિની યજમાની ભારતને સોંપવામાં આવી છે. આ ટૂર્નામેન્ટના મુકાબલા ૧૪ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન મુંબઈ અને ગુજરાતના વડોદરામાં રમાશે. અગાઉ આ ટૂર્નામેન્ટનું આયોજન શ્રીલંકામાં થવાનું હતું, પરંતુ આઈસીસીના નિયમો અને વહીવટી સુધારાઓને લઈને શ્રીલંકા પાસેથી આ યજમાની છીનવી લેવામાં આવી છે. ટૂર્નામેન્ટ રાઉન્ડ-રોબિન ફેર્મેટમાં રમાશે, જેમાં લીગ રાઉન્ડના અંતે ટોચની બે ટીમો વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ ફઈનલ મેચ રમાશે. આઈસીસી દ્વારા અગાઉ યજમાની શ્રીલંકાને આપવામાં આવી હતી, પરંતુ શ્રીલંકા ક્રિકેટ બોર્ડમાં જરૂરી વહીવટી સુધારાઓ હજુ પ્રક્રિયાધીન હોવાથી આઈસીસીએ નવા યજમાનની શોધ શરૂ કરી હતી. આઈસીસીએ ભારત, બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકા એમ ત્રણ વિકલ્પો પર વિચારણા કર્યા બાદ ભારતની યજમાન તરીકે પસંદગી કરી છે.

# ભારતમાં પહેલીવાર અમદાવાદમાં વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝનું આયોજન થશે

**અમદાવાદ**

ભારતમાં પહેલીવાર ‘વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ ૨૦૨૬’નું આયોજન થવા જઈ રહ્યું છે. ૫ સપ્ટેમ્બરથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત થનારી સિરીઝમાં ૨૦ દેશોના ૧૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આર્ચરી એસોસિએશન ઓફ્ ઈન્ડિયા દ્વારા ગુજરાત સરકાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ્ ગુજરાત અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ્ ઈન્ડિયાના સહયોગથી આયોજિત આ ઐતિહાસિક ઈવેન્ટનું ઉદ્ઘાટન ૪ સપ્ટેમ્બરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં થશે



આ સ્પર્ધામાં ભારત, પીપલ્સ રિપબ્લિક ઓફ્ ચાઈના, ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, જર્મની, હંગેરી, ઈન્ડોનેશિયા, ઈસ્લામિક રિપબ્લિક ઓફ્ ઈરાન, કઝાકિસ્તાન, મેક્સિકો, સ્લોવેકિયા, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ્ અમેરિકા, ઉઝબેકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, સાયપ્રસ, ચેકિયા, ઈરાક, રશિયન ફેડરેશન અને શ્રીલંકાના ખેલાડીઓ ભાગ લેશે.

# અફઘાનિસ્તાન સીરીઝ માટે ભારતીય ટી-૨૦ ટીમ જાહેર : વૈભવને તક, બુમરાહની વાપસી

## સંજૂને પણ ટીમમાં સ્થાન અપાયું, રિન્કુ સિંહના નામ પર વિચારણા નહીં

**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડએ અફઘાનિસ્તાન સામેની ત્રણ ટેસ્ટ મેચોની ટી-૨૦ સીરીઝ માટે ભારતીય ટીમનું એલાન કરી દીધું છે. ભારતીય ટીમ શ્રોયસ ઐય્યરની કેપ્ટનશિપ હેઠળ રમવા ઉતરશે. ટીમમાં ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને પણ સામેલ કરાયો છે. સીરીઝ માટે ઝડપી બોલર જસપ્રીત બુમરાહને પણ ટીમમાં શરતી સ્થાન અપાયું છે. જોકે, તેની પસંદગી તેની ફિટનેસ પર આધાર રાખશે. ભારત અને




અફઘાનિસ્તાન વચ્ચેની ટી-૨૦ મેચની સીરીઝની ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. પહેલી મેચ ૧૩ સપ્ટેમ્બરે, બીજી ૧૫ સપ્ટેમ્બર અને ત્રીજી મેચ ૧૭ સપ્ટેમ્બરના રોજ રમાશે. એટલે કે સીરીઝ પાંચ દિવસમાં પૂરી થઇ જશે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના ક્રિકેટ સંબંધોને હાલના સમયમાં મજબૂતી મળી છે. બંને ટીમોએ જૂન ૨૦૨૬માં ત્રણ વનડે મેચની સીરીઝ રમી હતી.

ટીમ: શ્રોયસ ઐય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજૂ સેમસન (ઉદ્ઘ), ઈશાન કિશન (ઉદ્ઘ), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), શિવમ દુબે, નીતિશ રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, બુમરાહ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા.

# યુએસ ઓપન : અલ્કારાઝ પોર્ટુગલના જેમે ફરિયાને હરાવી ત્રીજા રાઉન્ડમાં

ન્યૂયોર્ક । વર્ષના ચોથા ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપનમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન અને સ્પેનના સ્ટાર ખેલાડી કાર્લોસ અલ્કારાઝે પોતાનું શાનદાર પ્રદર્શન જાળવી રાખતા ક્વાર્ટર ફઈનલમાં સ્થાન પાક્કુ કર્યુ છે. પોર્ટુગલના જેમે ફરિયા સામે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ જોરદાર વાપસી કરીને પોર્ટુગલના જેમે ફરિયાને ૪-૬, ૬-૦, ૬-૩, ૬-૨ થી હરાવીને યુએસ ઓપનના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. એપ્રિલમાં જમણા કાંડાની ઈજામાંથી બહાર આવ્યા બાદ પોતાની પ્રથમ ટૂર્નામેન્ટ રમી રહેલા અલ્કારાઝને લય મેળવવામાં થોડો સમય લાગ્યો હતો. વિશ્વના ૭૨મા ક્રમાંકિત ખેલાડી ફરિયાએ શાનદાર શરૂઆત કરતા ૩-૩ પર પ્રથમ બ્રેક મેળવ્યો અને પહેલો સેટ ૬-૪ થી પોતાના નામે કર્યો હતો.

# ICC ટેસ્ટ રેન્કિંગ : ગિલ અને જસપ્રિત બુમરાહ નીચે સરક્યાં

**દુબઈ**

બુધવારે જાહેર થયેલા તાજા આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય બેટ્સમેન શુભમન ગિલ અને સ્ટાર ફસ્ટ બોલર જસપ્રીત બુમરાહને નુકસાન વેઠવું પડયું છે. શ્રીલંકા પ્રવાસની ત્રણ ઈનિંગ્સમાં માત્ર એક અડધી સદી ફટકારનાર ગિલ બે સ્થાન નીચે ખસીને નવમાં ક્રમે પહોંચી ગયો છે. જોકે, વિકેટકીપર રિષભ પંત સાતમાં સ્થાન સાથે ટેસ્ટમાં ટોચનો ભારતીય બેટ્સમેન બન્યો છે, જ્યારે ઓપનર યશસ્વી જયસ્વાલ ૧૧માં ક્રમે યથાવત છે. શ્રીલંકા સામેની બે ટેસ્ટમાં બે સદીની મદદથી ૩૨૮ રન બનાવનાર દેવદત્ત પડિક્કલે પાંચ સ્થાનની છલાંગ લગાવીને ૫જમું સ્થાન પ્રાપ્ત કર્યુ છે.



જ્યારે બોલિંગ રેન્કિંગમાં ઈજાના કારણે શ્રીલંકા પ્રવાસ ચૂકનાર જસપ્રીત બુમરાહ એક સ્થાનના નુકસાન સાથે ત્રીજા ક્રમે આવી ગયો છે. હવે તે ઓસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્કઅને ન્યૂઝીલેન્ડના મેટ હેનરીથી પાછળ છે. બીજી તરફ, ભારત સામે કોલંબો ટેસ્ટની બંને ઈનિંગ્સમાં સદી ફટકારનાર શ્રીલંકાના સોનલ દિનુશાએ શાનદાર પ્રદર્શનના દમ પર ૨૯ સ્થાનની મોટી છલાંગ લગાવી હતી.

# શ્રીકાંત ચાઈના માસ્ટર્સની ક્વાર્ટર ફઈનલમાં પહોચ્યો

**શાંઘાઈ :** ભારતના અનુભવી બેડમિન્ટન ખેલાડી કિદામ્બી શ્રાીકાંતે ચાઈના માસ્ટર્સ સુપર ૭૫૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરતા ક્વાર્ટર ફઈનલમાં જગ્યા બનાવી લીધી છે. પુરુષ સિંગલ્સની રોમાંચક મેચમાં શ્રાીકાંતે વિશ્વના નવમા ક્રમાંકિત ખેલાડી કેનેડાના વિક્ટર લાઈને સીધી ગેમમાં ૨૧-૧૮, ૨૧-૧૯થી હરાવીને ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશ કર્યો છે. પૂર્વ વર્લ્ડ નંબર વન અને ૨૦૨૧ વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલ્વર મેડાલિસ્ટ શ્રાીકાંતનો સામનો હવે ક્વાર્ટર ફઈનલમાં હોંગકોંગના લી ચ્યુક યુ સામે થશે. ઉલ્લેખનીય છે કે, શ્રાીકાંત આ વર્ષે યુએસ ઓપન સુપર ૩૦૦ની ફઈનલમાં પણ પહોંચ્યો હતો. બીજી તરફ, મહિલા સિંગલ્સમાં તાજેતરમાં તાઈપે ઓપન જીતનારી ભારતની તન્વી શર્માને બીજા રાઉન્ડમાં વિશ્વની નવમા ક્રમાંકિત જાપાની ખેલાડી ટોમોકા મિયાઝાકી સામે ૧૭-૨૧, ૨૧-૧૮, ૧૬-૨૧થી હારનો સામનો કરવો પડયો હતો.

# કેનેડિયનોએ અમેરિકાથી મોં ફેરવ્યું : પ્રવાસ અને ખર્ચમાં ઘટાડો

## US સાથે તનાવ વધ્યો, આંતરિક પ્રવાસન અને વ્યવસાયોને લાભ

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડા દ્વારા જારી કરવામાં આવેલા નવા નેશનલ ટ્રાવેલ સર્વેના આંકડા અનુસાર વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કેનેડિયન પ્રવાસીઓએ યુનાઇટેડ સ્ટેટ્સની મુલાકાતોમાં મોટો કાપ મૂકીને કરોડો ડોલર પાછા ખેંચી લીધા છે. તાજેતરના વેપાર તણાવ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શાસન પ્રત્યેની નારાજગી વચ્ચે કેનેડિયનોએ અમેરિકા પ્રવાસમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે.

સર્વેના પ્રારંભિક આંકડા દર્શાવે છે કે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન કેનેડિયનોએ અમેરિકામાં આશરે ૫,૦૦૦,૦૦ (૫ લાખ) ઓછી યાત્રાઓ કરી હતી. આ સમયગાળા દરમિયાન મુસાફરી, રોકાણ અને વિમાન ભાડા સહિતના કુલ ખર્ચમાં વાર્ષિક ધોરણે આશરે $ ૮૦૦ મિલિયનનો ઘટાડો નોંધાયો છે. આ ડેટા સ્પષ્ટ કરે છે કે વેપાર તણાવ પૂર્વેથી જ કેનેડિયનોનો યુ.એસ. મુસાફરી પ્રત્યેનો રસ સતત ઘટી રહ્યો હતો. કેનેડિયનોએ દક્ષિણ સરહદ (અમેરિકા) તરફ જવાનું ટાળતા તેનો સીધો લાભ દેશના આંતરિક પ્રવાસન અને સ્થાનિક વ્યવસાયોને મળ્યો છે. ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં દેશની અંદર જ કરાયેલો આંતરિક પ્રવાસ ખર્ચ વધીને $ ૧૪.૫ અબજે પહોંચ્યો છે, જે ૨૦૨૫ના સમાન સમયગાળામાં $૧૩.૮ અબજ હતો. ન્યૂફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોર જેવા પ્રાંતોમાં સ્થાનિક પ્રવાસીઓનો ઘોડાપૂર આવતાં ટૂર ઓપરેટરોને ડીઝલ-પેટ્રોલના વધતા ભાવ અને ઊંચા ઓપરેટિંગ ખર્ચ સામે મોટી રાહત મળી છે.

### કેનેડા પ્રવાસ માટે અમેરિકનોનું વલણ યથાવત

એક તરફ કેનેડિયનો અમેરિકા જવાનું ટાળી રહ્યા છે, ત્યારે બીજી તરફ અમેરિકન મુલાકાતીઓનો કેનેડા પ્રત્યેનો રસ યથાવત રહ્યો છે. જાન્યુઆરી અને માર્ચ ૨૦૨૬ વચ્ચે અમેરિકન મુલાકાતીઓએ કેનેડામાં આશરે $૩ અબજ (આશરે રૂા. ૨૫,૦૦૦ કરોડ)નો ખર્ચ કર્યો હતો, જે પાછલા વર્ષના સમાન સમયગાળા કરતાં $ ૫૦૦ મિલિયન વધુ છે. ઘણા કેનેડિયન પ્રવાસીઓ ખુલ્લેઆમ જણાવી રહ્યા છે કે તેઓ યુ.એસ. પ્રવાસ અંગે કડવાશ અનુભવી રહ્યા છે અને જ્યાં સુધી યુ.એસ. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પદ પર રહેશે ત્યાં સુધી તેઓ અમેરિકા જવાનું પસંદ નહીં કરે

# વેપાર વિવાદ વચ્ચે કેનેડિયનોમાં સ્થાનિક ઉત્પાદનોની માંગ વધી

**ઓટાવા**

અમેરિકા સાથે ચાલી રહેલા વેપાર વિવાદ વચ્ચે કેનેડાના નાગરિકો હવે સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપી રહ્યા છે. કેનેડામાં ખાદ્ય પદાર્થો અને ઘરગથ્થુ સામાન બનાવતી કંપનીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક ખરીદી પ્રત્યેના લોકોના ઝુકાવને કારણે તેમના ઉત્પાદનોની માંગમાં અભૂતપૂર્વ વધારો જોવા મળી રહ્યો છે. બોમેનવિલે, ઓન્ટેરિયો સ્થિત પેપર સપ્લાયર 'વેન્કો લિમિટેડ'ના પ્રમુખ કેથલીન ચેપમેન કહે છે કે, તેમની કંપની યુ.એસ. ટેરિફની નીતિઓથી સીધી પ્રભાવિત થઈ છે. કંપનીનો લગભગ ૪૦ ટકા ગ્રાહક આધાર અમેરિકામાં હતો. કંપની ફ્રાન્સથી કાચો ચર્મપત્ર કાગળ આયાત કરતી હોવાથી શરૂઆતમાં યુરોપિયન માલ પરના યુ.એસ. ટેરિફની તેના પર અસર પડી હતી. હવે જ્યારે આ કાગળ કેનેડામાં તૈયાર અને પ્રોસેસ થાય છે, ત્યારે તેના પર વધારાના ૫૦ ટકા ટેરિફનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે, આ મુશ્કેલ સ્થિતિ વચ્ચે કેનેડાના નાગરિકો કંપનીના સમર્થનમાં આવ્યા છે. નવા યુ.એસ. ટેરિફ અમલમાં આવ્યા બાદના અઠવાડિયામાં જ સ્થાનિક ગ્રાહકોએ કંપનીનો સીધો સંપર્ક કરીને ઓર્ડર આપવાના શરૂ કરી દીધા છે, જેનાથી ગ્રાહકો તરફથી મળતા સીધા ઓર્ડરમાં મોટો ઉછાળો આવ્યો છે.


# તાંબાનું મૂલ્ય વધતાં EV ચાર્જરની ચોરીમાં વધારો

## સરકારના 2040 સુધીમાં 90% EV વાહનોના લક્ષ્યાંક સામે સુરક્ષાનો મોટો પડકાર

**ઓટાવા**

કેનેડા સરકાર દ્વારા વર્ષ ૨૦૪૦ સુધીમાં દેશમાં ૯૦ ટકા ઇલેક્ટ્રિક વાહનો અપનાવવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, પરંતુ હાલમાં દેશભરમાં EV ચાર્જિંગ સ્ટેશનોમાંથી થઈ રહેલી ચોરીઓ એક મોટો અને ગંભીર મુદ્દો બનીને ઉભરી આવી છે.

EV ચાર્જિંગ કેબલ્સમાં વપરાતી અત્યંત વાહક ધાતુ તાંબાની કિંમત તાજેતરના સમયમાં સતત વધી રહી છે. ચાલુ મહિનાની શરૂઆતમાં જ તાંબાનો ભાવ પ્રતિ કિલોગ્રામ આશરે $ ૨૦.૯૯ (આશરે ૧,૭૫૦)ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગયો હતો. ધાતુના



ભાવમાં થયેલા આ અતિશય વધારાનો લાભ ઉઠાવવા માટે ચોરો હવે જાહેર અને ખાનગી ચાર્જિંગ સ્ટેશનોને લક્ષ્ય બનાવી રહ્યા છે. પ્રાંતમાં સૌથી મોટા ચાર્જિંગ નેટવર્કનું સંચાલન કરતી હાઈડ્રો-ક્યુબેકના જણાવ્યા મુજબ ચાર્જિંગ સ્ટેશનના સાધનો અને કેબલ્સમાંથી તાંબાની ચોરીના બનાવો ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં માત્ર ૯ હતા, જે ૨૦૨૬ના સમાન સમયગાળામાં બમણાંથી પણ વધીને ૨૦ પર પહોંચી ગયા છે. ચોરાયેલા ચાર્જિંગ કેબલ્સને બદલવા માટે પ્રતિ યુનિટ હજારો ડોલરનો બોજ પડે છે.ચાલુ વર્ષે જાન્યુઆરીથી જુલાઈ વચ્ચે EV ચાર્જિંગ સ્ટેશનોમાંથી કોપર વાયર ચોરીના ૧૪ બનાવો નોંધાયા હતા. જેમાં $૪૧,૫૯૦થી વધુનું નુકસાન થયું છે. આવા સંજોગોમાં 2024 સુધીમાં ૯૦ ટકા ઈવીના લક્ષ્યાંકને પડકાર ઉભો થયો છે. બી.સી. હાઈડ્રોના પ્રવક્તા સુસી રીડરે જણાવ્યું હતું કે, "કેબલ્સમાં વપરાતું તાંબુ મૂલ્યવાન હોવાથી તેને ચોરીનું લક્ષ્ય બનાવાય છે. અમારું ચાર્જિંગ નેટવર્ક ૨૪/૭ ખુલ્લું હોવાથી દરેક જગ્યાએ એકસરખો ઉકેલ શક્ય નથી.

# ક્ષમાપના, તપ અને આત્મશુદ્ધિનું મહાપર્વ : પર્યુષણ

જૈન ધર્મ એ માત્ર સિદ્ધાંતોનો સમુચ્ચય નથી, પરંતુ આત્માના ઉદ્ધાર માટેનો એક સક્રિય જીવનમાર્ગ છે. સંસારના મોહ માયા, ધમાલ અને દૈનિક વ્યવહારોમાં લિપ્ત થઈ ગયેલા માનવ મનને ફરી એકવાર અંતર્મુખ કરવાનો ધાર્મિક ઉત્સવ એટલે 'પર્યુષણ પર્વ'. વર્ષમાં આવતાં તમામ પર્વોમાં પર્યુષણ મહાપર્વનું સ્થાન સર્વોપરી છે, કારણ કે આ ઉત્સવ કોઈ બાહ્ય આડંબર, રોશની કે ભૌતિક આનંદનો નથી, પરંતુ આત્માના શુદ્ધીકરણ અને અંતરના ત્રાસદીભર્યા ભાવોને શાંત કરવાનો આત્મિક ઉત્સવ છે.

પર્યુષણ શબ્દ 'પરિ' અને 'વસ' ધાતુ પરથી બન્યો છે, જેનો અર્થ થાય છે 'ચારે બાજુથી હટીને આત્માની નજીક વસવું' અથવા 'કષાયોનું શમન કરવું'. આ પર્વ ચોમાસાના કાળમાં આવતું હોવાથી સાધુ-સાધ્વીજી ભગવંતો એક જ સ્થાને સ્થિર થઈને કલ્પસૂત્રનું વાંચન અને સંયમનો માર્ગ દાખવે છે. શ્વેતાંબર પરંપરામાં આ ઉત્સવ 8 દિવસ સુધી અને દિગંબર પરંપરામાં 10 દિવસ સુધી (દશલક્ષણ પર્વ તરીકે) મનાવવામાં આવતો હોય છે.



### પર્યુષણ પર્વનું મૂળ ધાર્મિક રહસ્ય

સામાન્ય રીતે પર્વો ઉજવણી માટે હોય છે, પરંતુ પર્યુષણ એ 'ક્ષય' અને 'ત્યાગ'નું પર્વ છે. ક્રોધ, માન, માયા અને લોભ - આ ચાર કષાયો માણસના આત્માને મલિન કરે છે. પર્યુષણ દરમિયાન આ ચારેય દુર્ગુણો પર વિજય મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ દિવસો દરમિયાન શ્રાવકો પોતાનાં ખાન-પાન, વસ્ત્ર અને વાણી પર સંયમ રાખે છે. રાત્રિ ભોજનનો ત્યાગ, લીલોતરી શાકભાજીનો ત્યાગ અને એકાસણું, આયંબિલ કે ઉપવાસ જેવા તપ દ્વારા શરીર અને મન બંનેને શુદ્ધ કરવામાં આવે છે.

તપશ્ચર્યા માત્ર કાયાને કષ્ટ આપવા માટે નથી, પરંતુ ઈન્દ્રિયો પર વિજય મેળવવા માટેનું સાધન છે. જ્યારે શરીરને ભૌતિક સુખોથી દૂર રાખવામાં આવે છે, ત્યારે મન સહજ રીતે ઈશ્વરભક્તિ અને આત્મચિંતનમાં લીન થાય છે.

### કલ્પસૂત્ર વાંચન અને મહાવીર જન્મ વાંચન ઉત્સવ

પર્યુષણ પર્વના પાંચમા દિવસે 'કલ્પસૂત્ર' ગ્રંથનું વાંચન શરૂ થાય છે. કલ્પસૂત્ર એ જૈન પરંપરાનો એક અત્યંત પવિત્ર અને પૂજનીય ગ્રંથ છે, જેમાં 24 તીર્થંકરોનું ચરિત્ર, ખાસ કરીને 24મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું જીવનવૃત્તાંત અને સાધુ-સાધ્વીજીઓ માટેના આચાર-સંહિતાના નિયમો વર્ણવવામાં આવ્યા છે.

કલ્પસૂત્રમાં જ્યારે ભગવાન મહાવીરના જન્મનો પ્રસંગ આવે છે, ત્યારે જૈન સંઘોમાં 'મહાવીર જન્મ વાંચન ઉત્સવ' અત્યંત ભાવઉલ્લાસ અને ભક્તિભાવથી ઉજવાય છે. માતા ત્રિશલાદેવીએ જોયેલાં 14 મહાસ્વપ્નોની ઉતાર વિધિ થાય છે અને ભક્તો પ્રભુ મહાવીરના અહિંસા, કરુણા અને અપરિગ્રહના સંદેશાઓને પોતાના જીવનમાં ઉતારવાનો સંકલ્પ લે છે.

### પર્યુષણનાં પાંચ મુખ્ય કર્તવ્યો

જૈન શાસ્ત્રો અનુસાર પર્યુષણ પર્વ દરમિયાન દરેક શ્રાવકે પાંચ મુખ્ય આરાધનાઓ પર વિશેષ ભાર જરૂર મૂકવો જોઈએ.

અમારી પ્રવર્તન (અહિંસા) : કોઈ પણ જીવની હિંસા ન કરવી અને દરેક જીવ પ્રત્યે કરુણાભાવ રાખવો.

સાધર્મિક વાત્સલ્ય: પોતાના ધર્મબંધુઓ અને સાધર્મિકો પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ, આદર અને સહાયની ભાવના રાખવી.

અટ્ઠમ તપ (ઉપવાસ) : સતત ત્રણ દિવસ સુધી માત્ર ઉકાળેલા પાણીના આધારે તપશ્ચર્યા કરી મન અને શરીરની શુદ્ધિ કરવી.

ચૈત્ય પરિપાટી : જિનાલયોમાં દર્શન કરવા જવું અને પ્રભુની ભક્તિમાં લીન થવું.

ક્ષમાપના : ભૂતકાળના તમામ વેરઝેર અને અહંકાર ભૂલીને તમામ જીવો પાસે નમ્રતાપૂર્વક ક્ષમા માંગવી.

### સંવત્સરી અને મિચ્છામિ દુક્કડમ : આત્મશુદ્ધિનું શિખર

પર્યુષણ પર્વનો અંતિમ દિવસ એટલે 'સંવત્સરી'. આ દિવસને પર્યુષણનું હૃદય માનવામાં આવે છે. સંવત્સરીના દિવસે વિશેષ 'સંવત્સરી પ્રતિક્રમણ' કરવામાં આવે છે. પ્રતિક્રમણ એટલે પાછા વળવું - પાપ, ભૂલો અને કષાયોમાંથી મુક્ત થઈને ફરી પોતાના મૂળ આત્મ-સ્વરૂપ તરફ પાછા ફરવું.

સંવત્સરીની સૌથી સુંદર અને અદ્ભુત પરંપરા છે - 'મિચ્છામિ દુક્કડમ્'.

આ દિવસે દરેક જૈન વ્યક્તિ નાના-મોટા, શત્રુ-મિત્ર કે પશુ-પંખી સહિત વિશ્વના તમામ જીવો પાસે પોતાના મન, વચન અને કાયાથી થયેલી ભૂલો માટે ક્ષમાયાચના કરે છે.

**ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે**
**મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ**

એટલે કે, હું વિશ્વના તમામ જીવોને ક્ષમા આપું છું અને તમામ જીવો મને ક્ષમા કરે. મારી સઘળા જીવો સાથે મૈત્રી છે, મારે કોઈની સાથે વેર નથી.

આ શબ્દો માત્ર મુખમાંથી બોલવાના નથી હોતા, પરંતુ હૃદયની ગહેરાઈમાંથી અહંકારનો ત્યાગ કરીને બોલવાના હોય છે. વેરઝેરના ઝાડને મૂળમાંથી કાપી નાખવાની આ એક અદ્વિતીય પ્રક્રિયા છે.

### વર્તમાન સમયમાં પર્યુષણનો સંદેશ

આજના આધુનિક, દોડધામ ભરેલા અને તણાવપૂર્ણ જીવનમાં પર્યુષણ પર્વનું મહત્ત્વ બમણું થઈ જાય છે. જ્યાં માણસ ભૌતિક સંપત્તિ ભેગી કરવામાં અને માનસિક અશાંતિમાં જીવી રહ્યો છે, ત્યાં પર્યુષણ આપણને 'પરિગ્રહ' (સંગ્રહવૃત્તિ) ઘટાડવાની અને 'સંતોષ' કેળવવાની શીખ આપે છે.

પર્યુષણ પર્વ એ માત્ર જૈનો પૂરતું સીમિત ન રહેતાં સમગ્ર માનવજાત માટે શાંતિ, સદ્ભાવના અને અહિંસાનો સુવર્ણ માર્ગ છે. જો આપણે આ પર્વના મૂળ આત્માને સમજીને ક્રોધ, ઈર્ષ્યા અને અહંકારનો ત્યાગ કરી શકીએ, તો જ સાચા અર્થમાં પર્યુષણની ઉજવણી સાર્થક ગણાશે.

વ્યસ્ત માર્ગો પર વાહન વ્યવહાર પૂર્વવત કરવા પ્રાંત સરકારનો મોટો નિર્ણય

# ટોરોન્ટોમાં બાઈક લેન દૂર કરવાનો માર્ગ મોકળો

## અપીલ કોર્ટના ચુકાદા બાદ ફોર્ડ સરકાર એક્શનમાં

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોની અપીલ કોર્ટના ચુકાદા બાદ ડગ ફોર્ડ સરકારે ટોરોન્ટોના સૌથી વ્યસ્ત રસ્તાઓ પરથી બાઈક લેન હટાવીને વાહન વ્યવહાર માટેની લેન પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરી છે. પ્રાંત સરકારે મંગળવારે જાહેરાત કરી હતી કે, બ્લૂર સ્ટ્રીટ, યોંગ સ્ટ્રીટ, યુનિવર્સિટી એવન્યુ, ક્વીન્સ પાર્ક, ક્વીન્સ પાર્ક ક્રેસન્ટ અને એવન્યુ રોડ જેવા વિસ્તારોમાં અગાઉ બંધ કરાયેલી મોટર વાહન લેન ફરી શરૂ કરવામાં આવશે.

અગાઉ જુલાઈ ૨૦૨૫માં નીચલી અદાલતે બાઈક લેન હટાવવા પર રોક લગાવી હતી. પરંતુ ઓગસ્ટમાં ઓન્ટેરિયોની અપીલ કોર્ટે ફોર્ડ સરકારની તરફેણમાં ચુકાદો આપીને ૧૯ કિલોમીટર લાંબી સુરક્ષિત બાઈક લેન હટાવવાની મંજૂરી આપી દીધી હતી.

પ્રાંત સરકાર તરફથી બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર બ્લૂર સ્ટ્રીટ વેસ્ટ પર ક્લિસોલ્ડ રોડ નજીકના ૬૦૦ મીટરના વિભાગમાં વાહન લેન પુનઃસ્થાપિત કરવાનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી રહ્યું છે. આ એ જ વિસ્તાર છે, જ્યાં ડિસેમ્બર ૨૦૨૫માં વાહન લેન પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. પ્રાંતે અન્ય વ્યસ્ત રસ્તાઓના વિવિધ વિસ્તારોમાં ડિઝાઈનના વિકલ્પો અને અભ્યાસ માટે પ્રસ્તાવો પણ મંગાવ્યા છે, જેમાં જરૂરિયાત મુજબ બાઈક લેન જાળવવી કે તેનું પુનર્ગઠન કરવું તેની તપાસ કરાશે. મંગળવારે પત્રકાર પરિષદને સંબોધતા ઓન્ટેરિયોના પરિવહન મંત્રી પ્રભમીત સરકારિયાએ સ્પષ્ટ કર્યું હતું કે, બ્લૂર સ્ટ્રીટ વેસ્ટ જેવા મુખ્ય રસ્તાઓ પર બાઈક લેન જ શહેરની ભારે ભીડભાડ અને ટ્રાફિક જામનું મુખ્ય કારણ છે. અમે સ્થાનિક સમુદાયના સભ્યો અને વેપારીઓ સાથે વાતચીત કરી છે. આ બાઈક લેનના કારણે સ્થાનિક ધંધા-રોજગાર પર માઠી અસર પડી છે અને લોકો ડાઉનટાઉન તરફ આવતા અચકાય છે. ટ્રાફિકની ગંભીર સમસ્યા નિવારવા વાહન લેન પુનઃસ્થાપિત કરવી અનિવાર્ય છે. તેમણે જણાવ્યું કે ૬૦૦ મીટરના વિભાગમાં કાર લેન પાછી લાવવા માટે સૌથી ઓછી કામગીરીની જરૂર પડશે. કઈ બાઈક લેન હટાવવી તે અંગે નિર્ણય લેતી વખતે સરકારિયાએ કહ્યું કે "વાહન લેન"ને જ પ્રાથમિકતા આપવામાં આવશે. જોકે, જ્યાં બંને લેન એકસાથે શક્ય હશે ત્યાં વિચારણા કરાશે. સાયકલ સવારોની સુરક્ષા અંગે તેમણે આશ્વાસન આપ્યું હતું કે રોડના સામાન્ય નિયમો યથાવત રહેશે.

ટેરિફ નીતિથી ટ્રમ્પ મોંઘવારીના ચક્કરમાં ફસાયા

# આર્થિક સંકટ ઘેરાતાં બજારનું કુલ દેવું વધી જીડીપીના 120 ટકાને પાર પહોંચ્યું

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પનો ટેરિફનો દાવ ઊંધો પડયો છે. આક્રમક નાણાકીય નીતિના જોરે બીજા દેશોને દબાવવા નીકળેલા ટ્રમ્પ તેના કારણે ઘરઆંગણે જ ફસાયા છે. તેમની આ નીતિઓના કારણે ટ્રમ્પે હવે ઘરઆંગણે જ ભારે મોંઘવારી, મોંઘા ઋણ અને બજારમાં સુસ્તીનો સામનો કરવાનો આવ્યો છે. અમેરિકન બજારને તેમણે ઠપ કરી દીધો છે. બેરોજગારીના આંકડા દિનપ્રતિદિન વધતા જાય છે. અમેરિકાનું અર્થતંત્ર આજે બધી બાજુથી મંદીમાં સપડાઈ ગયું છે. અમેરિકન અર્થતંત્રએ ચાર-ચાર મોરચે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. અમેરિકાએ વિશ્વને બચાવવાના નામે યુરોપ, ભારત અને ચીન પર ભારે ટેરિફ નાખ્યા. અમેરિકાનું ધ્યેય બીજા દેશોને આર્થિક ફટકો મારવાનું હતું, પરંતુ હવે તેનો સીધો બોજ અમેરિકન કંપનીઓ અને તેના ગ્રાહકો પર આવી રહ્યો છે. અમેરિકન કંપનીઓ પાસે જમા સ્ટોક ખતમ થવાની સાથે જ તેણે હવે ટેરિફના લીધે મોંઘી આયાત કરવી પડી રહી છે. તેના કારણે અમેરિકામાં મોંઘવારી ફરીથી બેકાબૂ થઈ રહી છે.

# USAમાં એપાર્ટમેન્ટમાં અંધાધૂંધ ગોળીબાર થતાં હુમલાખોર સહિત 3 નાગરિકોના મોત

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટુકડી પર ફાયરિંગ થતાં 3 જવાનો ગંભીર ઘાયલ

**અમેરિકા**



અમેરિકાના મિનેપોલિસ શહેરમાં એક બહુમાળી એપાર્ટમેન્ટમાં થયેલા લોહિયાળ ગોળીબારમાં હુમલાખોર સહિત 3 લોકોના મોત થયા છે અને અન્ય નાગરિકો ઘવાયા છે. 15 ઈસ્ટ ગ્રાન્ટ સ્ટ્રીટ સ્થિત ઈમારતમાં ગોળીબારની સૂચના મળતાં જ સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં હાજર બંદૂકધારી શખ્સે પોલીસ પર પણ અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ સામસામે થયેલી અથડામણમાં 1 વ્યક્તિનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે અન્ય 1 વ્યક્તિએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો.

સુરક્ષા દળોની જવાબી કાર્યવાહી દરમિયાન હુમલાખોર પણ ઠાર મરાયો હતો. હુમલામાં 3 પોલીસકર્મી ઘાયલ થયા છે, જે પૈકી એક જવાનને પગમાં અને બીજાને પેટના ભાગે ગોળી વાગી હતી. તમામ ઈજાગ્રસ્ત જવાનોને તાત્કાલિક હેનેપિન હેલ્થકેર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક પ્રશાસન અને ઉચ્ચ અધિકારીઓએ આ મામલે તપાસ શરૂ કરી છે.

# કોન્ગોમાં ઈબોલા વાયરસના હાહાકારને લીધે મૃત્યુઆંક 3000ને પાર થતાં લોકોમાં ફફડાટ

સરહદી વિસ્તારોમાં 23 મિલિયન નાગરિકોનું આરોગ્ય પરીક્ષણ હાથ ધરાયું

**કિન્શાસા**

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં જીવલેણ ઈબોલા વાયરસનો પ્રકોપ સતત વધતાં અત્યાર સુધીમાં મૃત્યુઆંક 3000 ને વટાવી ગયો છે. વિશ્વ આરોગ્ય સંગઠને આશંકા વ્યક્ત કરી છે કે આ પ્રકોપ ઈતિહાસના સૌથી ભયાનક રોગચાળાને પણ પાછળ છોડી શકે છે. હાલમાં આ વાયરસ સામે કોઈ ચોક્કસ માન્ય રસી કે સચોટ સારવાર ઉપલબ્ધ નથી. અન્ય પ્રકારોની તુલનામાં તેના પ્રારંભિક



લક્ષણો પ્રમાણમાં હળવા જણાતા હોવાથી લોકો સમયસર હોસ્પિટલ પહોંચવામાં વિલંબ કરી રહ્યા છે, જેના કારણે મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું છે. આ ઉપરાંત દેશ હાલમાં બેવડા સંકટનો સામનો કરી રહ્યો છે. પૂર્વીય ક્ષેત્રમાં ભીષણ હિંસા ફાટી નીકળતાં મોટી સંખ્યામાં નાગરિકો પલાયન કરી રહ્યા છે, જેથી વાયરસ ઝડપથી અન્ય વિસ્તારોમાં પ્રસરી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રના રાહત કાર્યકરોને આ અશાંત પરિસ્થિતિમાં કામગીરી કરવામાં ભારે મુશ્કેલીઓ નડી રહી છે. પરિસ્થિતિને નિયંત્રિત કરવા આંતરરાષ્ટ્રીય સ્થળાંતર સંગઠને કોંગો અને પડોશી દેશોમાં આશરે 23 મિલિયન લોકોની તબીબી તપાસ હાથ ધરી છે.

# પીએમ મોદી અને ઈરાની પ્રમુખની મુલાકાતને પગલે અમેરિકા ભડક્યું

નેતાઓએ પશ્ચિમ એશિયાની પ્રવર્તમાન પરિસ્થિતિ વિવાદ પર ચર્ચા કરી હતી

**નવી દિલ્હી**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભારે વિવાદ અને તંગદિલી વચ્ચે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ વિશ્વના દેશોને ખુલ્લી ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન પર લાદવામાં આવેલા અમેરિકન પ્રતિબંધોમાંથી તેને બચાવવાનો પ્રયાસ કરનાર કે તેની સાથે વેપાર કરનાર કોઈ પણ દેશ પર ટ્રમ્પ પ્રશાસન કડક પ્રતિબંધો લગાવતા ખચકાશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈર-બનના પ્રમુખ મસૂદ પેઝેશિક્યાન વચ્ચે થયેલી તાજેતરની બેઠક બાદ આ નિવેદન સામે આવ્યું છે.ભૌગોલિક નકશા તપાસોબિશકેકમાં જીઝ સમિટ દરમિયાન વડાપ્રધાન મોદી અને ઈરાની પ્રમુખ પેઝેશિક્યાન વચ્ચે થયેલી બેઠક અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે હાલ કોઈ નવી ટ્રેડ ડીલ થઈ હોય તેવું તેમને લાગતું નથી. પરંતુ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નીતિ સ્પષ્ટ કરી છે કે કોઈ પણ દેશે ઈરાનને અમેરિકન પ્રતિબંધોથી બચાવવામાં મદદ ન કરવી જોઈએ.

# 26 દિવસ સુધી સમુદ્રમાં ભટકતી રહી બોટ: સ્પેન પાસે 80 પ્રવાસીઓના મોતની આશંકા

**કેનેરી આઈસલેન્ડ**

સ્પેનના કેનેરી ટાપુઓ નજીક શરણાર્થીઓથી ભરેલી એક બોટ ગંભીર અકસ્માતનો ભોગ બની છે. એટલાન્ટિક મહાસાગરમાં મળેલી આ બોટ દુર્ઘટનામાં એક બાળક સહિત આશરે 80 જેટલા લોકોના મોત થયા હોવાની આશંકા છે. સ્પેનિશ મેરીટાઈમ રેસ્ક્યુ સર્વિસ(સાલ્વામેન્ટો મેરિટિમો)ના જણાવ્યા અનુસાર, આ બોટ ગ્રેન કેનેરિયા ટાપુથી લગભગ 120 કિલોમીટર દક્ષિણમાં મળી આવી હતી અને તે આશરે 26 દિવસથી દરિયામાં રસ્તો ભટકી ગઈ હતી. આ બોટમાં શરૂઆતમાં કુલ 128 મુસાફરો સવાર હતા, જેઓ ગેમ્બિયાથી કેનેરી ટાપુઓ તરફ જવા નીકળ્યા હતા. જોકે જ્યારે બચાવ ટુકડી ત્યાં પહોંચી ત્યારે માત્ર 45 લોકો જ જીવતા મળ્યા હતા અને 5 મૃતદેહ બોટ પર હતા.

# ભારતને ક્રૂડ ઓઈલ આપવામાં રશિયા અને LPGમાં યુએસનો હિસ્સો નોંધપાત્ર

**નવી દિલ્હી**

ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન ભારતની ઊર્જા આયાતના આંકડાઓમાં એક અગત્યનો અને રસપ્રદ વ્યૂહાત્મક બદલાવ જોવા મળ્યો છે. પ શ્ચિમી દેશોના કડક પ્રતિબંધો અને વૈશ્વિક દબાણ હોવા છતાં, ભારતીય રિફાઈનરીઓ માટે રશિયા ક્રૂડ ઓઈલની સપ્લાય કરનારો સૌથી મોટો દેશ બની રહ્યો છે. યુક્રેનના હુમલાઓના કારણે રશિયાની ઘરઆંગણાની રિફાઈનરીઓને મોટું નુકસાન પહોંચ્યું છે. આ સ્થિતિના કારણે એક અનોખી વેપારી ઘટના સામે આવી છે, જેમાં ભારત, તૂર્કીયે અને મોરક્કો સાથે મળીને રશિયાને જ પેટ્રોલ (ગેસોલીન) અને ડીઝલની નિકાસ કરનારા પ્રમુખ દેશોમાં સામેલ થઈ ગયું છે. ઓગસ્ટ મહિના દરમિયાન ભારત દ્વારા આયાત કરવામાં આવેલી કુલ ૧૧ લાખ (૧.૧ મિલિયન) ટન એલપીજીમાંથી એકલા અમેરિકાનો હિસ્સો જ લગભગ ૫૧ ટકા (૦.૬ મિલિયન ટન) રહ્યો હતો. અખાતી દેશો પર નિર્ભરતા ઘટતા અમેરિકા બાદ સંયુક્ત અરબ અમિરેટ્સ અને અલ્જીરિયા અનુક્રમે ૦.૧ મિલિયન ટન સાથે અન્ય મુખ્ય સપ્લાયર રહ્યા હતા.આ જ રીતે, ભારતના ન્દ્રિય માર્કેટમાં પણ અમેરિકન ગેસનું વર્ચસ્વ સ્પષ્ટપણે જોવા મળ્યું છે.

# AI આધારિત વધતા સાયબર હુમલા રોકવા ઓપનએઆઈની સુરક્ષા મજબૂત કરવા અપીલ


**કેલિફોર્નિયા**

કેલિફોર્નિયામાં OpenAIએ કોલ ફોર કલેક્ટિવ એક્શન ઓન સાયબર ડિફેન્સ મુદ્દે ચેતવણી આપી કે વધતી ક્ષમતા વચ્ચે એઆઈ આધારિત સાયબર હુમલા વધુ જટિલ બની શકે છે. આ જોખમને લીધે બેંકો, હોસ્પિટલો, પાણી પુરવઠા અને ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવી સેવાઓ પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. કંપનીએ સરકાર અને ટેક ક્ષેત્રને સાથે મળીને જૂના સોફ્ટવેર, વધુ પડતી એક્સેસ પરમિશન અને નબળી ઓથેન્ટિકેશન જેવી વસ્તુઓ સુધારવા જણાવ્યું છે. આંતરિક પરીક્ષણ દરમિયાન તેના એઆઈ એજન્ટ્સે નિયંત્રણો ઓળંગીને હગિંગ ફેસની સિસ્ટમ્સમાં ઘૂસણખોરી કરી સર્વર, વ્યક્તિગત માહિતી અને મેસેજિંગ પ્લેટફોર્મના ક્રેડેન્શિયલ મેળવી લીધા હતા.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Must see! 161 Heather Court in Oshawa features bright, spacious rooms, private outdoor entertaining and play areas, ample parking, and more. The main floor features three bedrooms and a generous-sized bathroom. On the lower level, another bedroom and bathroom offer potential as an in-law suite. Well maintained throughout, the laminate and tile floors make cleaning a breeze. Large picture windows throughout the main living space look out onto your private oasis in the backyard. Extras include a large laundry room, a guest-ready bar area on the lower level, and storage galore in the kitchen. This home shouldn't be missed.




Stunning Detached Home In Highly Desirable Northeast Ajax. Needs to be seen! Close to schools, shops, and rec. center. This warm, inviting, family-friendly home features an open-concept living and dining combination. A cozy family room equipped with a fireplace. Generously sized bedrooms. Conv. 2nd-level laundry. A large backyard with a deck perfect for BBQs. This home is move-in ready! Smart thermostat, doorbell, smoke alarm, water softener. HWT (O), furnace (2019), deck & garden shed (2019), roof (2025), freshly painted, new window coverings, new kitchen & washroom quartz countertops.




Welcome to a beautifully maintained detached family home offering an abundance of space, natural light, and exceptional versatility in the heart of Ajax. Designed with growing families in mind, this spacious home features separate living, dining, and family room, with a cozy gas fireplace creating the perfect gathering space. The large kitchen offers ample cabinetry, generous counter space, and a bright breakfast area overlooking the backyard-ideal for everyday living and entertaining. Boasting 5 bedrooms and 4 bathrooms, this home provides plenty of room for the entire family. The fully finished basement apartment offers excellent rental income potential and includes a tenant who is willing to stay, making it a fantastic opportunity for investors or homeowners looking to offset their mortgage. Location is everything, and this home truly delivers. Situated in one of Ajax's most convenient and family-friendly neighbourhoods, you're just steps to public transit, shopping, schools, parks, Ajax Community Centre, with quick access to Highway 401. This home offers the perfect combination of comfort, convenience, and value. This is one home you won't want to miss!



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.